ignou
THE PEOPLE'S
UNIVERSITY
ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય
મુક્ત વિશ્વવિદ્યાલય
માનવવિદ્યા વિદ્યાભવન

BGULA-135
Modern Indian Language-Gujarati
આધુનિક ભારતીય ભાષા-ગુજરાતી

ખંડ

# ૩

# ગુજરાતી સાહિત્યનો પરિચય


એકમ : ૧
ગુજરાતી કાવ્ય

એકમ : ૨
ગુજરાતી ટૂંકીવાર્તા

એકમ : ૩
ગુજરાતી એકાંકી

એકમ : ૪
ગુજરાતી નિબંધ

એકમ : ૫
ગુજરાતી નવલકથા પ્રકરણ

## EXPERT COMMITTEE

Prof. Satish Vyas
Retd. Professor
Dept. of Gujarati
Gujarat University
Ahmedabad

Prof. Kirtida Shah
Retd. Dean
Dept. of Gujarati
Gujarat University
Ahmedabad

Prof. Alok Gupta
Dean, Center for Studies in Hindi Language and Literature
School Of Language, Literature And Culture Studies
Central University of Gujarat
Gandhinagar - Gujarat

Dr. Dhwanil Parekh
Assistant Professor, Department of Gujarati, M.D.
Gramseva Mahavidyalaya Gujarat Vidyapith,
Sadra
Dist. Gandhinagar, PIN- 382320

## PROGRAMME COORDINATOR

Prof. Malati Mathur
Director, School of Humanities
IGNOU, New Delhi – 110 068

## BLOCK PREPARATION

| Block & Unit | Writer |
|---|---|
| Block-1 Unit 1,2 | Dr.Ajay Rawal<br>Associate Professor<br>Umiya Arts College<br>Ahmedabad |
| Block-1 Unit 3,4 | Prof.Yogendra Parekh<br>Dean, Dept. of Gujarati<br>Gujarat University<br>Ahmedabad |
| Block-2 Unit-1,2 | Dr. Niloptala Gandhi<br>Dept. of Liguistics<br>Gujarat University<br>Ahmedabad |
| Block-2 Unit-3,4 | Prof. Kirtida Shah<br>Retd. Dean<br>Dept. of Gujarati<br>Gujarat University<br>Ahmedabad |
| Block-3 Unit-1 | Prof. Satish Vyas<br>Retd. Professor<br>Dept. of Gujarati<br>Gujarat University<br>Ahmedabad |
| Block-3 Unit-2,3 | Dr. Dhwanil Parekh<br>Assistant Professor, Department of Gujarati, M.D. Gramseva Mahavidyalaya<br>Gujarat Vidyapith<br>Sadra, Dist. Gandhinagar, PIN- 382320 |
| Block-3 Unit -4 | Prof. Alok Gupta, Dean, Center for Studies in Hindi Language and Literature,<br>School Of Language, Literature And Culture Studies,<br>Central University of Gujarat<br>Gandhinagar - Gujarat |
| Block-3 Unit-5 | Dr.Ajay Rawal<br>Associate Professor<br>Umiya Arts College<br>Ahmedabad |

COURSE EDITOR
Prof. Bhagirath R Brahmbhatt
Emeritus Professor (Retd)
Sardar Patel University
Vallabh Vidyanagar, Gujarat

## PRINT PRODUCTION:

Indira Gandhi National Open University, Regional Centre, Ahmedabad has played the role of a Coordinator in translation and printing of the activity of BGULA-135
Printed at - Sharda Mudranalay, Ambawadi, Ahmedabad - 380006

January 2021 @ Indira Gandhi National Open University, 2021
ISBN-
*All rights reserved..No Part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*
*Further information about the Indira Gandhi National Open University courses may be obtained from the University's office at Maidan Garhi, New Delhi – 110 068, or the official website of IGNOU www.ignou.ac.in*

*Printed and published on behalf of the Indira Gandhi National Open University, New Delhi, by Registrar, MPDD.*
*Laserset by:*

## પાઠ્યક્રમ પરિચય

ગુજરાતીના આધાર પાઠ્યક્રમના અધ્યયનમાં કુલ ૧૩ એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પાઠ્યક્રમ માટે ૬ ક્રેડિટ નક્કી કરવામાં આવી છે.

પ્રસ્તુત પાઠ્યક્રમ ભાષા અને સાહિત્યલક્ષી છે. અહીં ભાષાનાં મૂળભૂત ચાર કૌશલ્યો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે એ કૌશલ્યો છે. સાંભળીને સમજવું, વાંચવું, બોલવું અને લખવું આ પાઠ્યક્રમની મદદથી ચારેય કૌશલ્યોનો વિકાસ થાય તે લક્ષ્ય રાખવામાં આવ્યું છે તથા સાહિત્યિક સ્વરૂપોનો ક્રમિક પરિચય થાય તથા વિદ્યાર્થીની સાહિત્યિક સમજ કેળવાય અને ઇતિહાસનો પણ ખ્યાલ આવે તે હેતુઓને ધ્યાનમાં રાખી સાહિત્યિક કૃતિઓનો પણ સમાવેશ કર્યો છે. તદુપરાંત ગુજરાતી ભાષાના ઉદ્ભવ અને વિકાસની ઐતિહાસિક સામગ્રી પણ આપવામાં આવી છે.

### ખંડ-૧ ગુજરાતી ભાષા અને સાહિત્યનો ઇતિહાસ

૧. ગુજરાતી ભાષાનો ઉદ્ભવ

૨. ગુજરાતી ભાષાનો વિકાસ

૩. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય

૪. અર્વાચીન ગુજરાતી સાહિત્ય

### ખંડ-૨ પ્રયોજનમૂલક ભાષા

૧. શબ્દરચના – વિનિયોગ

૨. વાક્ય અને વાક્યરચના

૩. લેખનકૌશલ

૪. વાક્કૌશલ

### ખંડ-૩ ગુજરાતી સાહિત્યનો પરિચય

૧. કાવ્ય

૨. ટૂંકીવાર્તા

૩. એકાંકી

૪. નિબંધ

૫. નવલકથા (પ્રકરણ)

ignou THE PEOPLE'S UNIVERSITY

## અભ્યાસ અને માર્ગદર્શન

૧. આ વિભાગમાં સાહિત્ય સ્વરૂપ અનુસાર કૃતિઓનો પરિચય કરાવાયો છે, જેમાં કુલ પાંચ સાહિત્ય સ્વરૂપોની કૃતિઓ છે. કાવ્ય, નવલિકા, એકાંકી, નિબંધ અને નવલકથા (પ્રકરણ) છે. તેનો પરિચય અને તે અંગેના કેટલાક સ્વાધ્યાયો છે.

૨. એકમ સામગ્રીના હેતુઓ ધ્યાનમાં રાખી વાચનસામગ્રી વાંચો. હેતુઓ સિદ્ધ થાય એમાં તમારા અભ્યાસની સાર્થકતા છે. તમે આપેલી કૃતિનું સ્વપ્રયત્ને એકાગ્રતાપૂર્વક અધ્યયન કરી કૃતિનો મર્મ પામો અને પછી સ્વાધ્યાય કાર્ય કરો.

૩. એકમની કૃતિનો અભ્યાસ શરૂ કરતાં પહેલાં એના અંગેની ભૂમિકા મનમાં સ્પષ્ટ થાય તે જરૂરી છે. આ દષ્ટિએ કૃતિ પૂર્વે આપેલી પ્રસ્તાવના ધ્યાનથી વાંચો, જેથી કૃતિને પામવામાં સરળતા રહેશે.

૪. પ્રસ્તાવનાને કેન્દ્રમાં રાખી આપેલી કૃતિ ધ્યાનપૂર્વક વાંચો, કૃતિમાં આવતા કેટલાક અપરિચિત શબ્દો, વાક્યો, કહેવત, રૂઢિપ્રયોગ, અલંકાર વગેરેની સમજ પણ કૃતિને અંતે છે. કૃતિ વાંચતી વખતે મુશ્કેલી પડે તો તમે ટિપ્પણ પણ જોઈ શકો છો.

૫. કૃતિનું ધ્યાનપૂર્વક સક્રિયપણે વાચન કર્યા પછી તેનો સારાંશ એક વાર જોઈ જવો, તમે તારવીને રાખેલો સારાંશ કૃતિના સારાંશ સાથે સરખાવો, જો કશુંક ખૂટતું હોય તો પુનઃ વાચન કરો.

૬. કૃતિનો સઘન પરિચય મેળવ્યા પછી કૃતિ તમને આત્મસાત થઈ ગયેલી લાગશે અને તેની વિગતવાર ક્રમિક માહિતી પણ તમને સમજાઈ જશે. ત્યારબાદ તેનો સ્વાધ્યાય સમજી વિચારીને કરો.

૭. કૃતિમાં આવતી ભાષાકીય સામગ્રી અંગે પણ તમારે ધ્યાન રાખવાનું છે. કૃતિનો અભ્યાસ કરતાં, આવતા પરિચિત અને અપરિચિત શબ્દો, રૂઢિપ્રયોગ, કહેવત, અલંકારો વગેરે સામગ્રી કૃતિને કેવી ઉપકારક બને છે તે પણ સમજવું જરૂરી બને છે.

૮. જે-તે એકમમાં તમે જે કૃતિનો અભ્યાસ કર્યો તેના સાહિત્ય સ્વરૂપ વિશે, સર્જક વિશે, તેમજ એ એકમના સંદર્ભે બીજું શું-શું વાંચવું એ વિશે જિજ્ઞાસા પણ થશે. આ અંગેનું માર્ગદર્શન વિશેષ અધ્યયનમાંથી મળી રહેશે. એના દ્વારા વિશેષ માહિતી અન્યત્રથી પ્રાપ્ત કરીને પણ તમે તમારો અભ્યાસ સઘન કરી શકો છો.

૯. કૃતિને અંતે વિદ્યાર્થીની સમજ ચકાસવા સ્વાધ્યાય આપવામાં આવ્યા છે..

# એકમ : ૧ ગુજરાતી કાવ્ય

# વૈષ્ણવ જન તો તેને રે કહીએ

**પ્રકરણની રૂપરેખા**


૧.૧ હેતુઓ

૧.૨ પ્રસ્તાવના

૧.૩ કૃતિ (કાવ્ય)

૧.૪ સારાંશ

૧.૫ કૃતિનું ક્રિયાત્મક અધ્યયન

૧.૫.૦ ભૂમિકા

૧.૫.૧ ખંડ : ૧

૧.૫.૨ ખંડ : ૨

૧.૫.૩ ખંડ : ૩

૧.૫.૪ ખંડ : ૪

૧.૫.૫ ખંડ : ૫

*તમારી પ્રગતિ ચકાસો -૧

૧.૬ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ (સ્વાધ્યાય : )

*તમારી પ્રગતિ ચકાસો - ૨, ૩, ૪, ૫,

૧.૭ લેખનપ્રવૃત્તિ

૧.૮ વિશેષ અધ્યયન

૧.૧૦.૧ કર્તા-પરિચય

૧.૧૦.૨ ટિપ્પણ

૧.૧૦.૩ વિશેષ વાચન


## ૧.૧ હેતુઓ

આ કાવ્યના અભ્યાસ દ્વારા તમે –

- મધ્યકાળમાં ભારતીય – ગુજરાતી સંસ્કૃતિમાં ભજનપરંપરા કેવી હતી તે જાણી શકશો.
- એ સમયના કવિ-ભજનિકો પ્રજાને કેવો સંદેશ આપતા તે જાણી શકશો.
- શિક્ષણ કે તાલીમ વગરની આ પ્રજા સામે એવા જ પરંપરાગત શિક્ષણ ન મેળવેલા કવિઓ કોઠાસૂઝથી અને અનુભવથી જે ભાષાપ્રયોગો કરતા એની જાણકારી મેળવી શકશો.
- કાવ્યના લય ઉપર કવિ કેવો કાબૂ ધરાવતા હતા એની જાણકારી મેળવશો.
- પ્રજા પાસે કવિની કેવી અપેક્ષા હતી એની સમજ પ્રાપ્ત કરશો.
- કાવ્ય દ્વારા લોકશિક્ષણ કઈ રીતે અપાતું હતું એની વિગતો જાણી શકશો.
- એ સમય (૧૪મી – ૧૫મી સદી)માં ભાષાનો પ્રયોગ કઈ રીતે થતો હતો એ જાણી શકશો.

## ૧.૨ પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યમાં નરસિંહ મહેતાને આદ્ય કવિ ગણવામાં આવે છે. અલબત્ત, એ પછીનાં સંશોધનો દ્વારા એની પૂર્વે બે સદીમાં થયેલું સાહિત્ય પણ બહાર આવ્યું હોઈ આજે એનું એ સ્થાન છિનવાઈ ગયું છે. આમ છતાં સત્ત્વ અને કવિત્વની દષ્ટિએ તો આપણો એ સમર્થ આદ્ય કવિ રહ્યો જ છે.

આ કાવ્યમાં વૈષ્ણવજનનાં લક્ષણો સરળ, લયાત્મક ભાષામાં રજૂ કરવામાં આવ્યાં છે. ભારતના સ્વતંત્રતા-આંદોલન દરમિયાન મહાત્મા ગાંધીએ આ ભજનને પોતાની આશ્રમ-ભજનાવલિમાં સમાવીને એનું ગૌરવ કર્યું હતું. આ એમનાં પ્રિય ભજનોમાંનું એક હતું. આ ભજનને માત્ર ગુજરાતમાં નહીં, પણ ગાંધીજીને કારણે સમગ્ર વિશ્વમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ છે.

## ૧.૩ કૃતિ (કાવ્ય)

**વૈષ્ણવજન**

વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે. ૧

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ-કાછ-મન નિશ્ચલ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે. ૨

સમદષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરદ્રવ્ય ન ઝાલે હાથ રે. ૩

મોહ-માયા વ્યાપે નહિ તેને, દઢ વૈરાગ્ય તેના મનમાં રે,
રામનામ-શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે. ૪

વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ જેણે માર્યાં રે,
ભણે નરસૈંયો : તેનું દર્શન કરતાં કુળ એકોતેર તાર્યાં રે. ૫

## ૧.૪ સારાંશ

‘વૈષ્ણવજન’ કાવ્ય તમે વાંચ્યું. એનો સારાંશ આ પ્રમાણે છે :

અહીં વૈષ્ણવજનનાં લક્ષણોને કાવ્યાત્મક રીતે દર્શાવવામાં આવ્યાં છે. ‘વૈષ્ણવ’ શબ્દ અહીં સાંપ્રદાયિક અર્થમાં લેવાનો નથી. અહીં તો કોઈ પણ સદ્‌ચિત્ વ્યક્તિ માટે એ પ્રયોજાયો છે. જનસામાન્યના અર્થમાં એ સ્વીકારવાનો છે. કવિએ એનાં લક્ષણોની યાદી પણ એ જ રીતે આપી છે.

સારો મનુષ્ય કોને ગણવો ? નરસિંહ પ્રથમ પંક્તિમાં જ એક વ્યાપક અને ગહન ગુણલક્ષણને આવરી લે છે, એ લક્ષણ છે : 'પીડ પરાઈ જાણે રે.' જેને પારકાની પીડાને, અન્યની વેદનાને, બીજાનાં દુઃખોને સમજતાં આવડે એને જ સાચો મનુષ્ય જાણવો. સામાન્ય મનુષ્ય તો પોતાનાં રોદણાં રડતો હોય છે અને 'સ્વ'માંથી બહાર નથી નીકળતો હોતો. એને તો પોતાની જાતમાં જ દુનિયા સમાઈ જતી લાગે છે. આવા મનુષ્ય માટે નરસિંહે પોતાના એક બીજા પદમાં 'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે' જેવા શબ્દોનો પ્રયોગ કર્યો છે. 'સ્વ' કેન્દ્રી વ્યક્તિ તો અતિ અજ્ઞાની છે. પોતાનાથી જ દુનિયા ચાલે છે એમ સમજે છે. જેમ બળદગાડા (શકટ) નીચે ચાલતો કૂતરો (શ્વાન) પોતાનાથી જ ગાડું ચાલી રહ્યું છે એમ માને, એમ જ આવા સ્વકેન્દ્રી મનુષ્યો અહંકારી બનીને રાચતા હોય છે. નરસિંહ એવા મનુષ્યની સામે 'પીડ પરાઈ જાણે'નો એક આદર્શ રજૂ કરી મનુષ્યની વ્યાખ્યાનો વિસ્તાર રજૂ કરે છે. આવો માનવી પારકાનાં દુઃખને દૂર કરીને મનમાં કશું જ અભિમાન ધરાવતો નથી. કહેવાય છે ને કે 'એક હાથે આપીએ એની બીજા હાથને ખબર પણ ન પડે' એમ અન્યને સહાયભૂત થવું જોઈએ. માનવી થવું એટલે વિનમ્ર થવું. તદ્દન સરળ ભાષામાં નરસિંહે પ્રારંભની પંક્તિઓથી જ એક પ્રકારની ઊંચાઈ સિદ્ધ કરી લીધી છે.

બીજી કડી પણ ભલે સરળ દેખાતી હોય પણ એનો મર્મ વ્યાપક છે. 'સકળ લોકમાં સહુને વંદે' અને 'નિંદા ન કરે કેની રે' જેવા સરળ લાગતા શબ્દો વ્યવહારમાં ઉતારવા સહેલા છે ખરા ? શું આપણે સર્વને નમસ્કાર કરીએ છીએ ખરા ? વળી કોઈનોયે તિરસ્કાર નથી કરતા ? આવા પ્રશ્નો જાતને પૂછવા જેવા છે. આપણે તો 'નાનો-મોટો', 'ઊંચ-નીચ' જેવા ભેદોમાં માનીએ છીએ. 'હું મોટો, તું છોટો'ની ભાવના ધરાવીએ છીએ. અહીં કવિએ કેટલી સરળ ભાષામાં કહી દીધું કે 'સહુને વંદે.' પ્રત્યેકને સ્વીકારે એટલું જ નહીં, પણ બધાંને આદર આપે. જો આપણે અન્યને આદર આપીશું તો આપણનેય એ આદર આપશે. અહીં પણ નરસિંહ વિનમ્રતા કેળવવાની શીખ જ આપણને આપે છે. વળી આવો મનુષ્ય કોઈનીયે નિંદા નથી કરતો. દરેક વ્યક્તિમાં કશીક ને કશીક ખોટ-ખામી તો હોય જ. કોઈ માનવી પરિપૂર્ણ નથી. ગાંધીજીએ કહ્યું છે એમ, 'કોઈની સામે એક આંગળી ચીંધીએ ત્યારે બાકીની ત્રણ આંગળી આપણી સામેય ચીંધાયેલી હોય છે' આપણેય પરિપૂર્ણ કે સંપૂર્ણ નથી. માણસમાત્ર અધૂરો છે. એવે

સમયે કોઈનીયે નિંદા કે ટીકા ન કરવી એ ધ્યાનમાં રાખવા જેવું છે. 'નિંદારસ' દરેકને ગમે છે. બીજાના દોષો જોઈ મનુષ્ય પોતાના દોષોને છુપાવે છે એને બદલે એવા વિકૃત રસમાંથી મુક્ત થઈ એવી વ્યક્તિને પણ સ્વીકૃતિ આપવી એમાં જ સારા માનવી થવાનું ગૌરવ છે એમ કવિ પ્રગટ કરે છે. એ પંક્તિઓમાં મનુષ્ય તરીકે કેવાં સંયમ-વિવેક પ્રગટ કરવાં એનીયે વાત કરવામાં આવી છે : 'વાચ-કાછ-મન નિશ્ચલ રાખે.' કવિએ તો આ ત્રણેય એકસાથે વણી લીધાં : વાણી, કાર્ય (કાછ) અને મનને.

મન, વચન અને કર્મને નિશ્ચલ એટલે કે સંયમી રાખે એવો વિવેક મનુષ્યે કેળવવો જોઈએ. સંસ્કૃતમાં 'मनसावाचा कर्मणा' જેવો પ્રયોગ છે. વળી 'કાછ'નો અર્થ 'કાછલી' જેનાથી માણસ પોતાની ઇન્દ્રિય ઢાંકે છે તેને પવિત્ર રાખવાનો એટલે કે બ્રહ્મચર્ય પાળવાનો અર્થ પણ લઈ શકાય. નરસિંહે આપણા એ તત્ત્વજ્ઞાનીઓની માર્મિક વાણીને અહીં જાણે કે તળપદી વાણીમાં મૂકી આપી છે. આવા મનુષ્યને જન્મ આપીને એની માતા પણ ધન્યતાનો અનુભવ કરે. સોરઠમાં એક દુહો અતિ પ્રચલિત છે : 'જનની જણ તો ભક્ત જણ હા, કાં દાતા, કાં શૂર / નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.' જો આપણે માતાનું ધાવણ લજવવું ન હોય તો નરસિંહે કહ્યાં એ લક્ષણો સુધી પહોંચવાના પ્રયત્નો કરવા જોઈએ.

ત્રીજી કડીમાંયે પ્રથમ શબ્દ તો 'સમદૃષ્ટિ' છે. કવિ અત્યંત સભાનતાપૂર્વક આવા શબ્દનો પ્રયોગ કરે છે. જે સર્વને સમાન ભાવે નીરખે એ સાચો મનુષ્ય. જેને કશાં લોભલાલચ ન હોય, વિકાર-વાસનાથી જે પર હોય ('પરસ્ત્રી જેને માત રે'), સત્યવચની હોય, પારકાના ધનને પચાવી પાડવાની વૃત્તિ ન રાખતો હોય એવા વૈષ્ણવી, સાત્ત્વિક જનની કવિને અપેક્ષા છે. કવિનાં ધોરણો કેટલાં ઊંચાં છે એ આપણે પ્રમાણી શકીએ એમ છીએ. મોહમાયાથી પર એવા વૈરાગીને કવિ, ચોથી કડીમાં, વિશેષ સ્થાન આપે છે. રામના જીવનના આદર્શો સાથે જેનો મનમેળ હોય એને તો કોઈ તીર્થસ્થાનમાં જવાની જરૂર જ રહેતી નથી. સઘળાં તીર્થ રામનામ સ્મરણમાં સમાયેલાં છે. બીજા એક પદમાં નરસિંહે કહ્યું પણ છે કે, 'શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી? શું થયું ગંગજલ પાન કીધે?' એને મન કર્મકાંડ કરતાં મર્મભાન મહત્ત્વનું છે. પ્રભુસ્મરણનો મર્મ સમજાય તો કર્મકાંડનું મિથ્યાપણું પણ સમજાય. 'રામનામ – શું તાળી લાગી' કહે છે ત્યારે એના મનમાં આવું તાદાત્મ્ય સિદ્ધ કરવાની ભાવના પડેલી

હોવાનું આપણે અનુભવી શકીએ છીએ.



અંતિમ કડીમાં એ 'વણલોભી' અને 'કપટરહિત' જેવાં લક્ષણો ગણાવે છે. કામ અને ક્રોધ જેવા દુર્ગુણો જેને સતાવતા નથી એવો મનુષ્ય પરમ વૈષ્ણવી છે. કવિએ અંતિમ પંક્તિમાં પોતાનો નામોલ્લેખ 'ભણે નરસૈંયો' શબ્દો દ્વારા કર્યો છે. ભારતીય પરંપરામાં કુલોદ્ધારનો, તર્પણનો ઘણો મહિમા છે. આવો મનુષ્ય પોતાનાં અનેક કુળોનું નામ ઉજાળે છે. 'એકોતેર કુળ તારવાં'ના રૂઢિપ્રયોગને યોજીને નરસિંહે પોતાની ભાષાસજ્જતાનો પણ પરિચય કરાવ્યો છે.

આ દસ પંક્તિઓનું ધર્મશાસ્ત્ર છે. ધર્મ આનાથી વધારે શું કહી શકવાનો ? એને માટે અનેક પૃષ્ઠોની, દૃષ્ટાંતોની આવશ્યકતા નથી. સઘળા ધર્મોનું સારતત્ત્વ આ રચનામાં સમાઈ જાય છે. નરસિંહને ગેય રાગોનો, લયનો અવશ્ય અનુભવ હશે. આખું પદ ભજનના ઢાળમાં ગાઈ શકાય એવું રચાયું છે. એમાં આવતો પ્રાસપૂરક પંક્ત્યાંત 'રે' કેટલી હળવાશ સરજી લે છે ! પ્રારંભની પંક્તિમાં ચોથે સ્થાને ગોઠવાયેલો 'રે' પણ ગેયતાનો મધુર અનુભવ કરાવે છે. પ્રાચીન પરંપરામાં તો ગેય રચનાને 'ગીતા' કહેવાનો ચાલ હતો. આ પણ એક પ્રકારની નરસિંહ-ગીતા છે એમ કહીએ તો ખોટું નથી.

## ૧.૫ ક્રિયાત્મક સઘન અધ્યયન

### ૧.૫.૦ ભૂમિકા

'વૈષ્ણવજન તો તેને રે કહીએ' કાવ્યમાં પાંચ કડીઓ છે. પ્રત્યેક કડીમાં બે પંક્તિઓ છે. આમ એ દસ પંક્તિનું કાવ્ય બને છે. કવિએ ક્રમશઃ અહીં વૈષ્ણવ જનનાં લક્ષણોને આલેખ્યાં છે. વ્યક્તિએ સાંસારિક જીવનમાં રહીને, આ ધરતી પર સંવાદિતાપૂર્વક જીવવું હોય અને જીવ્યું સાર્થક કરવું હોય તો કયા ગુણો કેળવવા જોઈએ એની વાત કવિ એમની લાક્ષણિક શૈલીએ અહીં રજૂ કરે છે.

### ૧.૫.૧ ખંડ-૧

પ્રથમ કડીમાં જ કવિએ પોતાને જે સ્થાપના કરવી છે એ ભવ્ય ઉઠાવ સાથે કરી દે છે. પ્રથમ પંક્તિના પ્રથમ ચરણમાં 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ' કહ્યા પછી એ શબ્દો કાવ્યની બધી જ કડીઓને લાગુ પાડવાના છે. કવિએ બધી પંક્તિઓમાં એ મૂક્યા નથી, પણ કાવ્ય

વાંચતાંની સાથે જ આપણને એ સમજાય છે કે એ શબ્દો સર્વત્ર છવાયેલા છે. પ્રથમ પંક્તિના બીજા ચરણમાં 'જે પીડ પરાઈ જાણે રે' શબ્દો મૂકીને કવિએ પોતાનું કથયિતવ્ય સ્પષ્ટ કરી દીધું છે. એમણે સરળ શબ્દોમાં કેટલી મોટી વાત કરી દીધી? પોતાની પીડાને તો હર કોઈ રડે, પણ પરાઈ, પારકાની પીડાને જાણનાર અને એને પ્રમાણનાર તો કોઈક જ મળે! અન્યના દર્દને જાણવું અને એને નિવારવું એવો પરમાર્થ ધરાવનાર જ સાચો મનુષ્ય. બીજી પંક્તિના પૂર્વ ચરણમાં અન્ય બે લક્ષણો ઉમેરાયાં છે. પારકાનાં દુઃખને જાણી એનું નિવારણ કરે, એવું ઉપકારક કામ કરે એવી વ્યક્તિએ એનું કોઈ અભિમાન નહીં કરવાનું. વિનમ્રતા કેળવવાની અને એમ નર્યા સાત્ત્વિક બનવાનું.

### ૧.૫.૨ ખંડ ૨

હવેની કડીમાં 'સકળ લોકમાં સહુને વંદે' શબ્દો છે. આ શબ્દો વિનમ્રતાનો વ્યાપ સૂચવે છે. 'સકળ લોક' શબ્દો પ્રયોજે છે ત્યારે કવિના મનમાં ઊંચ-નીચ, નાનો-મોટો, શ્રીમંત-શ્રમજીવી, નર-નારી જેવા ભેદ નથી. બધા જ વંદનીય છે, આદરણીય છે. ક્યાંય કશો કક્ષાભેદ નથી એમ એમણે સૂચવી દીધું. સર્વને સમાન ગણનાર વ્યક્તિ કોઈની નિંદા – ટીકા કરવામાં પણ રસ ન ધરાવે. ભેદવૃત્તિ જ નિંદા કે ટીકા કરવા પ્રેરે છે. અન્ય વ્યક્તિ આપણાથી ઊતરતી કોટિની છે એવો અહંકારભાવ આવે ત્યારે ટીકા કરવાનું વલણ જન્મે છે. આવો નિંદાભાવ ન હોય એવો જન સાચો જન જાણવો.

મનુષ્યમાં રહેલી જાતજાતની વૃત્તિઓ એના મનને ચંચળ બનાવતી હોય છે. એવે વખતે લોભલાલચને અંકુશમાં રાખનાર મનુષ્ય મહાન ગણાય છે. કવિએ 'વાચ-કાછ'ની નિશ્ચલતા અપેક્ષી છે. વાણી અને કાર્ય (કાછ) વચ્ચેની સંવાદિતા અત્યંત મહત્ત્વની છે. સંસ્કૃતમાં તો 'मनसावाचा कर्मणा' જેવો પ્રયોગ થાય છે. અહીં પણ ત્રણેયનો ઉલ્લેખ, એ જ પરંપરામાં, કવિએ કર્યો છે. આવા વૈષ્ણવ (સાચુકલા) જનની માતા (જનની) પણ ધન્યતાનો અનુભવ કરી શકે.

### ૧.૫.૩ ખંડ ૩

ત્રીજી કડીમાં કવિએ 'સમદૃષ્ટિ'નો ભાવ ઉલ્લેખ્યો છે. 'સમ' એટલે 'સમાન' તો ખરી જ, પણ સાથેસાથે 'શાંત' પણ હોય એવી દૃષ્ટિ વિશેષ મૂલ્યવાન છે. આવો મનુષ્ય તૃષ્ણાથી એટલે કે લાલચોથી દૂર રહે છે. પરસ્ત્રીને એ દુર્ભાવથી કે વાસનાથી ન જોતાં એને પોતાની માતા

સમાન ગણે છે. એ કેવળ સત્યવચની હોય છે. કવિએ ભલે 'જિહ્વા થકી' શબ્દો લખ્યા હોય પણ મનથીયે જેના અંતરમાં અસત્ય ન ભરેલું હોય અને ઊંઘમાં કે જાગૃતિમાંય જે ખોટું ન બોલે એવી વ્યક્તિ પોતાનું જીવ્યું સાર્થક કરે છે. એને કશું છુપાવવાનું જ નથી રહેતું. સત્યનો અર્થ પારદર્શિતા છે, ખુલ્લાપણું છે. તૃષ્ણા, મોહ, લાલચ નહીં હોય તો પારકાનું ધન પચાવી પાડવાનો ભાવ જ નહીં જાગે. આવો વીતરાગી માનવી કવિને મન સાચો વૈષ્ણવી છે.

### ૧.૫.૪ ખંડ ૪

મોહ-માયાનો ઉલ્લેખ કવિએ અન્ય શબ્દપ્રયોગો પ્રયોજીને જુદીજુદી રીતે કર્યો જ છે. માત્ર એના ઉપર એ ભાર બદલતા રહ્યા છે. વ્યક્તિએ મોહ અને માયાને અંકુશમાં રાખવાં જોઈએ. મનમાં ક્યારેક એ સળવળે તોય એને વ્યાપવાં કે વધવા દેવાં ન જોઈએ. વૈરાગ્ય શબ્દનો અર્થ, અહીં આવો છે : રાગથી એટલે કે મોહ અને માયાથી દૂર રહેવું. સંસારથી દૂર નહીં, પણ સંસારમાં રહીને આવાં અનિષ્ટોથી દૂર રહેવું એ ખરો સંયમ છે. આવી 'જલકમલવત્' સ્થિતિ મનુષ્યને સાચો વૈરાગી બનાવે છે. એની કસોટી પણ આવો વૈરાગ્ય સિદ્ધ કરવામાં રહેલી છે.

પ્રભુપરાયણતા અને મિથ્યા કર્મકાંડરહિતતા પણ એટલાં જ આવશ્યક છે. પ્રભુ તીર્થસ્થાનોમાં નથી, ઉરસ્થાનમાં વસેલો છે એમ જાણીએ તો તીર્થોની દોડધામમાંથી બચી શકાય. 'કથરોટમાં ગંગા' વસેલાં છે એમ જાણીએ તો ગંગાસ્નાન કે નદીસ્નાનના ઉધામાથી ઊગરી જવાય. કવિ મિથ્યા કર્મકાંડને સ્થાને માત્ર પ્રભુનામસ્મરણને જ પર્યાપ્ત ગણે છે. ('રામ-નામ શું તાળી રે લાગી')

### ૧.૫.૫ ખંડ ૫

આવો સજ્જન જો સામે મળે તો એનું દર્શન પણ પ્રભુદર્શન જેવું પ્રસન્નકર હોય. એવા સજ્જનમાં લોભ અને કપટ હોતાં નથી. એની સન્મુખ ઊભા રહેવાથી માત્ર આપણો જ નહીં પણ આપણા સમસ્ત કુળનો જાણે કે ઉદ્ધાર થઈ જાય છે. નરસિંહ પોતાની મર્મવાણીને આ રીતે સ્પષ્ટ કરી આપે છે. એ સમયે કેટલાક કવિઓ અંતિમ પંક્તિમાં પોતાનો નામોલ્લેખ કરતા હતા. 'ભણે નરસૈંયો' દ્વારા નરસિંહે પણ એમ સ્વનિર્દેશ કર્યો છે. મીરાંબાઈ પણ 'મીરાં કે પ્રભુ ગિરિધર નાગર' જેવા શબ્દો દ્વારા પોતાનો નામોલ્લેખ કરે છે એ આપણે જાણીએ છીએ.

*** તમારી પ્રગતિ ચકાસો – ૧**

**સ્વાધ્યાય : ૧**

૧. પ્રથમ કડીમાં નરસિંહે વૈષ્ણવ જનનાં કયાં લક્ષણો જણાવ્યાં છે?

૨. કવિ કેવા જનની જનનીને ધન્યતા બક્ષે છે?

૩. ત્રીજી કડીમાં કયાં પાંચ લક્ષણોને કવિ આવશ્યક ગણાવે છે?

૪. વ્યક્તિમાં સઘળાં તીર્થ હોવાની પ્રતીતિ ક્યારે થાય છે?

૫. એકોતેર કુળ તરી ગયાં હોવાનો અનુભવ ક્યારે શક્ય બને છે?

## ૧.૬ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

પ્રસ્તુત કાવ્યમાં 'ને' સંયોજકનો થયેલો પ્રયોગ ધ્યાનથી જુઓ. 'ને' અને 'અને'ને વ્યાકરણમાં સંયોજક તરીકે ઓળખવામાં આવે છે. સંયોજક બે કે બેથી વધારે પદોને અને બે વાક્યોને જોડવાનું કામ કરે છે. અહીં 'સમદૃષ્ટિ ને તૃષ્ણા' તથા 'વણલોભી ને કપટરહિત' પ્રયોગોમાં સંયોજક 'ને' બે પદોને જોડવાનું કામ કરે છે. ક્યારેક 'તથા' સંયોજક પણ આવા જ હેતુથી પ્રયોજાય છે.

**તમારી પ્રગતિ ચકાસો – ૨**

૧. સંયોજકવાળાં પાંચ પદો સ્વતંત્ર રીતે બનાવો.

૨. સંયોજકવાળાં પાંચ વાક્યો સ્વતંત્ર રીતે બનાવો.

**તમારી પ્રગતિ ચકાસો – ૩**

કાવ્યમાં પંક્તિઓના છેડે આવેલા 'જાણે – આણે', 'કેની – તેની', 'મનમાં – તનમાં', 'માર્યાં – તાર્યાં' જેવા પ્રાસાત્મક શબ્દોને ધ્યાનથી જુઓ. આવા ઉચ્ચારસામ્ય ધરાવતા પ્રયોગોને 'પ્રાસ' તરીકે ઓળખાવાય છે. કાવ્યમાં આ પ્રાસ નાદસંવાદિતા ઊભી કરે છે. એનાથી કાવ્યમાં વર્ણસંગીત ઊભું થાય છે.

૧. પ્રાસાત્મક શબ્દોનાં ઉપર દર્શાવ્યાં એવાં દસ જોડકાં બનાવો.

૨. પંક્તિને અંતે પ્રાસ આવતા હોય એવી બે કાવ્યપંક્તિઓની સ્વતંત્ર રચના કરો.

**તમારી પ્રગતિ ચકાસો – ૪**

'સકળ તીરથ તનમાં હોવાં' અને 'કુળ ઈકોતેર તારવાં'માં રૂઢિપ્રયોગો યોજાયા છે. રૂઢિપ્રયોગ પૂરાં વાક્ય નથી હોતાં. એને વાક્યમાં પ્રયોજવાં પડે છે. અર્થને વધારે સ્પષ્ટ કરવા અને અસરકારક બનાવવા એ પ્રયોજાય છે. કહેવતો પણ આવા જ હેતુથી પ્રયોજાય છે પણ કહેવત સ્વતંત્ર વાક્ય હોય છે. એને વાક્યમાં પ્રયોજવી નથી પડતી. રૂઢિપ્રયોગ અધૂરાં વાક્યો છે એને વાક્યમાં પ્રયોજવાં પડે છે.

૧. રૂઢિપ્રયોગોવાળાં પાંચ વાક્યો સ્વતંત્ર રીતે બનાવો.

૨. કહેવતોવાળાં પાંચ વાક્યો સ્વતંત્ર રીતે બનાવો.

**તમારી પ્રગતિ ચકાસો – ૫**

૧. આજના સમયમાં, કાવ્યમાં દર્શાવેલાં સિવાયનાં, કયાં ગુણલક્ષણો ઉમેરીએ તો એવી વ્યક્તિ 'વૈષ્ણવ' કે 'સજ્જન' તરીકે ઓળખાવી શકીએ ?

૨. વ્યક્તિમાં રહેલા દુર્ગુણોની યાદી દર્શાવો.

## ૧.૭ લેખનપ્રવૃત્તિ :

આપણા સમાજમાં જોવા મળતા દુર્ગુણો ઉપર અને એના નિવારણ ઉપર એક નિબંધ તૈયાર કરો.

## ૧.૮ વિશેષ અધ્યયન :

### ૧.૧૦.૧ કર્તા પરિચય

નરસિંહનું સંભવિત જીવન ઈ. સ. ૧૪૦૮થી ઈ. સ. ૧૪૮૦ સુધીનું માનવામાં આવે છે. એમને માણેક નામનાં પત્ની હતાં અને શામળ (પુત્ર) અને કુંવર (પુત્રી) નામનાં સંતાનો હતાં. ભાવનગર પાસેના તળાજામાં એમનો જન્મ થયો હતો અને ગૃહત્યાગ કરીને એ જૂનાગઢમાં સ્થિર થયા હતા. અર્થોપાર્જનમાં એમને રસ ન હોઈ માત્ર ભજન-કીર્તન અને ગીત-સંગીતમાં એ રચ્યાપચ્યા રહેતા હતા. એવા રૂઢિચુસ્ત વાતાવરણમાં પણ એમણે અંત્યજોને પોતાના ગણી એમના વાસમાં ભજન-કીર્તન કર્યાં હતાં. એમણે પોતાના જીવનવિષયક કાવ્યોય રચ્યાં છે જે 'હાર, હૂંડી ને મોસાળું, વિવાહ ને વળી શ્રાદ્ધ' તરીકે ઓળખાય છે. 'સુદામાચરિત' નામનું એક કથાકેન્દ્રી કાવ્ય પણ એમણે લખ્યું છે. એમનાં કૃષ્ણભક્તિનાં અને તત્ત્વજ્ઞાનનાં

પદોથી એ વિશેષ જાણીતાં છે. પ્રસ્તુત ભજન ગાંધીજીને પણ અત્યંત પ્રિય હતું એ આપણે જાણીએ છીએ. 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ' કે 'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો' જેવાં એમનાં તત્ત્વજ્ઞાનમૂલક પ્રભાતિયાં આજેય ગુજરાતમાં અતિ પ્રસિદ્ધ છે. એનાં એ પદો મુખ્યત્વે ઝૂલણા છંદમાં લખાયેલાં છે. નરસિંહનાં પદો અને ઝૂલણા છંદના સુભગ સંયોગને કારણે એમને આજેય 'પ્રભાતિયાંના કવિ' કે 'ઝૂલણાના કવિ' તરીકે ઓળખાવવામાં આવે છે.

### ૧.૧૦.૨ ટિપ્પણ

કાછ – (ન) કાર્ય, નિશ્ચલ – (વિ) મજબૂત, જિહ્વા – (સ્ત્રી) જીભ, એકોતેર કૂળ તારવાં – (રૂ) પૂર્વ-ઉત્તર પેઢીઓને સંતોષ આપવો. પર – (વિ) પારકું, બીજાનું, તૃષ્ણા – (સ્ત્રી) તરસ

### ૧.૧૦.૩ વિશેષ વાચન :

નરસિંહનાં વિવિધ પદોની સાથેસાથે આ સમયખંડના મીરાં, ભોજો, અખો, ધીરો અને દયારામ આદિનાં પદો પણ વાંચો. દયારામનું 'તાદશી જન તો તેને જાણીએ રે' તથા 'વૈષ્ણવ નથી થયો તું રે' વાંચી નરસિંહના આ પદ સાથે સરખાવો.

ignou
THE PEOPLE'S
UNIVERSITY

# જય જય ગરવી ગુજરાત


૧.૧ ઉદ્દેશો

૧.૨ પ્રસ્તાવના

૧.૩ કૃતિ (કાવ્ય)

૧.૪ કૃતિનો સારાંશ

૧.૫ કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

૧.૬ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

*તમારી પ્રગતિ ચકાસો

૧.૭ લેખન પ્રવૃત્તિ

૧.૮ વિશેષ અધ્યયન

૧.૯ ટિપ્પણ


## ૧:૧. ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે –

- કવિ નર્મદ દ્વારા લખાયેલી ગુજરાત વિશેની કવિતાનો પરિચય મેળવશો.
- કવિએ આ કવિતામાં ગુજરાતની લાક્ષણિકતાઓ વર્ણવી છે તેનો પરિચય મેળવશો.
- ધર્મસ્થાનકો, નદીઓ, સાગર અને પ્રાણવંતા પૂર્વજોનો ઉલ્લેખ આ કાવ્યમાં દેખાશે.
- 'જય! જય! ગરવી ગુજરાત' એવો નાદ જગાડનાર કવિનું ગુજરાત વિશેનું દર્શન અનુભવાશે.
- ગુજરાતને કાવ્યવિષય બનાવી રચાયેલી અન્ય રચનાઓનો તુલનાત્મક અભ્યાસ કરો.

## ૧.૨. પ્રસ્તાવના

અર્વાચીનોમાં આદ્ય તરીકે કવિ નર્મદનો ઉલ્લેખ થયો છે. નર્મદનાં બધાં કાવ્યો 'નર્મકવિતા'માં સંગ્રહાયેલાં છે. દલપતરામ અને નર્મદ સમકાલીનો છે. દલપતરામ ઉંમરમાં મોટા. દલપતરામની કવિતા પછી નર્મદની કવિતામાં તીવ્ર રાષ્ટ્રપ્રેમ જોવા મળે છે.

## ૧.૩ કૃતિ (કાવ્યા)

**જય ! જય ! ગરવી ગુજરાત !**

જય ! જય ! ગરવી ગુજરાત !
જય ! જય ! ગરવી ગુજરાત !
દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી, પ્રેમશૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિની રીત
ઊંચી તુજ સુંદર જાત,
જય ! જય ! ગરવી ગુજરાત !
ઉત્તરમાં અંબામાત
પૂરવમાં કાળીમાત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ.
છે સહાયમાં સાક્ષાત્
જય ! જય ! ગરવી ગુજરાત !
નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટનાં જુદ્ધરમણ ને, રત્નાકર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો દે આશિષ જયકર;
સંપે સોહે સહુ જાત;
જય ! જય ! ગરવી ગુજરાત !
તે અણહિલવાડના રંગ
તે સિદ્ધરાજ જયસિંગ
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત !
શુભ શુકન દીસશે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત;
જન ઘૂમે નર્મદા સાથ
જય ! જય ! ગરવી ગુજરાત !

- નર્મદ

## ૧.૪ કૃતિનો સારાંશ

'જય ! જય ! ગરવી ગુજરાત !' આ ગુજરાતના ગૌરવનું કાવ્ય છે. ગુજરાતની અસ્મિતા છે. ગુજરાતની વિશેષતાઓને ગૌરવસહ ઉદ્‌ઘાટિત કરવાની ભાવના અહીં વ્યક્ત થઈ છે. ગુજરાત એક ભૂગોળ નથી પણ ભાવના છે એવું અહીં વ્યક્ત થાય છે. આ ભાવ અને ભાવનાના રંગો આ કાવ્યમાં છે.

## ૧.૫ કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

કાવ્યની પ્રથમ પંક્તિમાં જ ગુજરાતનો જયજયકાર છે જય ! જય ! ગરવી ગુજરાત ! – ધ્રુવપંક્તિ કવિની ભાવનાનો ધ્યાનમંત્ર બનીને કાવ્ય સાંભળનારના કાન સુધી જયઘોષ પહોંચાડે છે. સોનેરી

પ્રભાત દીપી રહ્યું છે. ગુજરાતની શાનનો ધ્વજ કસુંબી રંગના તેજથી ઝળકશે. આ ધ્વજ પ્રેમશૌર્યથી અંકિત હશે. ગુજરાતને સંબોધીને કવિ કહે છે; તું તારાં સંતાનોને પ્રેમભક્તિની રીત શીખવ. અહીં આપણે જોઈ શકીએ કે કવિના મનમાં મધ્યકાળની પ્રેમલક્ષણા ભક્તિની રીતિ પણ ખબર છે. અને આવી ભક્તિ-પ્રીતિ દરેક ગુજરાતી ભણે-શીખે, જાણે તેવી કવિની ઇચ્છા છે. 'ઊંચી તુજ સુંદર જાત' દ્વારા કવિ ગુજરાતી જાતિને ઊંચી જાત ગણાવે છે. આધુનિક સમયમાં આપણા જાણીતા ગદ્યકાર ચંદ્રકાન્ત બક્ષીએ 'મહાજાતિ ગુજરાતી' એવું પુસ્તક લખ્યું છે. દાયકાઓ પહેલાં નર્મદે 'ઊંચી તુજ સુંદર જાત' એમ કહી ગુજરાતીને ગૌરવથી અંકિત કર્યાં છે.

ગુજરાતના ગૌરવને વિવિધ લક્ષણોથી કવિ સમર્થન આપે છે. ઉત્તરમાં અંબાજી મા, પૂર્વમાં કાળિકામા, દક્ષિણ દિશામાં કુંતેશ્વર મહાદેવ, સોમનાથ, દ્વારકેશ એવા પશ્ચિમ દિશાના દેવો, સદા સર્વદા સહાય કરવા માટે સાક્ષાત છે એવો કવિનો શ્રદ્ધાનો સ્વર અહીં મધુર ગુંજારવ કરે છે. વિશાળ દરિયા કિનારો અને ઊંચા પર્વતોના કુદરતી વૈભવથી પરિચિત કવિ જણાવે છે કે આ પર્વતો પરથી વીર પૂર્વજો સદાય આશીર્વાદ વરસાવતા રહે છે. સંપીને રહેતા સહુ ગુજરાતીઓ, ગુજરાતની શોભા છે.

પરમ વૈભવશાળી ગુજરાતના એક સમયના શાસક સિદ્ધરાજ જયસિંહ જેવા પ્રાણવંતા પૂર્વજ, પ્રતાપી શાસક હતા. અણહિલવાડનો વૈભવરંગ અનેરો હતો. ઉજ્જ્વળ સમયનો ભવ્ય ઇતિહાસ બે પંક્તિમાં વર્ણવતા કવિ આશાવાદી અને મક્કમ સ્વરે કહે છે કે અણહિલવાડના રંગ થકી પણ અધિક ઉત્તમ રંગ સત્વરે થશે. આવનારા દિવસોનો રંગ ભૂતકાળ કરતાં ભવ્ય હશે. શુભ શુકન થશે. મધ્યાહ્ને ગુજરાત અધિક ઝળહળશે. રાત વીતી ગઈ છે. ગુજરાતની પ્રજા પાસે પૂર્વજોની પરંપરા, વૈભવ, પ્રકૃતિનો ઉત્તમ વારસો છે. અંતિમ પંક્તિમાં નર્મદાને વિશિષ્ટ રીતે યાદ કરતાં કવિ કહે છે :

જન ઘૂમે નર્મદા સાથ
જય જય ગરવી ગુજરાત.

આમ, આ કાવ્યમાં કવિ ગુજરાતને વિશેષ ઉત્સાહ અને આશાથી સભર છે. 'જય જય ગરવી ગુજરાત' પંક્તિ ગુજરાતના ગૌરવનો શાશ્વત જયનાદ બની ચૂકી છે.

## ૧.૬ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ :

- ઝળળ = ઝળકી રહ્યું હોય તેવું

  ભણવ ભણવ = ભણાવ, ભણાવ (શીખવ)

- આ કવિતામાં, પરભાત્, જાત, સાક્ષાત્, સાગર, જયકર માત, રાત જેવા અંત્યાનુપ્રાસ દ્વારા લય મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

- સંપે સોહે સહુ જાત – જેવી પંક્તિમાં 'સ'નો વિનિયોગ વર્ણાનુપ્રાસ અલંકારનું સૌંદર્ય વ્યક્ત કરે છે.

## * તમારી પ્રગતિ ચકાસો

૧. કવિની દૃષ્ટિએ ગુજરાતનો ધ્વજ કેવા રંગનો હશે ?

૨. ગુજરાતની ચારેય દિશાઓમાં કયાં દેવ-દેવી સહાય કરવા બિરાજમાન છે ?

૩. કસુંબી ધ્વજ શેના વડે અંકિત હશે ?

## ૧.૭ લેખન પ્રવૃત્તિ

૧. ગુજરાતના કોઈ પણ એક તીર્થસ્થાન વિશે માહિતી મેળવી લખો.

૨. ગુજરાતના ઇતિહાસમાંથી સિદ્ધરાજ જયસિંહના શાસનકાળ વિશે માહિતી મેળવી લખો.

૩. તમારી દૃષ્ટિએ પ્રાણવંતા પૂર્વજો એવા ગુજરાતના ગૌરવ સમાન કોઈ પણ ત્રણ વ્યક્તિઓ વિશે માહિતી મેળવી લખો.

## ૧.૮ વિશેષ અધ્યયન

૧. 'ગૌરવ ભૂમિ ગુજરાત' : લેખક : દિગંત ઓઝા, પુસ્તક મેળવીને વાંચો.

## ૧.૯ ટિપ્પણ

ઝળળ = ઝળકે
કસુંબી = કસુંબીના બીજ જેવો રંગ (લાલ)
પૂરવ = પૂર્વ
સુભટ = યોદ્ધો
ઘૂમે = ફરે (અહીં પરિક્રમા)

# એકમ : ૨ ગુજરાતી ટૂંકી વાર્તા


**એકમનું આયોજન**

૨.૧ એકમના હેતુઓ

૨.૨ પ્રસ્તાવના

૨.૩ કૃતિ (નવલિકા – પોસ્ટઑફિસ)

૨.૪ કૃતિ સારાંશ

૨.૫ કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

૨.૫.૦ ભૂમિકા

૨:૫:૧ ખંડ : ૧ તથા

તમારી પ્રગતિ ચકાસો – ૧

૨:૫:૨ ખંડ : ૨ તથા

તમારી પ્રગતિ ચકાસો – ૨

૨:૫:૩ ખંડ : ૩ તથા

તમારી પ્રગતિ ચકાસો – ૩

૨.૬ વસ્તુલક્ષી કસોટી

તમારી પ્રગતિ ચકાસો – ૪

૨.૭ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

તમારી પ્રગતિ ચકાસો – ૫, ૬, ૭

૨.૮ પુનરવલોકન

તમારી પ્રગતિ ચકાસો – ૮

૨.૯ લેખન પ્રવૃત્તિ

તમારી પ્રગતિ ચકાસો – ૯

૨.૧૦ વિશેષ અધ્યયન

૨.૧૦.૧ કર્તા-પરિચય

૨.૧૦.૨ સ્વરૂપ-પરિચય

૨.૧૦.૩ વિશેષ વાચન

**૨.૧૧ ટિપ્પણ**

**૨.૧૨ સંદર્ભ નોંધ**


## ૨.૧. હેતુઓ

૧. ગુજરાતી સાહિત્યની જાણીતી વાર્તાનો અભ્યાસ.

૨. વાર્તાકળાની દૃષ્ટિએ વાર્તાની તપાસ.

૩. પિતા-પુત્રીનો વિશિષ્ટ સંબંધ અને પિતાની વત્સલતાનો પરિચય થશે.

૪. એક વ્યક્તિનો બીજી વ્યક્તિ સાથેનો વ્યવહાર અને સંવેદનાનો પરિચય થશે.

૫. વાર્તાનાં જુદાંજુદાં પાત્રો અને વાર્તાકારે પ્રયોજેલી ભાષાનો તથા વિવિધ શબ્દભંડોળનો પરિચય થશે.

## ૨.૨ પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યની આ અત્યંત જાણીતી વાર્તા છે. આ વાર્તાનો 'The letter' નામે અંગ્રેજીમાં અનુવાદ પણ થયો છે. આ વાર્તાના લેખક ધૂમકેતુ ગુજરાતી સાહિત્યના પ્રારંભના વાર્તાકારોમાંના એક છે છતાં 'પોસ્ટઑફિસ' જેવી કળાત્મક વાર્તા એમની પાસેથી મળે છે. ક્રૂર શિકારી અલી ડોસાની દીકરી મરિયમના લાંબા સમયથી સમાચાર નથી ત્યારે પિતાનું વત્સલહૃદય પ્રગટ થાય છે. પિતા-પુત્રીનો વિશિષ્ટ સંબંધ અહીં આલેખાયો છે. સાથેસાથે પોસ્ટમાસ્તર અને લક્ષ્મીદાસ જેવાં અન્ય પાત્રોનો અલી ડોસા સાથેનો વ્યવહાર પણ સમજવા જેવો છે. અલી ડોસા જેવી સ્થિતિમાં પોસ્ટમાસ્તર મુકાય છે ત્યારે એમને પણ અલી ડોસાની મનઃસ્થિતિનો ખ્યાલ આવે છે. આ વાર્તા સંવેદનાસભર છે. પુત્રીના પત્રની રાહ જોતા અલી ડોસાનું પાત્ર ગુજરાતી ટૂંકી વાર્તાનું ચિરંજીવ પાત્ર છે.

## ૨.૩ કૃતિ (પોસ્ટઑફિસ)

પાછલી રાત્રિનું ભૂરું આકાશ, માનવજીવનમાં અનેક સુખદ યાદગીરી ચમકી રહે તેમ નાનામોટા તારાઓથી ચમકી રહ્યું હતું. ઠંડા પવનના સુસવાટાથી પોતાના જૂના અને ફાટેલા ઝભ્ભાને શરીરે વધારે ને વધારે લપેટી લેતો એક વૃદ્ધ ડોસો શહેરના મધ્યભાગમાં થઈને જતો હતો. સ્વાધીન અવસ્થા ભોગવતાં કેટલાંક ઘરોમાંથી આ વખતે ઘંટીનો મધુર લાગતો અવાજ, સ્ત્રીઓના ઝીણા સ્વર સાથે આવતો હતો. એકાદ કૂતરાનો અવાજ, કોઈક વહેલા ઊઠનારનાં પગરખાંનો છેટેથી સંભળાતો શબ્દ કે કોઈ અકાળે જાગેલ પક્ષીનો સ્વર : એ સિવાય શહેર તદ્દન શાંત હતું. લોકો મીઠી નિદ્રામાં ઘોરતા હતા, અને શિયાળાની ઠંડીથી રાત્રિ વધારે ગાઢ બનતી હતી. કહે નહિ છતાં કતલ કરી નાખે એવી મીઠા મનુષ્યના સ્વભાવ જેવી શિયાળાની ઠંડી કાતિલ હથિયારની માફક પોતાનો કાબૂ સર્વત્ર ફેલાવી રહી હતી. વૃદ્ધ ડોસો ધ્રૂજતો ને શાંત રીતે ડગમગ ચાલતો, શહેરના દરવાજા બહાર થઈ, એક સીધી સડક પર આવી પહોંચ્યો, ને ધીમેધીમે પોતાની જૂની ડાંગના ટેકાથી આગળ વધ્યો.

સડકની એક બાજુ ઝાડોની હાર હતી, ને બીજી બાજુ શહેરનો બાગ હતો. અહીં ઠંડી વધારે હતી ને રાત્રિ વધારે 'શીમણી' બનતી હતી. પવન સોંસરવો નીકળી જતો હતો ને શુક્રના તારાનું મીઠું તેજ, બરફ પડે તેમ પૃથ્વી ઉપર ઠંડીના કટકા જેવું પડતું હતું. જ્યાં બાગનો છેડો હતો ત્યાં છેલ્લામાં છેલ્લી ઢબનું એક રોનકદાર મકાન હતું, ને તેની બંધ બારી તથા બારણામાંથી દીવાનો ઉજાસ બહાર પડતો હતો.

ભાવિક મનુષ્ય દાતારનું શિખર જોઈ જેમ શ્રદ્ધાથી આનંદ પામે, તેમ વૃદ્ધ ડોસો આ મકાનની લાકડાની કમાન જોઈ આનંદ પામ્યો. કમાન પર એક જરીપુરાણા પાટિયામાં નવા અક્ષર લખ્યા હતા : 'પોસ્ટઑફિસ.'

ડોસો ઑફિસની બહાર પડથાર પર બેઠો. અંદરથી કંઈ ચોક્કસ અવાજ આવતો ન હતો, પણ બેચાર જણા કામમાં હોય તેમ વ્યાવહારિક 'ગુસપુસ' થતી હતી.

'પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ !' અંદરથી અવાજ આવ્યો. ડોસો ચમક્યો પણ પાછો શાંત બનીને બેઠો. શ્રદ્ધા અને સ્નેહ આટલી ઠંડીમાં એને ઉષ્મા આપી રહ્યાં હતાં.

અંદરથી અવાજ પર અવાજ આવવા લાગ્યા. કારકુન અંગ્રેજી કાગળનાં સરનામાં બોલી બોલી પોસ્ટમેન તરફ નાખતો જતો હતો. કમિશનર, સુપરિન્ટેન્ડેન્ટ, દીવાનસાહેબ, લાઇબ્રેરિયન, એમ એક પછી એક અનેક નામ બોલવાનો અભ્યાસી કારકુન ઝપાટાબંધ કાગળો ફેંક્યે જતો હતો.

એવામાં અંદરથી એક મશ્કરીભર્યો અવાજ આવ્યો : 'કોચમૅન અલી ડોસા !'

વૃદ્ધ ડોસો હતો ત્યાંથી બેઠો થયો. શ્રદ્ધાથી આકાશ સામે જોયું, ને આગળ વધ્યો, અને બારણા પર હાથ મૂક્યો.

'ગોકળભાઈ !'

'કોણ ?'

'કોચમૅન અલી ડોસાનો કાગળ કીધો નાં ?.... હું આવ્યો છું.'

જવાબમાં નિષ્ઠુર હાસ્ય આવ્યું.

'સાહેબ ! આ એક ગાંડો ડોસો છે. એ હંમેશાં પોતાનો કાગળ લેવા પોસ્ટઑફિસે ધક્કો ખાય છે.'

કારકુને આ શબ્દો પોસ્ટમાસ્તરને કહ્યા, ત્યાં તો ડોસો પોતાના સ્થાન પર બેસી ગયો હતો. પાંચ વર્ષ થયાં એ જગ્યાએ બેસવાનો તેને અભ્યાસ હતો.

અલી મૂળ હોશિયાર શિકારી હતો. પછી ધીમેધીમે એ અભ્યાસમાં એવો કુશળ બન્યો હતો કે હંમેશાં જેમ અફીણીને અફીણ લેવું પડે, તેમ અલીને શિકાર કરવો પડે. ધૂળની સાથે ધૂળ જેવા બની જતા કાબરચીતરા તેતર પર અલીની દૃષ્ટિ પડે કે તરત તેના હાથમાં તેતર આવી જ પડ્યું હોય ! એની તીક્ષ્ણ દૃષ્ટિ સસલાની ખોમાં જઈ પહોંચતી. આસપાસના સૂકા, પીળા 'કાસડા'ના કે રાંપડાના ઘાસમાં સંતાઈને સ્થિર કાન કરી બેઠેલા ચતુર સસલાના ભૂરા મેલા રંગને ક્યારેક ખુદ શિકારી કૂતરા જુદો ન પાડી શકતા, આગળ વધી જતા ને સસલું બચી જતું, પરંતુ ઇટાલીના ગરુડ જેવી અલીની દૃષ્ટિ બરાબર સસલાના કાન પર ચોંટતી અને બીજી જ પળે તે રહેતું નહિ. વળી ક્યારેક અલી મચ્છીમારનો મિત્ર બની જતો.

પણ જ્યારે જીવનસંધ્યા પહોંચતી લાગી, ત્યારે આ શિકારી અચાનક બીજી દિશામાં વળી ગયો. એની એકની એક દીકરી મરિયમ પરણીને સાસરે ગઈ. એના જમાઈને લશ્કરમાં નોકરી હતી તેથી તે પંજાબ તરફ તેની સાથે ગઈ હતી; અને જેને માટે તે જીવન નિભાવતો હતો તે મરિયમના છેલ્લાં પાંચ વર્ષ થયાં કાંઈ સમાચાર હતા નહિ. હવે અલીએ જાણ્યું કે સ્નેહ અને વિરહ શું છે. પહેલાં તો એ તેતરનાં બચ્ચાંને આકુળવ્યાકુળ દોડતાં જોઈ હસતો. આ એનો – શિકારનો આનંદ હતો.

શિકારનો રસ એની નસેનસમાં ઊતરી ગયો હતો, પરંતુ જે દિવસે મરિયમ ગઈ ને તેને જિંદગીમાં એકલતા લાગી, તે દહાડાથી અલી શિકારે જતાં શિકાર ભૂલી, સ્થિર દૃષ્ટિથી અનાજનાં ભરચક લીલાં ખેતર જોઈ રહેતો ! અને જિંદગીમાં પહેલી વખત સમજાયું કે કુદરતમાં સ્નેહની સૃષ્ટિ અને વિરહનાં આંસુ છે ! પછી તો એક દિવસ અલી એક ખાખરાના ઝાડ નીચે બેસીને હૈયાફાટ રોયો. ત્યાર પછી હંમેશાં સવારમાં ચાર બજે ઊઠીને એ પોસ્ટઑફિસે આવતો. એનો

કાગળ તો કોઈ દિવસ હોય નહિ, પણ મરિયમનો કાગળ એક દિવસ આવશે એવી ભક્તના જેવી શ્રદ્ધામાં ને આશાભર્યા ઉલ્લાસમાં તે હંમેશાં સૌથી પહેલો પોસ્ટઑફિસે આવીને બેસતો.

પોસ્ટઑફિસ – કદાચ જગતમાં સૌથી રસહીન મકાન – એનું ધર્મક્ષેત્ર – તીર્થસ્થાન બન્યું. એક જ જગ્યાએ ને એક જ ખૂણે તે હંમેશાં બેસતો. એને એવો જાણ્યા પછી સૌ હસતા. પોસ્ટમૅન મશ્કરી કરતા ને ક્યારેક મજાકમાં એનું નામ દઈ એને એ જગ્યા પરથી પોસ્ટઑફિસનાં બારણાં સુધી, કાગળ ન હોય છતાં, ધક્કો ખવરાવતા. અખૂટ શ્રદ્ધા ને ધૈર્ય હોય તેમ એ હંમેશાં આવતો ને દરરોજ ઠાલે હાથે પાછો જતો.

અલી બેઠો હતો એટલામાં એક પછી એક પટાવાળાઓ પોતપોતાની ઑફિસના કાગળો લેવા આવવા લાગ્યા. ઘણું કરીને પટાવાળા એ વીસમી સદીમાં અધિકારીઓની સ્ત્રીઓના ખાનગી કારભારી જેવા છે, એટલે આખા શહેરના દરેકેદરેક ઑફિસરનો ખાનગી ઇતિહાસ અત્યારે વંચાતો.

કોઈના માથા પર સાફો, તો કોઈના પગમાં ચમચમાટી કરે તેવા બૂટ – એમ સૌ પોતપોતાનો વિશિષ્ટ ભાવ દર્શાવતા હતા. એટલામાં બારણું ખૂલ્યું, દીવાના અજવાળામાં સામેની ખુરશી પર તૂંબડા જેવું માથું ને હંમેશનો દિલગીરીભર્યો – ઉદાસીન જેવો ચહેરો લઈ પોસ્ટમાસ્તર બેઠા હતા. કપાળ પર, મોં પર કે આંખમાં ક્યાંય તેજ ન હોય ત્યારે માણસ ઘણું કરીને ગોલ્ડસ્મિથનો 'વિલેજ સ્કૂલમાસ્તર', આ સદીનો કારકુન કે પોસ્ટમાસ્તર હોય છે!

અલી પોતાની જગ્યાએથી ખસ્યો નહિ.

'પોલીસ કમિશનર!' કારકુને બૂમ પાડી, ને એક થનથનાટ કરતા જુવાને પોલીસ કમિશનરના કાગળો લેવા હાથ આગળ ધર્યો.

'સુપરિન્ટેન્ડેન્ટ!'

બીજો એક પટાવાળો આગળ આવ્યો – અને આમ ને આમ એ સહસ્રનામાવલિ વિષ્ણુભક્તની જેમ કારકુન હંમેશાં પઢી જતો.

અંતે સૌ ચાલ્યા ગયા. અલી ઊઠ્યો. પોસ્ટઑફિસમાં ચમત્કાર હોય તેમ તેને પ્રણામ કરી ચાલ્યો ગયો! અરે! સૈકાઓ પહેલાંનો ગામડિયો!

'આ માણસ ગાંડો છે?' પોસ્ટમાસ્તરે પૂછ્યું.

'હા, કોણ? અલી ના? હા સાહેબ; પાંચ વરસ થયાં ગમે તેવી ઋતુ હોય છતાં કાગળ લેવા આવે છે! એનો કાગળ ભાગ્યે જ હોય છે!' કારકુને જવાબ આપ્યો.

'કોણ નવરું બેઠું છે? હંમેશ તે કાગળ ક્યાંથી હોય?'

'અરે! સાહેબ, પણ એનું મગજ જ ચસકી ગયું છે! તે પહેલાં બહુ પાપ કરતો, એમાં કોઈ થાનકમાં દોષ કર્યો! ભાઈ, કર્યાં ભોગવવાં છે!' પોસ્ટમેને ટેકો આપ્યો.

'ગાંડા બહુ વિચિત્ર હોય છે.'

'હા, અમદાવાદમાં મેં એક વખત એક ગાંડો જોયો હતો. તે આખો દિવસ ધૂળના ઢગલા જ કરતો : બસ, બીજું કાંઈ નહિ. બીજા એક ગાંડાને હંમેશાં નદીને કાંઠે જઈ સાંજે એક પથ્થર પર પાણી રેડવાની ટેવ હતી!'

'અરે, એક ગાંડાને એવી ટેવ હતી કે આખો દિવસ આગળ ને પાછળ ચાલ્યા જ કરે!

બીજો એક કવિતા ગાયા કરતો! એક જણ પોતાને ગાલે લપાટો જ માર્યા કરતો. ને પછી કોઈક મારે છે એમ માનીને રોયા કરતો!'



આજે પોસ્ટઑફિસમાં ગાંડાનું પુરાણ નીકળ્યું હતું. હંમેશાં આવું એકાદ પ્રકરણ છેડીને એના પર બે-ચાર મિનિટ વાત કરી આરામ લેવાની ટેવ લગભગ બધા જ નોકરવર્ગમાં દારૂની ટેવની જેમ પેસી ગઈ છે. પોસ્ટમાસ્તર છેવટે ઊઠ્યા અને જતાં જતાં કહ્યું :

'માળું, ગાંડાની પણ દુનિયા લાગે છે! ગાંડા આપણને ગાંડા માનતા હશે અને ગાંડાંની સૃષ્ટિ કવિની સૃષ્ટિ જેવી હશે!'

છેલ્લા શબ્દો બોલતા પોસ્ટમાસ્તર હસીને ચાલ્યા ગયા. એક કારકુન વખત મળ્યે જરા ગાંડાઘેલાં જોડી કાઢતો ને એને સૌ ખીજવતા. પોસ્ટમાસ્તરે છેલ્લું વાક્ય એટલા જ માટે હસતાં હસતાં એના તરફ ફરીને કહ્યું હતું. પોસ્ટઑફિસ હતી તેવી શાંત બની રહી.

એક વખત અલી બે-ત્રણ દિવસ સુધી આવ્યો નહિ. પોસ્ટઑફિસમાં અલીનું મન સમજી જાય એવી સહાનુભૂતિ કે વિશાળ દૃષ્ટિ કોઈનામાં ન હતી. પણ એ કેમ ન આવ્યો, એવી કૌતુકબુદ્ધિ સૌને થઈ. પછી અલી આવ્યો પણ તે દિવસે એ હાંફતો હતો, ને એના ચહેરા પર જીવનસંધ્યાનાં સ્પષ્ટ ચિહ્ન હતાં.

આજે તો અલીએ અધીરા બનીને પોસ્ટમાસ્તરને પૂછ્યું : 'માસ્તરસાહેબ, મારી મરિયમનો કાગળ છે?'

પોસ્ટમાસ્તર તે દિવસે ગામ જવાની ઉતાવળમાં હતા ને તેમનું મગજ સવાલ ઝીલી શકે એટલું શાંત ન હતું.

'ભાઈ, તમે કેવા છો?'

'મારું નામ અલી!' અલીનો અસંબદ્ધ જવાબ મળ્યો.

'હા, પણ અહીં કાંઈ તમારી મરિયમનું નામ નોંધી રાખ્યું છે?'

'નોંધી રાખોને, ભાઈ! વખત છે ને કાગળ આવે, ને હું ન હોઉં તો તમને ખપ આવે!' પોણી જિંદગી શિકારમાં ગાળી હોય એને શી ખબર કે મરિયમનું નામ એના પિતા સિવાય બીજાને મન બે પૈસા જેટલી કિંમતનું છે?

પોસ્ટમાસ્તર તપી ગયા : 'ગાંડો છે કે શું? જા, જા, તારો કાગળ આવશે તો કોઈ ખાઈ નહિ જાય!'

પોસ્ટમાસ્તર ઉતાવળમાં ચાલ્યા ગયા અને અલી ધીમે પગલે બહાર નીકળ્યો. નીકળતાં નીકળતાં એક વખત ફરીને પોસ્ટઑફિસ તરફ જોઈ લીધું! આજે એની આંખમાં અનાથનાં આંસુની છાલક હતી; અશ્રદ્ધા ન હતી પણ ધૈર્યનો અંત આવ્યો હતો! અરે! હવે મરિયમનો કાગળ ક્યાંથી પહોંચે?

એક કારકુન એની પાછળ આવતો લાગ્યો. અલી તેના તરફ ફર્યો : 'ભાઈ!'

કારકુન ચમક્યો; પણ તે સારો હતો.

'કેમ?'

'જુઓ, આ મારી પાસે છે.' એમ કહી પોતાની એક જૂની પતરાની દાબડી હતી તેમાંથી અલીએ પાંચ ગીની કાઢી.

જોઈ કારકુન ભડક્યો.

'ભડકશો નહિ, તમારે આ ઉપયોગી ચીજ છે. મારે હવે તેનો ઉપયોગ નથી, પણ એક કામ કરશો ?'

'શું ?'

'આ ઉપર શું દેખાય છે ?' અલીએ શૂન્ય આકાશ સામે આંગળી ચીંધી.

'આકાશ.'

'ઉપર અલ્લા છે તેની સાક્ષીમાં તમને પૈસા આપું છું. તમારે મારી મરિયમનો કાગળ આવે તો પહોંચાડવો.'

કારકુન આશ્ચર્યમાં સ્થિર ઊભો : 'ક્યાંથી ક્યાં પહોંચાડવો ?'

'મારી કબર ઉપર !'

'હેં ?'

'સાચું કહું છું. આજ હવે છેલ્લો દિવસ છે ! અરેરે છેલ્લો ! મરિયમ ન મળી – કાગળે ન મળ્યો.' અલીની આંખમાં ઘેન હતું. કારકુન ધીમેધીમે તેનાથી છૂટો પડી ચાલ્યો ગયો. તેના ખીસામાં ત્રણ તોલા સોનું પડ્યું હતું.

*

પછી અલી કોઈ દિવસ દેખાયો નહિ, અને એની ખબર કાઢવાની ચિંતા તો કોઈને હતી જ નહિ. એક દિવસ પોસ્ટમાસ્તર જરાક અફસોસમાં હતા. એમની દીકરી દૂર દેશાવરમાં માંદી હતી, અને તેના સમાચારની રાહ જોતા એ શોકમાં બેઠા હતા.

ટપાલ આવી ને કાગળનો થોક પડ્યો. રંગ ઉપરથી પોતાનું કવર છે એમ ધારી પોસ્ટમાસ્તરે ઝપાટાબંધ એક કવર ઊંચકી લીધું. પણ એના ઉપર સરનામું હતું, 'કોચમૅન અલી ડોસા !' વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ એમણે તે નીચે નાખી દીધું ! દિલગીરી અને ચિંતાથી થોડી ક્ષણમાં એમનો – અધિકારીનો કડક સ્વભાવ જતો રહી માનવસ્વભાવ બહાર આવ્યો હતો. એમને એકદમ સાંભર્યું કે આ પેલા ડોસાનું કવર – અને કદાચ એની દીકરી મરિયમનું.

'લક્ષ્મીદાસ !' એમણે એકદમ બૂમ પાડી.

લક્ષ્મીદાસ તે જ માણસ હતો કે જેને અલીએ છેલ્લી ઘડીએ પૈસા આપ્યા હતા.

'કેમ સાહેબ ?'

'આ તમારા કોચમૅન અલી ડોસા... આજે હવે ક્યાં છે એ ?'

'તપાસ કરશું.'

તે દિવસે પોસ્ટમાસ્તરના સમાચાર ન આવ્યા. આખી રાત્રિ શંકામાં વિતાવી. બીજે દિવસે સવારે ત્રણ વાગ્યામાં તે ઑફિસમાં બેઠા હતા. ચાર વાગે ને અલી ડોસા આવે કે, હું પોતે જ તેને કવર આપું, એવી આજ એમની ઇચ્છા હતી.

વૃદ્ધ ડોસાની સ્થિતિ પોસ્ટમાસ્તર હવે સમજી ગયા હતા. આજ આખી રાત તેમણે સવારે આવનાર કાગળના ધ્યાનમાં ગાળી હતી. પાંચપાંચ વર્ષ સુધી આવી અખંડ રાત્રિઓ

ગાળનાર તરફ એમનું હૃદય આજે પહેલવહેલું લાગણીથી ઊછળી રહ્યું હતું. બરાબર પાંચ વાગ્યે બારણા પર ટકોરો પડ્યો. પોસ્ટમૅન હજી આવ્યા ન હતા, પણ આ ટકોરો અલીનો હતો એમ લાગ્યું. પોસ્ટમાસ્તર ઊઠ્યા. પિતાનું હૃદય પિતાના હૃદયને પિછાને તેમ આજે એ દોડ્યા. બારણું ખોલ્યું.

'આવો અલીભાઈ ! આ તમારો કાગળ !' બારણામાં એક વૃદ્ધ દીન ડોસો લાકડીના ટેકાથી નમી ગયેલો ઊભો હતો. છેલ્લા આંસુની ધાર હજી તેના ગાલ પર તાજી હતી, ને ચહેરાની કરચલીમાં કરડાઈના રંગ પર ભલમનસાઈની પીંછી ફરેલી હતી.

તેણે પોસ્ટમાસ્તર સામે જોયું ને પોસ્ટમાસ્તર જરાક ભડક્યા. ડોસાની આંખમાં મનુષ્યનું તેજ ન હતું !

'કોણ સાહેબ ? અલી ડોસા...!' લક્ષ્મીદાસ એક બાજુ સરીને બોલતો બારણા પાસે આવ્યો.

પણ પોસ્ટમાસ્તરે તે તરફ હવે લક્ષ ન આપતાં બારણા તરફ જ જોયા કર્યું – પણ ત્યાં કોઈ ન લાગ્યું. પોસ્ટમાસ્તરની આંખ ફાટી ગઈ ! બારણામાં હવે કોઈ જ હતું નહિ. એ શું ? તે લક્ષ્મીદાસ તરફ ફર્યા.

એના સવાલનો જવાબ વાળ્યો :

'હા, અલી ડોસા કોણ ? તમે છો નાં ?'

'જી, અલી ડોસો તો મરી ગયેલ છે ! પણ એનો કાગળ લાવો મારી પાસે !'

'હેં ? કે દી ? લક્ષ્મીદાસ !'

'જી, એને તો ત્રણેક મહિના થઈ ગયા !' સામેથી એક પોસ્ટમૅન આવતો હતો તેણે બીજો અરધો જવાબ વાળ્યો હતો.

પોસ્ટમાસ્તર દિઙ્મૂઢ બની ગયા. હજી મરિયમનો કાગળ ત્યાં બારણામાં પડ્યો હતો ! અલીની મૂર્તિ એની નજર સમક્ષ તરી રહી. લક્ષ્મીદાસે, અલી છેલ્લે કેમ મળ્યો હતો તે પણ કહ્યું. પોસ્ટમાસ્તરના કાનમાં પેલો ટકોરો ને નજર સમક્ષ અલીની મૂર્તિ બંને ખડાં થયાં ! એમનું મન ભ્રમમાં પડ્યું : મેં અલીને જોયો કે એ માત્ર શંકા હતી, કે એ લક્ષ્મીદાસ હતો ?

*

પાછી રોજનીશી ચાલી : 'પોલીસ કમિશનર, સુપરિન્ટેન્ડેન્ટ, લાઇબ્રેરિયન –' કારકુન ઝપાટાબંધ કાગળ ફેંક્યે જતો હતો.

પણ દરેક કાગળમાં ધડકતું હૃદય હોય તેમ પોસ્ટમાસ્તર આજે એકીનજરે એ તરફ જોઈ રહ્યા છે ! કવર એટલે એક આનો ને પોસ્ટકાર્ડ એટલે બે પૈસા એ દૃષ્ટિ ચાલી ગઈ છે. ઠેઠ આફ્રિકાથી કોઈ વિધવાના એકના એક છોકરાનો કાગળ એટલે શું ? પોસ્ટમાસ્તર વધારે ને વધારે ઊંડા ઊતરે છે.

મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય.

*

તે સાંજે લક્ષ્મીદાસ ને પોસ્ટમાસ્તર ધીમે પગલે અલીની કબર તરફ જતા હતા. મરિયમનો કાગળ સાથે જ હતો. કબર પર કાગળ મૂકી પોસ્ટમાસ્તર ને લક્ષ્મીદાસ પાછા ફર્યા.

'લક્ષ્મીદાસ ! આજે સવારે તમે જ સૌથી વહેલા આવ્યા કાં ?'

'જી. હા.'

'– અને તમે કીધું, અલી ડોસા...'

'જી હા.'

'પણ – ત્યારે...ત્યારે, સમજાયું નહિ કે...'

'શું ?'

'હાં ઠીક. કાંઈ નહિ !' પોસ્ટમાસ્તરે ઉતાવળે વાત વાળી લીધી. પોસ્ટઑફિસનું આંગણું આવતાં પોસ્ટમાસ્તર લક્ષ્મીદાસથી જુદા પડી વિચાર કરતા અંદર ચાલ્યા ગયા. એમનું પિતા તરીકેનું હૃદય અલીને ન સમજવા માટે ડંખતું હતું ને આજે હજી પોતાની દીકરીના સમાચાર ન હતા. માટે પાછા સમાચારની ચિંતામાં તે રાત્રિ ગાળવાના હતા. આશ્ચર્ય, શંકા અને પશ્ચાત્તાપના ત્રિવિધ તાપથી તપતા એ પોતાના દીવાનખંડમાં બેઠા, ને પાસેની કોલસાની સગડીમાંથી મધુર તાપ આવવા લાગ્યો.

## ૨.૪ કૃતિ સારાંશ

એક પિતા – કોચમેન અલી ડોસો અને એક પુત્રી – મરિયમના સંબંધને કેન્દ્રમાં રાખતી આ વાર્તા છે. દીકરીનાં લગ્ન પછી એના પત્રની પ્રતીક્ષા કરતો અલી ડોસો આ વાર્તાના કેન્દ્રમાં છે. આ વાર્તાને બે રીતે જોઈ શકાય એમ છે. એક પિતા તરીકે અલી ડોસાની પુત્રી પ્રત્યેની સંવેદના અને બીજું, પોસ્ટમાસ્તરની પોતાની દીકરી માટેની સંવેદના.

અલી ડોસો મરિયમના કાગળ માટે રોજ પોસ્ટઑફિસનો ધક્કા ખાય છે પણ તેને સફળતા મળતી નથી. તેની પિતા તરીકેની આ લાગણીને પાગલપન સમજવામાં આવે છે, તેની સાથે પાગલ જેવો વ્યવહાર કરવામાં આવે છે. ક્રૂર શિકારી અલી ડોસો પુત્રીના કાગળની પ્રતીક્ષામાં અધીરો થતો જાય છે. પોસ્ટઑફિસના કર્મચારીઓ દ્વારા હડધૂત થતો રહે છે છતાં એ નિયમિત પોસ્ટઑફિસનો ધક્કો ખાવાનું છોડતો નથી. મૃત્યુ નજીક હોય છે ત્યારે એ કારકુનને પાંચ ગીની આપે છે. મરિયમનો કાગળ આવે તો પોતાની કબર પર પહોંચાડવાની સૂચના પણ આપે છે.

પોસ્ટમાસ્તર પર જ્યારે આ જ પ્રકારે વીતે છે ત્યારે એને અલી ડોસાની વેદનાનો ખ્યાલ આવે છે. મરિયમનો કાગળ આવે છે ત્યારે પોસ્ટમાસ્તરને પણ આનંદ થાય છે પણ ત્યારે બહુ મોડું થઈ ચૂક્યું હોય છે. કારકુન અને લક્ષ્મીદાસ દ્વારા ખબર પડે છે કે અલી ડોસો હવે નથી. અંતિમ ક્ષણ સુધી મરિયમના કાગળને ઝંખતા અલી ડોસાની વેદના-સંવેદના ભાવક તરીકે આપણને સ્પર્શી જાય છે.

## ૨.૫ કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

### ૨.૫.૦ ભૂમિકા

આ નવલિકા (ટૂંકી વાર્તા)નો સરળતા ખાતર ત્રણ ખંડમાં વહેંચીને અભ્યાસ કરીશું. ખંડ-૧ 'ખીસામાં ત્રણ તોલા સોનું પડ્યું હતું', ખંડ-૨ 'કે એ લક્ષ્મીદાસ હતો' અને ખંડ-૩ નવલિકાનો બાકી રહેલો ભાગ.

### ૨.૫.૧ ખંડ : ૧

આ ખંડમાં એક પિતા – અલી ડોસાની પોતાની પુત્રી મરિયમનો કાગળ મેળવવાની તીવ્ર ઝંખનાનું વર્ણન થયું છે. કોચમેન અલી ડોસો ક્રૂર શિકારી હતો. ઈટાલીના ગરુડ જેવી એની તીવ્ર નજર હતી, પરંતુ મરિયમ લગ્ન કરીને દૂર જાય છે ત્યારે એને વિરહનો ખ્યાલ આવે છે. મરિયમનાં લગ્ન પછી પાંચ વર્ષ સુધી એના કોઈ સમાચાર મળતા નથી ત્યારે પિતાનું હૃદય આકુળ-વ્યાકુળ બને છે. રોજ કાગળની ઝંખના કરે છે, ગમે તેવી ઋતુમાં પણ સવારે પોસ્ટઑફિસ પહોંચે છે. પોસ્ટઑફિસને વાર્તાકારે સૌથી રસહીન મકાન કહ્યું છે. પોસ્ટઑફિસના કર્મચારીઓનો અલી સાથેનો જે રીતનો વ્યવહાર છે, એના પરથી એ રસહીન, સંવેદનહીન મકાન લાગે છે. પોસ્ટઑફિસના કર્મચારીઓ માટે અલી કોઈ ગાંડો છે કારણ કે રોજ સવારે કાગળ માટે એ હાજર થઈ જાય છે. એની આ ચેષ્ટા એને ગાંડામાં ખપાવે છે. બીજી વ્યક્તિની સંવેદના ન સમજવી અને એની સંવેદનાને ગાંડપણમાં ખપાવવાની માણસની વૃત્તિનાં દર્શન અહીં થાય છે. પોતે રોજ હાંસીપાત્ર બને છે છતાં અલી પોસ્ટઑફિસ જવાનું અંતિમક્ષણ સુધી છોડતો નથી. અંતે, એ એક કારકુન પર વિશ્વાસ રાખીને કાગળ પોતાની કબર પર પહોંચાડવાનું સોંપે છે. મૃત્યુ પછી પણ દીકરીના કાગળની ઝંખના અલી ડોસો છોડતો નથી. અહીં પિતાના વત્સલહૃદયનો પરિચય થાય છે. ક્રૂર શિકારીમાંથી વત્સલ હૃદયી પિતા બનતા અલી; આ પરિવર્તન પણ આ ખંડનો મહત્ત્વનો ભાગ છે. તેતરનો શિકાર કરનાર અલી સમયનો શિકાર થયો હોય એવું લાગે છે. દીકરીના કાગળની પ્રતીક્ષા ને પ્રતીક્ષામાં એનો અંત આવે છે ત્યારે સમયનો વિજય થયો હોય એવું પણ લાગે છે. વાર્તાનો આ ખંડ અલી ડોસાનો ભૂતકાળ અને એનો વર્તમાન બેઉનો પરિચય આપણને કરાવે છે. એ પરિચયમાંથી અલીનાં બે જુદાંજુદાં વ્યક્તિત્વનો પરિચય મળે છે.

**તમારી પ્રગતિ ચકાસો – ૧**

૧. પોસ્ટઑફિસમાં અલી ડોસા સાથે કેવો વ્યવહાર થાય છે?

૨. અલીના ભૂતકાળ વિશે નોંધ તૈયાર કરો.

૩. વિરહ એટલે શું? – તે અલીને ક્યારે અને કેવી રીતે સમજાય છે?

૪. પોસ્ટઑફિસમાં ચાલતા 'ગાંડાપુરાણ' વિશે નોંધ તૈયાર કરો.

### ૨.૫.૨ ખંડ : ૨

પિતા અલી ડોસાના ચિત્તમાં દીકરીનો કાગળ રમતો હતો. વાર્તાના આ બીજા ખંડમાં વાર્તાકારે પોસ્ટમાસ્તરને કેન્દ્રમાં રાખ્યા છે. અલી ડોસાની ચેષ્ટાને ગાંડપણમાં ખપાવનાર પોસ્ટમાસ્તર પોતાની માંદી દીકરીના સમાચાર મેળવવા તલસે છે ત્યારે બીજા પિતાનું હૃદય સમજી શકે છે. પોસ્ટમાસ્તરને પોતાના વ્યવહાર માટે ગ્લાનિ થાય છે. પાંચ વર્ષથી દીકરીના પત્ર માટે તલસી રહેલા પિતાની વેદનાનો ખ્યાલ આવે છે. મરિયમનો કાગળ આવે છે ત્યારે એમને ભ્રમ થાય છે, કે અલી ડોસો પોસ્ટઑફિસ આવ્યો હતો. આ ભ્રમનું નિરસન થાય છે. પોસ્ટમાસ્તરને ખબર પડે છે કે અલી ડોસો ત્રણ મહિના પહેલાં જ મૃત્યુ પામ્યો હતો. વાર્તામાં આ વક્રતા છે, કે અલી ડોસો કોઈ પણ સ્થિતિમાં પોસ્ટઑફિસ પત્ર લેવા માટે આવતો હતો, હાંસીપાત્ર બનતો હતો. પત્ર આવે છે પણ એના મૃત્યુ પછી. જેની સતત પ્રતીક્ષા હોય છે એ મૃત્યુ બાદ મળે છે, પરંતુ આ ખંડમાં અગત્યનો ભાગ પોસ્ટમાસ્તરના હૃદયપરિવર્તનનો છે. આપણા પર જ્યારે વીતે છે ત્યારે અન્યની પીડાનો ખ્યાલ આવે છે. બાકી તો, એ વ્યક્તિને આપણે હાંસીપાત્ર બનાવીએ છીએ. માનવસ્વભાવની આ વક્તા પણ વાર્તાકારે માર્મિક રીતે અહીં રજૂ કરી છે. દીકરીવિરહમાં ઝૂરતા બે પિતાનો હૃદયસંગમ આ ખંડમાં જોવા મળે છે.

* "'પોસ્ટઑફિસ' વાર્તામાં રચનાસંવિધાનનું વૈશિષ્ટ્ય છે. એની નાની નાની મર્યાદા બાદ કરતાં એ આપણી ગુજરાતી ટૂંકી વાર્તાના ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ કૃતિ છે. એમાં બે પિતાના હૃદયને પ્રસંગોની સમાંતરતાથી પ્રગટ કર્યાં છે. એક વખતનો ક્રૂર શિકારી અલી પુત્રીના વિયોગે કુમાશભર્યા હૈયાવાળો બને છે. એ પ્રથમ ઘટના છે અને પુત્રીવિરહમાં મુકાયેલા પોસ્ટમાસ્તરના હૈયાને અલી પર આવેલા મરિયમના પત્રે કૂણું કરી દીધું એ બીજી ઘટના છે. નાટ્યાત્મક

વ્યંગથી આ બંને ઘટનાઓ એકબીજાની પડછે અસરકારક બની છે. બે પિતાના હૃદયભાવોની રેખાઓ એક બની જાય છે. 'મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય.' એવા પોસ્ટમાસ્તરના વિચારમાં જ વાર્તાનું મુખ્ય ભાવબિંદુ રહેલું છે. સમાંતરતા અને વિરોધની રીતિએ લખાયેલી આ વાર્તાનું સંરચન કુશળતાપૂર્વક થયું છે."

**તમારી પ્રગતિ ચકાસો – ૨**

૧. પોસ્ટમાસ્તરને અલીની વેદનાનો ખ્યાલ કેવી રીતે આવે છે?

૨. પોસ્ટમાસ્તર અલી સંદર્ભે શું અનુભવે છે?

## ૨.૫.૩ ખંડ : ૩

વાર્તાનું કેન્દ્રબિંદુ કોચમૅન અલી ડોસા અને મરિયમનો કાગળ છે. પણ અલીના મૃત્યુ બાદ પોસ્ટમાસ્તર વાર્તાના કેન્દ્રમાં આવે છે. પિતા તરીકે અલી ડોસાને ન સમજી શકનાર પોસ્ટમાસ્તરનું હૃદય એમને ડંખે છે. કાગળ એ માત્ર સામાન્ય કાગળ નથી. 'કવર એટલે એક આનો ને પોસ્ટકાર્ડ એટલે બે પૈસા' એ દૃષ્ટિ હવે બદલાઈ ગઈ છે. આ બદલાઈ ગયેલી દૃષ્ટિને કારણે જ પોસ્ટમાસ્તર લક્ષ્મીદાસ સાથે અલી ડોસાની કબર પર કાગળ મૂકવા જાય છે. પોસ્ટમાસ્તરનો એમાં પશ્ચાત્તાપ પણ દેખાય છે. પોસ્ટઑફિસમાં આવતા હજારો કાગળોને જોવા માટેની એક નવી દૃષ્ટિ હવે પોસ્ટમાસ્તર પાસે છે. હજી એમની દીકરીનો પત્ર તો એમને મળ્યો જ નથી. એ ચિંતા હજી એમના હૃદયમાં છે, પણ પોસ્ટઑફિસ એક જુદું જ સ્થાન છે એનો ખ્યાલ એમને આવી ગયો છે. આ વાર્તાનું શીર્ષક 'પોસ્ટઑફિસ' એ રીતે પણ સાર્થક બને છે. પત્ર અન્યનો હોય પણ એને જોવાની દૃષ્ટિ આપણી છે અને એ દૃષ્ટિમાં સમભાવ ન હોય તો કાગળ સાથે જોડાયેલી સંવેદનાનો ખ્યાલ આવતો નથી. જેનો કાગળ હોય એની દૃષ્ટિનો વિચાર કરીએ તો એ કાગળ સાથે જોડાયેલી સંવેદના સુધી પહોંચી શકાય. ધૂમકેતુનો આ વાર્તા સંદર્ભે આ અભિપ્રાય પણ જોવા જેવો છે.

**તમારી પ્રગતિ ચકાસો – ૩**

૧. પોસ્ટમાસ્તરની નજરમાં હવે કાગળનું શું મહત્ત્વ છે?

૨. 'પોસ્ટઑફિસ' વાર્તાના શીર્ષકની ચર્ચા કરો.

## ૨.૬ વસ્તુલક્ષી કસોટી

### તમારી પ્રગતિ ચકાસો – ૪

નીચે કેટલાંક અધૂરાં વાક્યો આપ્યાં છે. વાક્યપૂર્તિ માટે આપેલા વિકલ્પમાંથી પસંદ કરો.

૧. ભાવિક મનુષ્ય ....... જોઈ જેમ શ્રદ્ધાથી આનંદ પામે....

(૧) ગિરનારનું શિખર

(૨) દાતારનું શિખર

(૩) પાવાગઢનું શિખર

૨. પરંતુ .......... જેવી અલીની દૃષ્ટિ બરાબર સસલાના કાન પર ચોંટતી...

(૧) ઇટાલીના ગરુડ

(૨) બાજ

(૩) આફ્રિકન ગરુડ

૩. મરિયમના ........ વર્ષ થયાં કાંઈ સમાચાર હતા નહિ.

(૧) છેલ્લાં પાંચ

(૨) છેલ્લાં ચાર

(૩) છેલ્લાં ત્રણ

૪. ............ કદાચ જગતમાં સૌથી રસહીન મકાન...

(૧) કબ્રસ્તાન

(૨) સ્મશાન

(૩) પોસ્ટઑફિસ

૫. મરિયમનું નામ એના પિતા સિવાય બીજાને મન ........... જેટલી કિંમતનું છે?

(૧) ત્રણ પૈસા

(૨) ચાર પૈસા

(૩) બે પૈસા

૬. ચહેરાની કરચલીમાં કરડાઈના રંગ પર .......................

(૧) ભલમનસાઈની પીંછી ફરેલી હતી.

(૨) શૂન્યાવકાશ દેખાતો હતો.

(૩) ઉદાસી પથરાયેલી હતી.

૭. ........... કોઈ વિધવાના એકના એક છોકરાનો કાગળ એટલે શું ?

(૧) ઠેઠ અમેરિકાથી

(૨) ઠેઠ આફ્રિકાથી

(૩) ઠેઠ જાપાનથી

૮. મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિએ જુએ તો .........

(૧) અરધું જગત શાંત થઈ જાય.

(૨) બધી મુશ્કેલીઓ દૂર થાય.

(૩) ઘણુંબધું જ્ઞાન પ્રાપ્ત થાય.

"ધૂમકેતુને ઉપમા-અલંકારમાં સારી ફાવટ લાગે છે અને એમની કલ્પક-શક્તિ સારાં શબ્દચિત્ર નિપજાવી આપે છે. 'શુક્રના તારાનું તેજ ઠંડીના કટકા જેવું પડતું હતું' એ એમની ઉપમા તરત ધ્યાન ખેંચે છે એવી જ બીજી એક ઉપમા આ રહી : 'ભાવિક મનુષ્ય દાતારનું શિખર જોઈ જેમ શ્રદ્ધાથી આનંદ પામે...' આ ઉપમા પણ તાજગીપૂર્ણ છે.

ધૂમકેતુ વાર્તાને મલાવીને કહેનાર સવિશેષ સર્જક લાગે છે. વાર્તા લખનાર નહિ, પણ વાર્તા કહેનાર એ વિશેષ લાગે છે."

## ૨.૭ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

ભાષા દ્વારા અભિવ્યક્તિ વિવિધ રીતે થાય છે. પોતાની વાત સારી રીતે કહેવામ્ લેખક 'અલંકાર'નો ઉપયોગ કરતો હોય છે. અલંકારના ઉપયોગ દ્વારા અભિવ્યક્તિ સુંદર બને છે. સ્ત્રી જેમ અલંકાર ધારણ કરીને સુંદર દેખાય છે, એવું જ ભાષા સાથે પણ છે. જેમ કે, 'અલીની દૃષ્ટિ ઇટાલીના ગરુડ જેવી હતી.' અહીં અલીની તીક્ષ્ણ નજરની અન્ય સાથે સરખામણી કરવામાં આવી છે. અહીં ઉપમા અલંકાર છે. ગરુડની દૃષ્ટિ અને અલીની દૃષ્ટિમાં રહેલી વેધકતાની અહીં સરખામણી છે. ઉપમા અલંકારનો ઉપયોગ ઘણો જોવા મળે છે. અહીં અલીની સરખામણી થઈ છે એટલે એ ઉપમેય છે અને ગરુડ સાથે સરખામણી થઈ છે એટલે ગરુડ ઉપમાન છે.

સરખામણી દૃષ્ટિની કરવામાં આવી છે. એટલે દૃષ્ટિ અહીં સાધારણ ધર્મ છે. ધૂમકેતુની ભાષા વિશેનો આ મત પણ જોવા જેવો છે.

**તમારી પ્રગતિ ચકાસો – ૫**

'પોસ્ટઑફિસ'માંથી અન્ય ઉપમા અલંકાર હોય એવાં વાક્યો શોધીને એમાં ઉપમેય, ઉપમાન અને સાધારણ ધર્મ શોધી બતાવો.

**તમારી પ્રગતિ ચકાસો – ૬**

ગુજરાતી ભાષા સિવાય અન્ય ભાષાના શબ્દોનો પણ અહીં ઉપયોગ થયો છે. આવા શબ્દોની યાદી તૈયાર કરો. જેમ કે, 'સુપરિટન્ટેન્ડન્ટ'

**તમારી પ્રગતિ ચકાસો – ૭**

અલંકાર દ્વારા અભિવ્યક્તિ સુંદર બને છે તેમ રવાનુકારી અને દ્વિરુક્ત પ્રયોગોથી પણ અભિવ્યક્તિ સુંદર બને છે. જેમ કે 'નળમાં પાણી ટપટપ થાય છે.' અહીં 'ટપ' શબ્દ બે વખત વપરાયો છે એટલે એ દ્વિરુક્ત પ્રયોગ છે. વળી, 'ટપટપ' કહેવાથી પાણી પડવાનો અવાજ સંભળાય છે. 'ટપટપ' એ રીતે રવાનુકારી પણ છે. રવાનુકારી એટલે શબ્દમાંથી અવાજનો ખ્યાલ પણ આવે. 'પોસ્ટઑફિસ'માંથી આવા દ્વિરુક્ત અને રવાનુકારી શબ્દપ્રયોગોની યાદી તૈયાર કરો. આ વાર્તા ઉપરાંત પણ આવા પ્રયોગો તમારા ધ્યાનમાં હોય તો એની પણ નોંધ કરો.

## ૨.૮ પુનરવલોકન

વાર્તાના સઘન અભ્યાસ બાદ હવે એને આધારે નીચેના પ્રશ્નોનો વિગતે અભ્યાસ કરો.

**તમારી પ્રગતિ ચકાસો – ૮**

૧. 'પોસ્ટઑફિસ' વાર્તાને આધારે કોચમૅન અલી ડોસાનું પાત્રાલેખન તૈયાર કરો.

૨. પોસ્ટમાસ્તર અને અલી ડોસાના પાત્રની તુલના કરો.

૩. નીચેનાં વાક્યો સંદર્ભ સહિત સમજાવો :

(૧) 'પોસ્ટઑફિસ' – કદાચ જગતમાં સૌથી રસહીન મકાન...

(૨) 'મરિયમનું નામ એના પિતા સિવાય બીજાને મન બે પૈસા જેટલી કિંમતનું છે!'

(૩) 'મેં અલીને જોયો કે એ માત્ર શંકા હતી, કે એ લક્ષ્મીદાસ હતો?'

(૪) 'પોસ્ટઑફિસ' વાર્તાનો ભાવાર્થ તમારા શબ્દોમાં તૈયાર કરો.

## ૨.૯ લેખન પ્રવૃત્તિ સ્વાધ્યાય : ૯

પિતા-પુત્રીના સંબંધને આલેખતી અન્ય કોઈ વાર્તા તમારા ધ્યાનમાં હોય તો એનો અભ્યાસ કરી ભાવાર્થ તૈયાર કરો.

## ૨.૧૦ વિશેષ અધ્યયન

### ૨.૧૦.૧ કર્તા-પરિચય

ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ' (૧૨-૧૨-૧૮૯૨)નો જન્મ સૌરાષ્ટ્રના વીરપુરમાં થયો હતો. નવલિકા ઉપરાંત નવલકથા, નિબંધ, ચરિત્ર અને નાટક ક્ષેત્રે એમનું વિપુલ પ્રદાન જોવા મળે છે. એમને નર્મદ સુવર્ણચંદ્રક ઉપરાંત અન્ય ઘણાં સન્માનો પ્રાપ્ત થયાં હતાં. ૧૯૪૪માં ગુજરાતી સાહિત્ય પરિષદના વડોદરા અધિવેશનના તેઓ પ્રમુખ પણ હતા. 'તણખા મંડળ' ૧થી ૪ (૧૯૨૬, ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૫) ઉપરાંત અન્ય વાર્તાસંગ્રહો મળીને એમણે ૨૪ વાર્તાસંગ્રહો આપ્યા છે. 'પોસ્ટઑફિસ' સિવાય 'ભૈયાદાદા', 'જુમો ભિસ્તી', 'જન્મભૂમિનો ત્યાગ', 'ગોવિંદનું ખેતર', 'હ્દયપલટો', 'એક ટૂંકી મુસાફરી' એમની નીવડેલી અને ગુજરાતી સાહિત્યની જાણીતી વાર્તાઓ છે. એમણે સામાજિક નવલકથાઓ ઉપરાંત ચૌલુક્યયુગ અને ગુપ્તયુગને કેન્દ્રમાં રાખીને ઐતિહાસિક નવલકથાઓ પણ આપી છે. 'મલયાનિલ'ની 'ગોવાલણી'થી ટૂંકી વાર્તાનો પ્રારંભ ગણવામાં આવે છે, એ પ્રવાહને વળાંક આપનાર મહત્ત્વના વાર્તાકાર ધૂમકેતુ છે. વિપુલ સાહિત્યનું સર્જન કરનાર ધૂમકેતુ લોકપ્રિય અને કળાત્મક વાર્તાઓ આપવા માટે પણ યાદ રહેશે.

"ટૂંકી વાર્તાને માત્ર મોજમજા કે આનંદના સાહિત્ય તરીકે ગણવાનો વખત હવે પૂરો થવો જોઈએ. સાહિત્ય એ માત્ર કલ્પનાનો વિષય નથી, પરંતુ જીવનને જે સ્વરૂપ આપવા માટે આત્મા અવાજ કરે છે તે સ્વરૂપને સમજવાનો જે પ્રયત્ન કરે છે તે સ્વરૂપ સિદ્ધ કરવાની માનસિક પ્રક્રિયા છે. આજે મનુષ્યનો બુદ્ધિવિકાસ થયો છે અને સીધા ઉપદેશ કરતાં એને ધ્વનિમાં વધારે આનંદ આવે છે. જીવનમાં થયેલા ફેરફારને અનુરૂપ, સાહિત્યના રૂપના પણ ફેરફાર થયા છે."

ધૂમકેતુની આ સમજના સંદર્ભમાં 'પોસ્ટઑફિસ' અને એમની અન્ય વાર્તાઓને મૂલવવી જોઈએ. પ્રવાહને વળાંક આપનાર મહત્ત્વના વાર્તાકાર ધૂમકેતુ છે. વિપુલ સાહિત્યનું સર્જન કરનાર ધૂમકેતુ લોકપ્રિય અને કલાત્મક વાર્તાઓ આપવા માટે પણ યાદ રહેશે.

### ૨.૧૦.૨ સ્વરૂપ-પરિચય

ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તાનું સ્વરૂપ પશ્ચિમમાંથી આયાત થયેલું છે. જીવનના એક પ્રસંગની એમાં કળાત્મક રીતે રજૂઆત હોય છે. એ બોધ આપતી કથાથી જુદું પડતું સ્વરૂપ છે. જીવનનું રહસ્ય એમાં કોઈ એક પાત્ર નિમિત્તે કે ઘટના નિમિત્તે પ્રગટ થાય છે. ટૂંકમાં કહેવાની રીત વાર્તાકાર પાસે હોવી જોઈએ. લાઘવ એ વાર્તાનો મોટો ગુણ રહ્યો છે. કથન-કહેવાની શૈલી, સંવાદ, ઓછાં પાત્રો દ્વારા અનોખી શૈલીના સમન્વયથી વાર્તાકાર વાર્તા ઘડે છે. ગુજરાતી સાહિત્યમાં જુદાજુદા યુગમાં જુદીજદી શૈલી અને વાર્તાપ્રવાહને આગળ વધારનારા વાર્તાકારો અને વાર્તાઓ મળી છે. આ સ્વરૂપ વિશેની ધૂમકેતુની સમજ પણ જાણવા જેવી છે.

### ૨.૧૦.૩ વિશેષ વાચન

ધૂમકેતુ ગાંધીયુગના વાર્તાકાર છે. આ યુગના અન્ય વાર્તાકારો રા.વિ. પાઠક, ઉમાશંકર જોશી અને સુંદરમ્ જેવા વાર્તાકારોની વાર્તાનો અભ્યાસ કરવો જોઈએ. સાથેસાથે ધૂમકેતુની અન્ય વાર્તાઓનો અભ્યાસ પણ કરવો જોઈએ.

## ૨.૧૧ ટિપ્પણ

ગીની = સોનાનો બનેલો બ્રિટિશ કાળનો સિક્કો

તુંબડું = કડવી દૂધી, જાડું માણસ, તુંબડાને લાકડાનો કટકો જડી તૈયાર કરેલ વાજિંત્ર

થાનક = સ્થાન, જગ્યા

કૌતુક = આશ્ચર્ય, અચરજ

ભલમનસાઈ = ભલાઈ, માયાળુપણું, નમ્રપણું

## ૨.૧૨ સંદર્ભ નોંધ

૧. નાયક, ઇલા ૨૦૦૯ 'ગાંધીયુગની ટૂંકી વાર્તાનું પુનર્વાચન' અધીત એકત્રીસ. પા. ૮૮, ૮૯

૨. મોદી, ચિનુ ૨૦૧૫ 'ટૂંકી વાર્તામાં ગદ્ય-તપાસ : ૨ ગાંધીયુગ' પરબ. પા. ૫૫

૩. ભોગાયતા, જયેશ. ૨૦૧૬ ગુજરાતી સાહિત્ય વિવેચનમાં ટૂંકી વાર્તાની સ્વરૂપ વિચારણા. પા. ૫૦૬

# એકમ : ૩ ગુજરાતી એકાંકી

**પ્રકરણની રૂપરેખા**


૩.૧ એકમના હેતુઓ

૩.૨ પ્રસ્તાવના

૩.૩ કૃતિ (એકાંકી – બારણે ટકોરા)

૩.૪ કૃતિ સારાંશ

૩.૫ કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

  ૩.૫.૧ ભૂમિકા

  ૩.૫.૨ ખંડ : ૧

    તમારી પ્રગતિ ચકાસો – ૧

  ૩.૫.૩ ખંડ : ૨

    તમારી પ્રગતિ ચકાસો – ૨

  ૩.૫.૪ ખંડ : ૩

    તમારી પ્રગતિ ચકાસો – ૩

    તમારી પ્રગતિ ચકાસો – ૪

૩.૬ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ તમારી પ્રગતિ ચકાસો – ૫, ૬

૩.૭ પુનરવલોકન તમારી પ્રગતિ ચકાસો – ૭

૩.૮ લેખન પ્રવૃત્તિ તમારી પ્રગતિ ચકાસો – ૮

૩.૯ વિશેષ અધ્યયન

  ૩.૯.૧ કર્તા-પરિચય

  ૩.૯.૨ સ્વરૂપ-પરિચય

  ૩.૯.૩ વિશેષ વાચન

૩.૧૦ ટિપ્પણ

૩.૧૧ સંદર્ભ


## ૩.૧ હેતુઓ

૧. ગુજરાતી સાહિત્યના જાણીતા એકાંકીનો પરિચય થાય.

૨. એકાંકીકળાની દૃષ્ટિએ એકાંકીની તપાસ.

૩. કૃતિના વિષયવસ્તુ દ્વારા આતિથ્યભાવનાનો પરિચય થાય.

૪. એકાંકીનાં જુદાંજુદાં પાત્રો અને એમાં પ્રયોજાયેલી ભાષા, વિવિધ શબ્દભંડોળનો પરિચય થાય.

ignou THE PEOPLE'S UNIVERSITY

## ૩.૨ પ્રસ્તાવના

ઉમાશંકર જોશીનું આ અત્યંત જાણીતું એકાંકી છે. એકાંકીમાં આવતું સૂચિત પાત્ર પરભુગોર અને એમની આતિથ્યભાવના એકાંકીના કેન્દ્રમાં છે. પરભુગોરનાં પત્ની નંદુગોરાણી પતિની આતિથ્યભાવનાથી થાક્યાં છે. મોટો પુત્ર જયંતી પણ પિતાને રસ્તે છે. એકાંકીના અંતે સૂચિત પાત્ર પરભુગોર દ્વારા સર્જકે જે ચોટ સાધી છે, એને કારણે આ એકાંકી વધુ ગહન અને અભિનયક્ષમ બને છે.

## ૩.૩ કૃતિ બારણે ટકોરા

**પાત્રો**

નંદુ : મા

બટુ : નંદુનો નાનો દીકરો

મુગટલાલ : જયંતીનો મિત્ર

ચંચળ : ઓળખીતી બાઈ

જયંતી : નંદુનો મોટો દીકરો

સૂચિત પાત્ર

પરભુગોર : નંદુના સ્વર્ગસ્થ પતિ

સમય : મોડા ઉનાળાની સાંજ.

સ્થળ : પડખે સ્ટેશન હોવાને લીધે શહેર ગણાતા એક કસબાના ધોરી રસ્તા પરનું ઘર. એક જ પડાળના મોટા ઓરડાની સામી ભીંતે અભરાઈઓ ઉપર ડબ્બા ગોઠવેલા છે. એ જ ભીંતમાં બારી જેવું એક બારણું છે. ડાબી તરફ વાંસની ખાપોટીઓ વડે ભીંતથી છૂટું પાડેલું રસોડું છે. વળગણી ઉપર લૂગડાંના લબાચા લટકે છે. જમણી તરફ બે પગથિયાં ઊતરીએ એટલું નીચું આંગણું છે. તેને છેડે ખડકીનું બારણું સ્પષ્ટ દેખાય છે.

લાકડાની પાટ ઉપર પાથરેલી દેખાય છે ને હમણાં જ એમાંથી કોઈ ઊઠ્યું હોય એમ ઓઢવાનો કામળો ઊંચોનીચો, અરધો નીચે લટકતો પડ્યો છે. પાટ નીચે આખી દુનિયા ખડકાયેલી છે. નીચે બાજુમાં નંદુગોરાણી અને ચંચળબહેન વાતો કરતાં બેઠાં છે.

નંદુગોરાણીએ કાળો સાડલો ઓઢેલો છે. મૂંડાવેલું માથું અને આભૂષણ વિનાનો વેશ તે સાચે જ માંદાં છે કે એવાં દેખાય છે એ સમજવું અઘરું બનાવી મૂકે છે. ચાળીસની અંદરનાં હોવા છતાં બહુ ઘરડાં લાગે છે. ચંચળબહેન ઘડાઈ ગયેલી બાઈ જણાય છે.

નંદુ : (હાંફતાં હાંફતાં) તે... આ... તમે ન આવ્યાં હોત તો... તો... કોણ જાણે ક્યારે જાગત! (નિસાસો મૂકી) મારે તો દિવસ ને રાત બધું એકાકાર થઈ ગયું છે!

[ઊંચાં થઈ પાટને ખૂણેથી છીંકણીની દાબડી લેવા કરે છે.]

ચંચળ : રહો, રહો, હું લઈ લઉં છું! જરી હાંફ તો બેસવા દો! બેસો હેઠે હૈયે લગીર! (દાબડી લે છે.)

નંદુ : (ધીરેથી) આ ઘરમાં રહીને હેઠે હૈયે બેસવા વારો આ જનમમાં તો આવવાનો દેખતી નથી. (બંને છીંકણીની ચપટી લે છે.) આ જુઓ છો ને કે લગીર બારણાં લગણ ગઈ એમાં તો આખો ડુંગરો ચડી ગઈ જાણે, એવો હાંફ લાગ્યો છે ! ને દા'ડામાં દોઢસો વાર ખડકી ઉઘાડવા જવું પડે, જરી પૂંઠ વાળી કે કો'ક ને કો'ક આવીને ઊભુંસ્તો ! (ચંચળ જરી ઉંકારો કરી જાય છે.) જો જો, બુન, તમારા પર નથી, પણ...

ચંચળ : ગોરાણી, હું તો...

નંદુ : એ શું બોલ્યાં ? તમે અહીં ક્યાંથી ? આપણે તો ઘડીક બેસીએ તો સુખદુઃખની વાતોય કરીએ.

ચંચળ : (સાડલાના છેડાથી નાક લૂછતાં) મારા મનમાં કે આજ ઘણા દનથી નંદુગોરાણીને મલી નથી તે મલતી આવું, ને (અચકાતી) પેલા પૂનમભાઈનો લોટો તમારે ત્યાં રહી ગયો છે ને ? – તે ઇંયાંનો સંદેશો આયો છે કે લઈ આવજો તે મેંકું લેતી આવું.

નંદુ : કયા પૂનમભાઈ ? (કાંઈ યાદ આવતાં) હા, હા, પેલા – અહીં દીકરાને દવા કરાવવા મહિનોમાસ રહી ગ્યા'તા એ ! બુન, અહીં તો આખી દુનિયા આવે છે ને જાય છે, કેટલાંની સરત[1] રહે ? તે તમારે ને ઇંયાંને શું ઓળખાણ ?

ચંચળ : કાંઈ નહિ ! પણ અમારા ગામના ખરા ને ? આ પાંચમે મારા ભાણિયાનાં લગનમાં જવાની છું, ત્યારે લેતી જઈશ. કાંઈ લેવાદેવાનું મલેમલાવે નહિ, ને નકામી વેઠ !

નંદુ : આ પેલો પાટ હેઠળ મૂકી રાખ્યો હતો એવો ને એવો અકબંધ ! એ ને ઇંયાંનો લોટો સાજો રહે ભા !... પણ, બુન, તમે ખોટું ન લગાડતાં – કહ્યા વિના રહેવાતું નથી – આ કળશ્યો તમારે ત્યાં વિયાશે ને અહીં રહેત તો દૂબળો પડી જાત ? અહીં આવત ત્યારે પંડે લઈ નો જવાત ?

ચંચળ : એ તો ગોરાણી બધાંનાં મન મોટાં ઓછાં હોય છે ? મૂંજી મારો પીટ્યો ! નકર મહિના લગણ તમારું ઘર ફોલી ખાઈ જાય ને એક ટોયલી[2] ખાતર મન બગાડે ડાહ્યો હોય તો ?

૧. સરતા-સુરતા; અહીં ભાન. ૨. નાની લોટી

નંદુ : ના, પણ તો ઠીક છે, મારી બાઈ, પણ પેલા મકનજી – અમારે નાવાનીય સગાઈ નહિ, ને 'મારા ગોરજીનું ઘર' કરતા આયા. આયા ત્યાં લગણ તો કહ્યું ઠીક છે, પણ સવારે અંધારે અંધારે ઘેર જવા નીકળ્યા તે ઇંયાંના હજાર થીંગડાંવાળા કોટને બદલે મારા જયંતીનો નવોનોક પહેરીને થયા હીંડતા. તે આવજે ઘર ઢૂકડું ! કોણ પગેરું કાઢવા નવરું બેઠું'તું ?

ચંચળ : શો કળજગ વ્યાપ્યો છે ?

નંદુ : ને પેલો જગન્નાથ, હરિને લઈ ને મુમ્બઈ જતો'તો, તે અહીં રાતવાસો રહેલો ! સવારના મુમ્બઈ જવાના કોડમાં ને કોડમાં બાઈજી કપડાંની પોટલી ભૂલી ગ્યાં. પાછળથી તાર કર્યો કે પારસલથી પોટલી મોકલી આપજો. તે... બાઈ, ઈંને તો આંગણે રૂપિયાનું ઝાડ વાવેલું હશે, પણ મારે આ મે'માનગીરી, ને ઉપરની દખણા ક્યાંથી આલવી ?

ચંચળ : તમારે તો બધી મેરથી[1] દંડાવાનું.

નંદુ : કાંઈ કહવાની વાત નથી ! ઇંયાંને છતે, લોક આવતું-જતું તે જણાતું નહિ, પણ...

ચંચળ : જયંતીભાઈને માથે આટલો બોજો – એ તો ગોરાણી, ગમે એવા મોટા લખેશરીની પણ કમ્મર વાંકી થઈ જાય ! મને તો થાય છે કે પરભુગોર કેમ કરીને પૂરું કરતા'તા ! એ તો તમારે જ પરતાપે, બા !

નંદુ : આખો અવતાર મે'માનોની ચાકરીમાં કાઢ્યો છે! દન ને રાત જોયા વના ફૂદાની[૨] પેઠમ ફરતી ને એકલે હાથે બધાં કામને પહોંચી વળતી.

ચંચળ : બાઈ, પરભુગોરની ઓળખાણ પણ કાંઈ નાનીસૂની? ગામગામના ઠાકોર, શેઠિયા, અમલદાર, બધાં સાથે ઇંયાંને બેસવા-ઊઠવાનું! સહુને ભાયગ કાંઈ એવી શાખઆબરૂ ઓછી હોય છે? ને તમારે ત્યાં તો એક વાર કેટલાં ગામે દૂઝતાં?

નંદુ : પણ એ તો બધાં વરખાસન ઈંમના સંગાથે ગ્યાં! રતરતનો ફળમેવો ખાધો ખૂટતો નહિ, એ હવે તો ક્યાંય જોયો જડતો નથી. બાઈ, એ તો બે આંખોની શરમ છે! ઈંમને નું'વે[૩] હવે બધુંય ફલ્લંફલ્લા[૪]!

૧. બાજુથી ૨. પતંગિયાની પેઠે. ૩. ન હોય ત્યારે, (ન હુવે) ૪. ફોક.

ચંચળ : (દુઃખ દર્શાવી) : એવી વાત છે!

નંદુ : પણ, ચંચીબુન, ઈંમની હયાતીમાં તો પેટ પર પાટા બાંધીનેય ચલાવતાં, પણ હવે હજીય 'મારા ગોરજીનું ઘર' કરતું વાટે કુટાતું કોઈ પણ માનવી મારે ત્યાં આવીને ઊભું રહે છે, તે જાયને ઇંયાંની પાસે ત્યાં... (આકાશ તરફ તાકે છે.)

ચંચળ : પરભુગોરને કોઈથી નો પહોંચાય!

નંદુ : હું તો ત્યારે પણ હિંમત હારી જતી, પણ મને રોજ કહે કે, 'સાથે શું લઈ જવાનું છે? રામનો આલ્યો બટકું રોટલો ખાધા કરતાં ખવરાવ્યો મીઠો લાગે!'

ચંચળ : દિલનો દરિયાવ આદમી!

નંદુ : મેં એક દન ભરસરાવણની મેઘલી રાતે એક વાટમારગુને બારણે આ'કારો[૧] નો દીધો ત્યારે એ મને વઢ્યા નહિ, પણ ત્યાં જઈને મોટેથી ઈંને સાદ કર્યો. ઝમઝમ વરસાદમાં સાંભળ્યામાં ન આવ્યું કે શું, પણ વીલે મોઢે એ પાછા આયા : ને મને કહે કે 'તારે છતે મારી આ આંખ્યો મીંચાઈ જાય, ને હું કો'ક રાંકને પેટ પડું ને કો'ક દી બારણું ઠોકું, તો તું નો જ ઉઘાડે ને?'

[નંદુગોરાણી રોઈ પડે છે.]

ચંચળ : ગઈગુજરી ભૂલી જાઓ, બાઈ! બધું સંભારી સંભારીને રોયે કાંઈ આરો આવવાનો છે?

નંદુ : ના, પણ હું મારા જ્યાંતીની પચ્ચી' રૂપરડીમાંથી મે'માનોની આગતાસાગતા[૨] કરું છું. પણ મોઈનો મારો શભાવ[૩] જ આકરો તે લગાર વારમાં તતડી ઊઠું છું. આજ દસ મહિનાથી સમણામાં એ આવે છે; એ વીલું મોઢું ને હળવો ઠપકો! ઇંયાંનો જીવ મારે લીધે ઊંચો રહેતો લાગે છે!

૧. આવકાર. ૨. સ્વાગત. ૩. સ્વભાવ.

ચંચળ : બાઈ, તમારી કરણીની વાત તો અમારે મન છે તો! પારકા માટે ઘસાઈ ને આ અરધાં તો થઈ ગ્યાં છો! ગોરાણી, શોક મૂકીને લગીર ઘરઆંગણું કરો, તો કાંઈક શરીર સધરે! દેહીને[૧] ઘણી કષ્ટી[૨] આલી!

[એટલામાં ખડકીનું બારણું કોઈ ખખડાવે છે. નંદુગોરાણી હાથ જમીન પર ટેકવીને ઊઠવા કરે છે, પણ ચંચળ જઈને બારણું ઉઘાડી આવે છે. એક જુવાન હાથમાં પોટલું લઈને પ્રવેશે છે.]

જુવાન : પરભુગોરના જયંતીલાલ અહીં રહે છે કે?

નંદુ : હોવે, આવો!

જુવાન : અહીં છે?

[અંદર આવે છે.]

નંદુ : ના,

જુવાન : (રોકાઈને) ક્યારે આવશે ?

નંદુ : (ટૂંકું પતાવવા) એનો કાંઈ ભરોસો નહિ. આવે તો હમણાં આવે, ને રાતના બાર પણ વગાડે !

જુવાન : ત્યારે એમને કહેજો કે અમૃતલાલને ત્યાં મને મળે. મુગટલાલ કહેશો એટલે સમજી જશે – દેવગઢવાળા !

[જાય છે.]

નંદુ : જુઓ છો ને ? ગાડી આવી કે આપણે ત્યાં એકાદ મનેખ[૩] આવ્યું જ સમજો ! અહીંથી ચોથે બારણે ધરમશાળા ક્યાં નથી ? પણ કોણ જાણે ત્યાં જતાં બધાંને પગમાં કાંટા વાગે છે. હું કાંઈ આંગણે ફૂલ વેરી મૂકતી નથી !

ચંચળ : એ તો મૂળ આ રામજીમંદિરનો દવારો એટલે ને પરભુગોરને લીધે સહુના પગ આ ગમ જ વળે !

૧. દેહને. ૨. કષ્ટ. ૩. મનુષ્ય.

નંદુ : (નિસાસો નાખી) હું શું કરવા જીવ બાળું ? મારાં પગલાંય હવે પાછાં વળવા લાગ્યાં છે !

ચંચળ : વલોપાત નો કરતાં હો તો ? આ કાલ ઊઠીને પરભુગોરના પુન્યબળે જ્યાંતી ઊંચી પાયરી પર ચડ્યો તો પોબાર !

નંદુ : (ડૂસકાં ભરતી) દેવ જેવા માણસ મારે પનારે ક્યાં પડ્યા ? હું હીણાં કરમની ઇંયાંને વગોવવા વના બીજું શું કરવાની છું ?

ચંચળ : તમે તમારે ઈંમનું ધ્યાન ધરો, ને રામજી રાખે તેમ રહો.

નંદુ : કહેનારે કહ્યું છે ને ? – કે, સતી અસ્ત્રી દર્પણમાં દેખે તો અંદર ઈંને પતિનું મોઢું દેખાય. દર્પણમાં તો મારે શું કરવા જોવું પડે, પણ કોઈ મે'માન આયો કે ઈંમનું મોઢું મારા સામું હસતું મને દેખાય છે !

ચંચળ : દેવના ધામમાં છો બાઈ ! દેવ જેવા પરભુગોર !

નંદુ : મારાથી આ જગા નહિ જીરવાય !

[અધખૂલું બારણું ઉઘાડીને હાથમાં ભણવાની ચોપડીઓ લઈ બટુ પ્રવેશે છે. નંદુગોરાણી આંખો લૂછી દે છે.]

ચંચળ : કેમ બટુભાઈ ? શેના ઓળખો ! મામલીદાર[૧] બનો ત્યારે ઘેર ગુમાસ્તી રાખવી પડે વળી !

નંદુ : (આનંદાતી) આ મારા બટુને તો બાલેટણ[૨] બનાવવો છે. મારે જીવતેજીવત ઈંને રાજનો દીવાન થયેલો દેખવો છે !

બટુ : હવે થઈ ગયા ક્યારનાય ! દીવાન તો નહિ, પણ દીવાનો બનેલો તો જરૂર દેખીશ !

૧. મામલતદાર. ૨. બૅરિસ્ટર.

ચંચળ : (આભી બનીને જોઈ રહે છે) બોલ બોલમાં ફૂલ ઝરે છે, બા ! ભાગ્યશાળીનાં પૂરવ જલમનાં પુન્ય, બીજું શું ? (અરધી મિનિટ શાંતિ. ઊઠવા કરતાં) બેસો ત્યારે, નંદુગોરાણી, અંધારે પાછું દેખાશે નહિ. વેળાછતી ઘેર પહોંચી જાઉં !

નંદુ : બટુ, (આંગળીથી બતાવતી) પેલો કળશ્યો ચંચીમાશીને આપ જો !

[બટુ આપે છે.]

ચંચળ : બા, કશો વલોપાત કરજો મા ! રામલખમણ જેવા બે દીકરા છે તે ધીરજ રાખશો તો

કાલ ઊઠીને સોનાનું વા'ણું વાશે !

[જાય છે.]

બટુ : બા, ચંચળમાશી ઘણે દા'ડે આ બાજુ ભૂલાં પડ્યાં !

નંદુ : પેલા પૂનમલાલનો કળશ્યો અહીં રહી ગ્યો'તો તે લેવા આવ્યાં'તાં ! મારા કરમ જેવો તો હતો – ફૂટેલો ! પણ... (શાંતિ. બટુને) જા જો, બેટા, ખડકી દઈ આવ જો ! (બટુ દોડતો બારણું વાસી આવે છે.) કેમ, બટુ, તું આજે નિશાળેથી આવ્યો એવો ચિડાઈ ગ્યો ?

બટુ : એ તો આ સાડાપાંચની ગાડીમાંથી કોઈ ઉતારુ હશે ને બા, તે મને પૂછે કે પ્રભુદાસ ગોરનું ઘર કયું ? સવારે અમથાલાલને સ્ટેશન સુધી મૂકવા જતાં પહેલો પિરિયડ ચૂક્યો'તો એટલે એમની રીસ એની પર કાઢી : 'જાઓ ! આખું ગામ છે, શોધી કાઢો ! મને કંઈ બધાંનાં ઘરની ઓછી ખબર છે ?'

નંદુ : જુવાન હતો ? કાળી ટોપી ?

બટુ : ના, આ તો પાઘડીવાળા કોઈ મહેરબાન હતા... એ કોણ ?

નંદુ : એ વળી એક ભાઈ આવ્યા'તા. પણ ભગવાન વારે ધાયા ને ઈને સારી મત દીધી તે અમરતલાલને ત્યાં જઉં છું કહીને હીંડતો થ્યો !

બટુ : બા, આ તે ઘર છે કે ધર્મશાળા ? અહીં રહીને હું પરીક્ષામાં શું ઉકાળવાનો ? આપણે ઘર બદલી દઈએ !

નંદુ : પણ બેટા, ભાડું ક્યાંથી લાવીએ ? આ તો તારા બાપના નામને લીધે લાંબુંપહોળું ઘર આપણને મળ્યું છે એ કહે ને ?

બટુ : ત્યારે શું કરશું ? નાના હતા ત્યારે તો મહેમાનો આવતા એથી ઊલટી મઝા પડતી. નવા નવા માણસો; ખાવાનું મળે, ખેલવાનું મળે, પણ હવે તો ભારે પડે છે. એ તો તું જ આ બધું સહન કરી શકે, બા !

નંદુ : એક તું મારી પીડા સમજે એવો છે ! બાકી મોટો તો તારા બાપા જેવો દાનો નીવડ્યો છે ! આમ ને આમ ચાલશે તો તારું ભણતર કથળી નો જાય ઈની મને ફિકર રહે છે !

બટુ : એ તો ઠીક છે. બધું થશે. આ પરીક્ષામાં નંબર આવે તો આવતા વરસ માટે પૂરતી સ્કૉલરશિપ મળે. પણ ઘડી જંપીને કોઈ અભ્યાસ કરવા દે ત્યારે ને ?

નંદુ : હુંય ઓછી કંટાળી નથી ! કોઈ ખડકી ખખડાવે છે ને મને તો હૈયામાં ફાળ પડે છે, કાળજું ફડફડ કાંપે છે. બારણાં પર કોઈના ટકોરા સાંભળું છું તે જાણે છાતી પર હથોડા નો ટિપાતા હોય !

[ખડકી ખખડે છે. નંદુગોરાણીને ડિલે થથરાટી આવી જાય છે. બટુ કડક ચાલે ઉતાવળો જઈ બારણું ખોલે છે. જયંતીલાલ અંદર આવે છે. નંદુગોરાણી હોશમાં આવે છે, પણ જયંતી ઊભો રહે છે. પેલો જુવાન મુગટલાલ પ્રવેશે છે. એટલે તેની સાથે જયંતી ઓરડામાં આવે છે. નંદુગોરાણીના હોશકોશ ઊડી જાય છે.]

નંદુ : (બહુ ધીમે) કેમ જયંતી, ઑફિસથી મોડો છૂટ્યો'તો ?

જયંતી : (કપડાં કાઢતાં) ના, બા ! નવા બજારમાં ગોવિન્દકાકા મળ્યા. ઘેર આવતાં હું ઘણું કરગર્યો, પણ ઉતાવળમાં હતા, એટલે એમને વીશીમાં જમાડવા રહ્યો'તો ! સહેજે મોડું થઈ ગયું, ખરું બા ?... પણ ભગવાન બધું સારા કાજે કરે છે. નહિ તો મુગટભાઈનો વાટમાં ભેટો થઈ ગયો એ ન થાત !

નંદુ : (નિસાસો મૂકે છે.) હાથપગ ધોઈ લો !

જયંતી : બટુ, ચા !

[જયંતી અને મુગટલાલ સામે બારણેથી પાછળ વંડામાં હાથપગ ધોવા જાય છે.]

નંદુ : બટુ, સમજ્યો ને ? અક્કરમીનો પડિયો કાણો ! (પોતાને કહેતી હોય તેમ નીચું મોઢું રાખીને) સવારે તૈયાર ટપ્પાં રસપોળી ઉપર પેલો અમથો આવીને દેવાયો ! નવાં દાળભાત કરી ખાધાં ! ને મારા મનમાં કે અત્યારે તમે નિરાંતે ખાવા પામશો, પણ તમારું કપાળ જ કોડિયા જેટલું ને ?

બટુ : હું તો કહું છું કે રૂપિયે પાંચ શેરની કેરી આપણે મોટા કયા શ્રીમંત તે લાવીને શોખ કરીએ ? પણ મોટાભાઈની રીત જ...

નંદુ : (મૂંઝવણ ખસેડવા કરતી) કાંઈ નહિ, જે જેનું અંજળપાણી[૧], બેટા !

[જયંતી બારણામાં દેખાય છે.]

જયંતી : મુગટભાઈ ચા પીતા નથી, આપણે તો ચાલશે. રહેવા દે, બટુ !

નંદુ : કેમ નથી પીતા ?

જયંતી : ખાંડ બિલકુલ ખાતા નથી.

નંદુ : બટુ, બધું મેલીને તું તારે ભાણાં તૈયાર કર !

જયંતી : ખાવાનું તૈયાર છે ?

૧. અન્નજળ : વિધિયોગના અર્થમાં

નંદુ : સવારનું છે ને ! તૈયાર થઈને આવો.

[જયંતી અબોટિયાં લઈને જાય છે.]

બટુ : (અબોટિયું પહેરી બારણાંમાં બેસી થાળીઓ પીરસે છે.) બા ! રસ તો પૂરતો છે. કાંઈ ફિકર નથી.

નંદુ : તમે આજકાલનાં છોકરાં પાતળપેટાં[૧] બહુ તો ? આ... તારા બાપ હોય તો એટલે તો ઈમને રેલોય નો પહોંચે ?

બટુ : બા, સૂંઠનો ભૂકો કર્યો છે કે ?

નંદુ : જો, અંદર અભરાઈ પર વાડકીમાં !

[જયંતી અને મુગટલાલ અબોટિયાં પહેરી અંદર આવે છે. સીધા રસોડામાં જાય છે.]

એ તો... અમારે બટુને ચા વગર ઘડીય નો ચાલે ! આ હું જોઉં છું ને કે દસદસ વરસનાં છોકરાંને ગળેથી ખોંખારો વખૂટતો નથી, તે એ ખાંડના જ પરતાપથી ભલા ! ને ત્રી'બત્રી' વરસમાં માણસ લાતરીને[૨] પૂણી જેવો થઈ જાય છે એય ખાંડની જ બલા ને ? ઘયડા કેવા ડાહ્યા હતા કે ગોળનું દડબું[૩] મન થાય ત્યારે ઉડાવી જતા !

૧. પાતળાં પેટવાળાં – થોડું ખાનારાં. ૨. નિચોવાઈને ૩. ઢેફું.

બટુ : બા, તું પાછી ભાષણ આપવા મંડી પડીશ ! (અંદર) અહીં, ભાઈ, તમે બેસો ! મુગટભાઈ, આ તરફ !

નંદુ : અરે બટુ ! રસમાં આપણે સવારમાં ખાંડ નાખી'તી કે નહિ ? (સંકોચાતી, હસતી) આ તારા 'ભાષણ' પરથી સાંભરી આવ્યું !

બટુ : (રસોડામાંથી બહાર મોઢું કાઢી) જા, જા !

નંદુ : મામાના સમ ! તેં જ નાખી'તી ને ? હવે શું કરશું ? હવે આટલો મોડો શાનો રસ...?

[અંદરથી જયંતીલાલનો અવાજ આવે છે.]

જયંતી : હવે એટલી ચપટી હશે તો કાંઈ વાંધો નથી ! ચાલ બટુ, અપોષણ પીરસી દે એટલે 'હરહર મહાદેવ' કરીએ !

[બધા જમવાનું શરૂ કરે છે.]

બટુ : (મોંમાં કોળિયો હોય ને બોલે છે) બા, તારે ખાવાની શી વાર છે ?

[અંદરથી સબડકાનો અવાજ સંભળાય છે. નંદુબાઈ આંગણા તરફ જવા કરે છે. બારણે ટકોરા સંભળાય છે. નંદુગોરાણીથી ભોંય પર બેસી જવાય છે. ગણગણે છે.]

નંદુ : આ એકના તો રસમાં ખાંડ નાખી ! તારામાં શું નાખીશ વળી ? બિચારાં છોકરાંને કોઈ સખે ખાવાય દેતું નથી.

[અવાજ આવે છે : 'ખોલો ! ખોલો !']

ભાઈ, આ નહિ ! ચોથે બારણે ધરમશાળા છે. (સ્વગત) અંધારુંય થઈ ગયું છે તો બળ્યું !

[ફરી ટકોરા સંભળાય છે. નંદુગોરાણી બારણાં પાસે જાય છે.]

મુસાફર : ખોલો ! ખોલો !!

નંદુ : કોણ છે એ સાનસમજ વનાનું ? આ દવારો ન્હોય !

મુસાફર : ખોલો !... એક આટલી રાત પડી રહેવું છે !

[ટકોરા થાય છે.]

નંદુ : ધરમશાળામાં જાઓને ! પગ ભાંગી ગયા છે ? આ ક્યાંથીય ઝોડ[1] વળગ્યું પાછું ?

[એકાદ મિનિટ શાંતિ પ્રસરે છે. છુટકારાનો દમ ખેંચી, નંદુગોરાણી ખડકી ઉઘાડે છે. દૂર અંધારામાં કંઈ જોતી હોય એમ ભવાં પર હથેળી ટેકવી તાકી રહે છે ને એકદમ ચીસ પાડી ઊઠે છે.]

૧. વળગાડ લપ

એ ! આવો ! આવો !! પાછા આવો !!! મારા સમ છે તમને !

[ખાતાં ખાતાં ઊઠીને બટુ દોડતો આવે છે.]

બટુ : શું છે, બા ? ગાંડી !

નંદુ : (બહાર તાકતી) પાછા વળો ! તમારું પંડનું ઘર છે ને વળી પૂછવા રહ્યા છો ?

[બારણાંની બારસાખ પર કપાળ કૂટે છે.]

બટુ : આ કોના ઉપર આટલો પ્રેમ ઊભરાઈ આવ્યો વળી ? કોણ હતું બા ?

નંદુ : (રોતી) હવે કોઈ નહિ આવે આપણે બારણે, બેટા ! ને આવે તો મારે ઓછું...

બટુ : એમાં રુએ છે શા સારુ પણ ? કોણ હતું ?

નંદુ : (જાણે ભાન વગર) એ જતા રહ્યા છેવટે, મારે પાપે !

બટુ : (મૂંઝાઈને) બા !

નંદુ : એ જ પાઘડી, પેલો લીલો ખેસ, ને બટુ, વિશંભરદાસવાળી પેલી લાકડી પણ મેં હાથમાં દેખી તો !

[અમળાઈને ઢગલો થઈ પડે છે.]

બટુ : કોના હાથમાં ! મારા બાપના...?

**[પડદો પડે છે.]**

## ૩.૪ કૃતિ-સારાંશ

પરભુગોરની આતિથ્યભાવના આ એકાંકીના કેન્દ્રમાં છે. કોઈ પણ વટેમાર્ગુ ધર્મશાળામાં જવાને બદલે પરભુગોરના ઘરે આવવાનું વિશેષ પસંદ કરે છે. એમના મૃત્યુ બાદ પણ આ પરંપરા ચાલુ રહે છે ત્યારે નંદુગોરાણી અને નાનો દીકરો બટુ હવે કંટાળ્યાં છે. વળી, મોટો પુત્ર જયંતી પણ એ પરંપરા આગળ ધપાવે છે. અતિથિઓના સતત આવાગમનને કારણે નંદુગોરાણી ચાળીસ વર્ષની ઉંમરે પણ થાકેલાં દેખાય છે. અતિથિઓ લોટાથી માંડીને કપડાંની થેલી સુધ્ધાં ભૂલી જાય છે અને એ મેળવવા માટે જે રસ્તા અપનાવે છે, એથી પણ નંદુગોરાણી કંટાળ્યાં છે. જયંતીના પચીસ રૂપિયાના પગારમાં આ આગતા-સ્વાગતા કરવી એમને અઘરી લાગે છે. એકાંકીના અંતે નંદુગોરાણી એક અતિથિને જાકારો આપે છે, બારણું ખોલતાં નથી. થોડી ક્ષણો બાદ બારણું ખોલે છે અને અહીં સર્જક ચમત્કૃતિ સાધે છે.

## ૩.૫ કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

### ૩.૫.૧ ભૂમિકા

આ એકાંકીને સરળતા ખાતર ત્રણ ખંડમાં વહેંચીને અભ્યાસ કરીશું. ખંડ-૧ ‘એક જુવાન હાથમાં પોટલું લઈને પ્રવેશે છે’, ખંડ-૨ ‘નંદુગોરાણીના હોશકોશ ઊડી ગયા’ અને ખંડ-૩ એકાંકીનો બાકી રહેલો ભાગ.

### ૩.૫.૨ ખંડ : ૧

આ ખંડમાં સૂચિત પાત્ર પરભુગોર અને એમની આતિથ્યભાવનાનો પરિચય થાય છે. એકાંકીના પ્રારંભે કૌંસમાં આવતા વર્ણન દ્વારા એકાંકીકળાનો પરિચય પણ કરાવ્યો છે. નંદુગોરાણી અને ચંચળનો પરિચય થાય છે અને એમના સંવાદોમાંથી પરભુગોરની આગતા-સ્વાગતાનો ખ્યાલ આવે છે. ચંચળ નંદુગોરાણીનાં વખાણ પણ કરે છે અને આ રીતે ઘર માત્ર નંદુગોરાણી જ ચલાવી શકે, એમ કહી હિંમત પણ આપે છે. આ આખા ખંડમાંથી નંદુગોરાણીની વ્યથા અને સંતાનો જયંતી અને બટુ માટેની ચિંતા પ્રગટ થાય છે. માતા તરીકેની સંતાનો માટેની ચિંતા અને પતિ પ્રત્યેની ભાવના વચ્ચેનો દ્વિધાભાવ નંદુગોરાણીના પાત્ર દ્વારા વ્યક્ત થાય છે.

ignou THE PEOPLE'S UNIVERSITY

**તમારી પ્રગતિ ચકાસો – ૧**

૧. નંદુગોરાણી દ્વારા વ્યક્ત થતું પરભુગોરનું વ્યક્તિત્વ આલેખો

૨. ચંચળનું પાત્રાલેખન કરો.

૩. અતિથિઓ દ્વારા થતા વ્યવહારને આલેખો.

**૩.૫.૩ ખંડ : ૨**

આ ખંડમાં અન્ય એક પાત્ર મુગટલાલનો પ્રવેશ થાય છે. એના આગમનથી જ નંદુગોરાણી ફરી પોતાના પતિ પરભુગોરના સ્વભાવની ચર્ચા કરે છે. અહીં નંદુગોરાણીના નાના પુત્ર બટુનો પ્રવેશ થાય છે. એ એક જ નંદુગોરાણીની વ્યથાને સમજે છે. એને પણ મહેમાનોના સતત આગમનથી ત્રાસ થાય છે. ખાસ તો બટુને પોતાને સરખો અભ્યાસ નથી થઈ શકતો એની ચીડ છે. બટુ નંદુ ગોરને ઘર બદલી નાખવાનું સૂચન પણ કરે છે. બટુને પણ શાળાએથી ઘરે આવતા અતિથિઓ મળતા રહે છે, પરભુગોરના ઘરનું સરનામું પૂછતા રહે છે, એનો ત્રાસ થાય છે. આ બધી વાતો મોટો ભાઈ જયંતી નથી સમજતો એનો રંજ આ મા-દીકરાને થાય છે.

**તમારી પ્રગતિ ચકાસો – ૨**

૧. બટુના સ્વભાવનો પરિચય કરાવો.

૨. બટુ ઘર બદલવાનું સૂચન શા માટે કરે છે ?

**૩.૫.૪ ખંડ : ૩**

આ ખંડમાં પૂર્વે પ્રવેશ થયેલ મુગટલાલ અને જયંતી બંનેનો પ્રવેશ થાય છે. જયંતી મુગટલાલને લઈને ફરી આવે છે એ નંદુગોરાણી અને બટુને ગમતું નથી. જયંતી પણ ચાહથી લઈને ભોજન સુધી બધી બાબતો અંગે અતિથિ મુગટલાલની કાળજી રાખે છે. એના આ સ્વભાવથી નંદુગોરાણી વધારે અકળાઈ ઊઠે છે. ખાસ તો કેરીનો રસ પોતાનાં સંતાનો સુખેથી ન ખાઈ શકે એનું નંદુગોરાણીને દુઃખ છે. આ દુઃખ અને આ અકળામણને કારણે જ એ બારણે ટકોરા પડતાંની સાથે મહેમાનને જાકારો આપે છે. કદાચ પરભુગોરના બારણેથી મહેમાનને જાકારો આ રીતે પહેલી વખત મળ્યો હશે. પોતે જાકારો આપ્યો છે એનું થોડી ક્ષણો પછી નંદુગોરાણીને ભાન થાય છે. એ બારણું ખોલે છે ને ભાસ થાય છે, કે આવનાર પરભુગોર હતા. આ

ભાસ થવામાં એકાંકીની ચમત્કૃતિ રહેલી છે. “તારે છતે મારી આ આંખ્યો મીંચાઈ જાય, ને હું કો’ક રાંકને પેટ પડું ને કો’ક દી બારણું ઠોકું, તો તું નો જ ઉઘાડે ને?” – પરભુગોરે કહેલા આ શબ્દો એકાંકીના અંતે સાચા પડતા હોય એવું લાગે છે.

**તમારી પ્રગતિ ચકાસો – ૩**

૧. જયંતીના પાત્રનો પરિચય કરાવો.

૨. એકાંકીના અંતે નંદુગોરાણીને શો આભાસ થાય છે? શા માટે?

૩. ‘બારણે ટકોરા’ એકાંકીના શીર્ષક વિશે ચર્ચા કરો.

**તમારી પ્રગતિ ચકાસો – ૪**

આ એકાંકીનાં બધાં પાત્રોનો પરિચય બે-બે લીટીમાં તૈયાર કરો.

## ૩.૬ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

એકાંકી સ્વરૂપમાં સંવાદનું મહત્ત્વ રહ્યું છે. સંવાદો દ્વારા એકાંકી ગતિ કરે છે અને નિર્ધારિત લક્ષ્ય સિદ્ધ કરે છે. સર્જક પાત્ર પ્રમાણે સંવાદોની ભાષા રાખે છે. અહીં શહેરી પાત્રો છે પણ એમની ભાષામાં તળપદા શબ્દો પણ જોવા મળે છે. એથી વિશેષ નંદુગોરાણી અને ચંચળના સંવાદોમાં રૂઢિપ્રયોગો પુષ્કળ જોવા મળે છે. વાતને અસરકારક રીતે કહેવા માટેનું એક સાધન રૂઢિપ્રયોગ છે. એ રૂઢિપ્રયોગ લાક્ષણિક અર્થને સ્પષ્ટ કરે છે. જેમ કે, ‘નાવાનીય સગાઈ નહીં’ ‘કોઈ પણ પ્રકારનો સંબંધ ન હોવો’ એવો એમાંથી અર્થ પ્રગટ થાય છે.

**તમારી પ્રગતિ ચકાસો – ૫**

‘બારણે ટકોરા’ એકાંકીમાંથી અન્ય રૂઢિપ્રયોગો તારવીને એના અર્થ શોધીને વાક્યમાં પ્રયોગ કરો.

**તમારી પ્રગતિ ચકાસો – ૬**

આ એકાંકીમાં નંદુગોરાણી અને ચંચળના સંવાદોમાં તળપદા શબ્દોનો ઉપયોગ થયો છે. આવા શબ્દોની અર્થસહિતની યાદી તૈયાર કરો. જેમ કે, ‘દન’ એટલે કે દિવસ.

## ૩.૭ પુનરવલોકન

એકાંકીના સઘન અભ્યાસ બાદ હવે એને આધારે નીચેના પ્રશ્નોનો વિગતે અભ્યાસ કરો.

**તમારી પ્રગતિ ચકાસો – ૭**

૧. 'બારણે ટકોરા'ને આધારે નંદુગોરાણીનું પાત્રાલેખન કરો.

૨. પરભુગોરની આતિથ્યભાવનાને સ્પષ્ટ કરો.

૩. નીચેના સંવાદો સંદર્ભસહિત સમજાવો.
   (૧) 'આ કળશ્યો ત્યાં વિયાશે ને અહીં રહેત તો દૂબળો પડી જાત ?'
   (૨) 'ઈયાંનો જીવ મારે લીધે ઊંચો રહેતો લાગે છે.'
   (૩) 'બા, આ તે ઘર છે કે ધર્મશાળા ?'
   (૪) 'ધરમશાળામાં જાઓને ! પગ ભાંગી ગયા છે ?"

૪. આ એકાંકીની સંવાદકલા વિશે નોંધ તૈયાર કરો.

૫. આ એકાંકીનો ભાવાર્થ તમારા શબ્દોમાં તૈયાર કરો.

## ૩.૮ લેખન પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો – ૮**

ઉમાશંકર જોશીનું અન્ય એક એકાંકી 'ઊડણ ચરકલડી' મેળવીને અભ્યાસ કરો. એકાંકીનો ભાવાર્થ તમારા શબ્દોમાં તૈયાર કરો.

## ૩.૯ વિશેષ અધ્યયન

### ૩.૧૦.૧ કર્તા-પરિચય

ઉમાશંકર જેઠાલાલ જોશી (૨૧-૦૭-૧૯૧૧)નો જન્મ ઈડરના બામણા ગામમાં થયો હતો. એકાંકી ઉપરાંત કવિતા, વાર્તા, નિબંધ, વિવેચન, અનુવાદ, સંપાદન, નિબંધ, નવલકથા – મોટા ભાગનાં સ્વરૂપોમાં એમનું પ્રદાન જોવા મળે છે. જ્ઞાનપીઠ પારિતોષિક ઉપરાંત બીજાં ઘણાં પારિતોષિકો, સન્માનો એમને પ્રાપ્ત થયાં હતાં. ગુજરાત યુનિવર્સિટી અને શાંતિનિકેતન વિશ્વવિદ્યાલયના કુલપતિ પણ તેઓ રહ્યા હતા. 'સાપના ભારા' (૧૯૩૬) 'શહીદ' (૧૯૫૧) અને 'હવેલી' (૧૯૭૭) એમના એકાંકી સંગ્રહો છે. 'સાપના ભારા', 'બારણે ટકોરા', 'કડલાં', 'ઊડણ ચરકલડી', 'હવેલી' વગેરે એમના મહત્ત્વનાં એકાંકીઓ છે. કવિતા ક્ષેત્રે પણ એમનું

મહત્ત્વનું પ્રદાન છે. 'સમગ્ર કવિતા'માં એમના દસ કાવ્યસંગ્રહોની કવિતાનો સમાવેશ છે. બટુભાઈ ઊમરવાડિયાથી શરૂ થયેલી એકાંકીયાત્રામાં ઉમાશંકર જોશી એકાંકીઓને મહત્ત્વનો પડાવ ગણવામાં આવે છે. તળપદી ભાષા અને સામાજિક વાસ્તવનો પરિચય કળાત્મક રીતે એમના એકાંકીમાંથી થાય છે. ઉમાશંકર જોશીની એકાંકીકલા વિશેનો આ અભિપ્રાય જોઈએ.[૧]

### ૩.૯.૨ સ્વરૂપ-પરિચય

નાટક હોય કે એકાંકી એ ભજવણીની કળા છે. એકાંકીની પણ ખરી કસોટી રંગમંચ પર થાય છે. નવલિકાની જેમ એકાંકી પણ લાઘવની કળા માગી લે છે. રંગમંચ પર ઓછામાં ઓછી સામગ્રી દ્વારા એની ભજવણી થવી જોઈએ. જીવનના એક પ્રસંગની રજૂઆત અહીં સંવાદના માધ્યમથી થાય છે. અહીં વર્ણનકળાને ઝાઝો અવકાશ નથી. એકાંકીકાર કૌંસમાં અંગસૂચનો દ્વારા નિર્દેશ કરતો હોય છે. એ સિવાય તો સંવાદ દ્વારા એકાંકી ગતિ કરે છે. સંવાદ અગત્યનું સાધન છે, એ દ્વારા જ એકાંકીની કળા નીખરી ઊઠે છે. ટૂંકા સંવાદોથી મક્કમ ગતિએ એકાંકી આગળ વધે છે અને અંતે નાટ્યાત્મકતા સર્જે છે. અંતે આવતી ચોટ પણ એકાંકી માટે અગત્યની છે. એકાંકીસ્વરૂપ વિશેની આ વાત પણ અગત્યની છે.

### ૩.૯.૩ વિશેષ-વાચન

ઉમાશંકર જોશી ગાંધીયુગના એકાંકીકાર છે. આ યુગના અન્ય એકાંકીકારો બટુભાઈ ઊમરવાડિયા, યશવંત પંડ્યા અને ચં. ચી. મહેતાનાં એકાંકીઓનો અભ્યાસ કરવો જોઈએ.

## ૩.૧૦ ટિપ્પણ

સરત = ભાન, ટોયલી = નાની લોટી, ફલ્લંફલ્લા = ફોક

## ૩઼૧૧ સંદર્ભ

### ૩.૧૧.૧.

"નાટ્યવસ્તુનું સચોટ નિરૂપણ કરવાનો રચનાકસબ ઉમાશંકર જોશીને સહજ હસ્તગત હોય તેવું 'સાપના ભારા', 'ઊડણ ચરકલડી' અને 'બારણે ટકોરા' જેવાં એકાંકીઓનું વસ્તુગુંફન જોતાં અચૂક થઈ આવે. આ રચનાઓમાં જિજ્ઞાસાપ્રેરક આકર્ષક પ્રારંભ, ક્રમિક વસ્તુવિકાસ દ્વારા સધાતી પરાકાષ્ઠા, ક્યાંક પાત્રો અને વાતાવરણ, ક્યાંક બાહ્ય કે પાત્રનો મનોસંઘર્ષ, સચોટ-સ્વાભાવિક માર્મિક સંવાદો અને નાટ્યાન્તે પાત્રને મિષે પમાતી મનુષ્યજીવનની કરુણતા

જેવો રચનાબંધ પમાય છે."[૧]

૧. પટેલ પ્રભુદાસ એપ્રિલ-સપ્ટે ૨૦૧૬ વિદ્યાપીઠ પા. ૩૫

**૩.૧૧.૨.**

"પણ એ યાદ રાખવું ઘટે કે જેને આજે આપણે એકાંકી કહીએ છીએ તે તો તદ્દન સ્વતંત્ર નાટ્યપ્રકાર છે અને તેનું ઉદ્‌ભવસ્થાન પશ્ચિમી સાહિત્યમાં છે. તે સ્વયંસંપૂર્ણ હોય, દશ્યમાં વિભાજિત પણ હોય. પણ આપણે આજે જેને એકાંકી કહીએ છીએ તે અંગ્રેજી 'one-actplay'ના અનુવાદ તરીકે સમજીએ છીએ, અને સ્વીકારીએ છીએ. આ એકાંકીના ઉદ્‌ભવમાં સમયની ખેંચે મુખ્ય ભાગ ભજવ્યો છે. આધુનિકકાળમાં જેમજેમ મનુષ્યસમાજમાં વ્યસ્તતા વધતી ગઈ તેમતેમ દીર્ઘનાટક જોવાના સમયની ખેંચ પડવા લાગી. પણ મનુષ્યને કોઈ 'રિલીફ', કોઈ થોડી નિરાંત માણવી જરૂરી હોય છે. તેથી આ એકાંકી પ્રકારની ઉત્પત્તિમાં તે સમયની ખેંચનો પણ મહત્ત્વનો ફાળો છે."૨

૨. પરીખ ધીરુ, નવે. ૨૦૧૫, પરબ, પે. ૭૬

*** સંદર્ભનોંધ**

૧. પટેલ, પ્રભુદાસ. એપ્રિલ-સપ્ટેમ્બર ૨૦૧૬. 'એકાંકીકાર ઉમાશંકર જોશી, વિદ્યાપીઠ પા. ૩૫

૨. પરીખ, ધીરુ. નવેમ્બર ૨૦૧૫ 'સાહિત્ય અને એકાંકી' પરબ, પા. ૦૬

# એકમ – ૪ : ગુજરાતી નિબંધ

**પ્રકરણની રૂપરેખા**


૪.૧ હેતુઓ

૪.૨ પ્રસ્તાવના

૪.૩ કૃતિ (ઘર)

૪.૪ કૃતિનો સારાંશ

૪.૫ કૃતિનો ક્રિયાત્મક સઘન અભ્યાસ

૪.૫.૦ ભૂમિકા

૪.૫.૧ ખંડ : ૧

તમારી પ્રગતિ ચકાસો – ૧

૪.૫.૨ ખંડ : ૨

તમારી પ્રગતિ ચકાસો – ૨

૪.૫.૩ ખંડ : ૩

તમારી પ્રગતિ ચકાસો – ૩

તમારી પ્રગતિ ચકાસો – ૪

૪.૬ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૪.૭ કૃતિનું પુનરવલોકન

૪.૮ લેખનપ્રવૃત્તિ

૪.૯ વિશેષ અધ્યયન

૪.૯.૧ કર્તા પરિચય

૪.૯.૨ સ્વરૂપ પરિચય

૪.૯.૩ વિશેષ વાચન

૪.૧૦ ટિપ્પણ


## ૪.૧ હેતુઓ

આ પાઠના અભ્યાસ દ્વારા તમે –

- ભારતના ગ્રામસમાજને સમજી શકશો.
- ગામડામાંથી શહેરમાં વસી ગયેલા લોકોની માનસિકતા જાણી શકશો.
- ગામડાંનું ઘર કાઢી નાખવાનો વિચાર આવ્યાનું કારણ સમજી શકશો.
- સ્વાતંત્ર્ય પછી ગ્રામજીવનમાં આવેલાં પરિવર્તનો વિશે કહી શકશો.
- વૃદ્ધોનો ઘર સાથેનો ભાવાત્મક સંબંધ વિશે જાણી શકશો.
- ભારતના ગામ અને શહેરી જીવન વચ્ચેનું અંતર જાણી શકશો.
- નગરજીવને માનવીની સંવેદના ઉપર કેવો ઘા કર્યો છે તે સમજી શકશો.

## ૪.૨ પ્રસ્તાવના

ભારતીય સમાજરચનામાં ગામડાંનું આગવું મહત્ત્વ છે. પરંપરિત ગ્રામ સમાજમાં સ્વનિર્ભર ગ્રામ સમાજનો આદર્શ રહેલો છે. સંયુક્ત પરિવાર ભારતીય સમાજની આગવી વિશેષતા છે. પોતાના ઘરમાં ત્રણ પેઢીઓ સાથે રહી ખેતી દ્વારા પોતાનું ગુજરાન ચલાવતી હતી. વીસમી સદીના ચોથા-પાંચમા દાયકામાં ગામડાથી નીકળી શહેરમાં સ્થિર થવાનું શરૂ થયું હતું. શિક્ષણ અને આજીવિકા માટે લોકો ગામ છોડી શહેરમાં જવા લાગ્યા. ગામડાંથી શહેરમાં સ્થિર થયા પછી, ઘરની જરૂરત ન રહેતાં એને કાઢી નાખવાનો વિચાર આવ્યો છે. ઘરની જરૂર નહિ હોવાનો અનુભવ વર્ણવી શહેરમાં વસેલા ભાઈઓ ઘરને વેચવાનું નક્કી કરે છે, તે ક્ષણેથી ઘર સાથેના પ્રસંગો સ્મરણે આવતા જાય છે. એની સાથે વૃદ્ધ માની ઉદાસી પણ આ નિર્ણય પર ફરી વિચાર કરવા પ્રેરે છે. લેખકે બહુ જ સ્પષ્ટ રીતે રજૂ કર્યું છે કે ઘર કેવળ ચાર દીવાલો અને છત નથી હોતું. રાગાત્મક તંતુઓથી જોડાયેલા સંબંધો મકાનને ઘર બનાવે છે. પરિવારના સદસ્યોની ઊર્મિઓ અને ઉષ્માપૂર્ણ સંબંધોથી આકાર લે છે. એના કારણે જ દરેક સભ્યની ઘર સાથે આત્મીયતા હોય છે. લેખકે બદલાતી પરિસ્થિતિઓમાં શહેરમાં સ્થિર થયા પછી ગામડાના ઘરની ઉપયોગિતા ન હોવાથી વેચવાની માનવસહજ ઇચ્છાને વર્ણવી છે. આ વિચાર એવી પહેલી શિક્ષિત પેઢીના છે જે શહેરમાં સ્થિર થઈ છે અને તેને પોતાના વતન, ઘર પ્રત્યે લાગણી છે.

## ૪.૩ કૃતિ

### ઘર

ગામડામાંથી શહેરમાં સ્થિર થયા પછી, લગભગ બંધ રહેતું અમારું એ ગામડાગામનું જૂનું ઘર કાઢી નાખવાનો વિચાર આવ્યો. જે વાસમાં અમારું ઘર હતું ત્યાંના જૂના પાડોશીઓ પણ હવે શહેરમાં રહેતા થઈ ગયા હતા. મોટા ભાગનાએ તો પોતાનાં ઘર કાઢી પણ નાખ્યાં હતાં. એટલે પરણમરણ જેવા કોઈ સામાજિક પ્રસંગે કે લાંબી રજાઓમાં ગામડાના એ ઘરમાં થોડા દિવસ રહેવા જતા ત્યારે ઘણું અડવું પણ લાગતું. નવા પાડોશીઓ આવી ગયા હોય અને તેમની સાથે નાતો બંધાયો જ ન હોય. અમને પણ તેઓ જાણે આગન્તુક જ ગણે. એટલે હવે એ ઘર રાખી રાખવાનું કોઈ આકર્ષણ રહ્યું નહોતું.

વળી બંધ રહેવાને કારણે જૂનું ઘર વધારે જીરણ બનતું જતું હતું. ચોમાસું ભારે હોય તો પતરાંના છાપરામાંથી પણ પાણી અંદર ઊતરે. પરિણામે એક કરામાં થોડી તિરાડ જેવું પડી ગયું છે. ખુલ્લી અરક્ષિત ઓસરી અને આંગણામાં કચરાના થર જામ્યા કરે. એટલે ઘરડી બાની સંમતિ લઈ ઘર કાઢી નાખવાનો વિચાર પાકો કર્યો. યોગ્ય ઘરાક મળે તો વેચવા માટે ગામમાં રહેતા અમારા એક વ્યવહારકુશળ મિત્રને ભલામણ કરી શહેર ચાલ્યા આવ્યા. પછી એક દિવસ 'ઑફર' આવી પણ ખરી. ઑફર વાજબી હતી. ઑફર કરનાર માણસ પણ સારો અને ભરોસાપાત્ર હતો, એટલે હવે વિલંબ કે આનાકાનીનો પ્રશ્ન નહોતો.

પણ એ જ ક્ષણેથી મનમાં વ્યથા જાગી, રહી રહીને વ્યગ્ર કરતો વિચાર આવવા લાગ્યો કે શા માટે બાપદાદાનું ઘર કાઢી નાખવું? ત્રણચાર પેઢીથી ચાલ્યા આવતા માટીના ખોરડાને સ્થાને ત્યાં આ ઘર, ઈંટોનું પાકું ઘર મારા બાપાએ બંધાવેલું, કહો કે ઘણીખરી મજૂરી ઘરનાં સૌએ

જાતે કરીને બાંધેલું. તે માટે પોતાના બળદગાડામાં ઈંટો તાણી લાવેલા. ચણતર માટે ગાર કરવા ગામના આંબા તળાવની ચીકણી માટી જાતે ગોડી લાવેલા. લાકડા માટે અમારા ખેતરના જૂના લીમડા પાડેલા. છેક મોભારા સુધી ગારનાં તગારાં મારી બાએ ઉપર ચડાવેલાં. પછી શહેરમાં અમે છોકરાઓએ જ્યારે નવાં ઘર બંધાવવા માંડ્યાં ત્યારે પોતાના દીકરાઓનાં એ મકાનો નોકરિયાત સુપરવાઈઝરોની દેખરેખ નીચે મજૂરો દ્વારા બંધાતાં જોઈ, મનમાં થોડું રાજી થતાં બા-બાપા ઘણી વાર ગામડાગામનું અસલવારીનું એ ઘર કેવું નવેસરથી જાતમહેનતથી પોતે બાંધેલું તેની ભાવુકતાથી વાત કરતાં.

એ ઘરમાં જ અમ સૌ ભાઈ-ભાંડુઓનો જન્મ થયેલો. એટલું જ નહીં, એ જ ઓરડામાં અમારા દાંપત્યજીવનનો આરંભ થયેલો અને એ જ ઓરડામાં મારાં સંતાનોનો જન્મ પણ થયો. અનેક સારામાઠા પ્રસંગો જીવનમાં આવ્યા, આ ઘર તેનું સાક્ષી.

ઘરના આંગણામાં કેટલું રમેલા! એક દિવસ એ આંગણું વટાવી ખભે થેલી ભરાવી ગામની નિશાળે ભણવા બેઠેલા. એક દિવસ એ જ આંગણું વટાવી શહેરમાં જઈ વસ્યા. એ ઘરના આંગણામાં અમારી બહેનોના અને અમ ભાઈઓના લગ્નમંડપો બંધાયેલા. ત્યાં જ્ઞાતિજનો સાથે ઝઘડાઓ અને સ્નેહમિલનો થયેલાં. ત્યાં પાડોશીઓ સાથે ઊંચા અવાજે બોલાચાલી અને શિયાળામાં તાપણાની આસપાસ મધુર વિશ્રંભકથાઓ થયેલી. એ જ આંગણામાં અમારા પરિવારના અબોલ સભ્યો બંધાતા – ભેંસ, પાડરાં, બળદ, રેલ્લા.

એ ઘરની ઓસરીમાં મારાં દાદી અને પછી દાદાનો ચોકો થયેલો, અને થોડાં વર્ષો પર મારા બાપાનો.

અમારા એ ઘરની બંને બાજુએ બીજાં ઘર છે. એક ઘર છે મારા ખરેખરના આજન્મ સાથીનું. તે પણ બંધ છે. મારો મિત્ર રોટલો રળવા દેશનાં અનેક સ્થળોએ ફરી ગૃહભંગ થઈ હવે અમદાવાદમાં રહે છે. તે પછીના મકાનમાં કાશીફોઈ રહેતાં. તેમને ઊઠી ગયે તો વર્ષો થયાં. જ્યાં વર્ષો સુધી રેતની કલાકની શીશી લઈને રોજ સામાયિક કરતાં તે ઓસરીમાં હવે ફાંદવાળા એક બારોટ સૂતા જોવા મળે. સામેના ઘરનો માલિક પ્રૌઢ વયે, પણ કુંવારો જ ઊઠી ગયો. તે પછી જેણે મકાન લીધું તેણે આંગણાના ઝઘડાઓથી પાડોશીહક સ્થાપેલો. એ ઘર પણ એક દિવસ પડી ગયું અને નવી દિશાને બારણે નવું થયું છે.

આમ બધું બદલાઈ ગયું છે. છતાં થવા માંડ્યું કે શા માટે અમારે અમારું એ ઘર વેચી નાખવું. જૂનું તોયે બાપદાદાનું ઘર. એ ઘર છે, માત્ર ચાર દીવાલો ને છાપરાનું મકાન નથી. મકાન પૈસાથી ખરીદી શકાય, બાંધી શકાય, પૈસા લઈ વેચી શકાય, પણ 'ઘર'? ઘર એ તો ભાવના છે. ઘર ના હોય તોયે ઘરની ભાવના પણ ભલી. એ માત્ર પૈસાથી ખરીદી કે બાંધી શકાય નહીં. એટલે થવા માંડ્યું કે ભલે ઘર જૂનું થાય, જીરણ થાય, ભલે પડી જાય, પણ ઘર છો રહેતું.

બીજી બાજુ પાછું મન તર્ક કરે કે આ બધા લાગણીવેડા છે. જો ગામમાં જવાનું જ ના હોય તો ત્યાં ઘર રાખી રાખવાનો શો અર્થ છે? સારા પૈસા ઊપજે છે. એટલા પૈસા ફિક્સ્ડ ડિપૉઝિટમાં મૂકોને, તોય...

છેવટે ઘર કાઢી નાખવાનો વિચાર રહ્યો. પણ અમે બધા ભાઈઓએ છેલ્લે છેલ્લે સપરિવાર બાપદાદાના એ ઘરમાં સાથે રહેવાનો વિચાર કર્યો. કાયમ માટે કાઢી નાખવાનું છે, તો એ ઘરમાં બધાં સાથે રહી લઈએ.

વળી પાછું ઘણા વખતનું બંધ ઘર ખૂલ્યું.

જોતજોતામાં તો નાનાંમોટાં પરિવારજનોથી એ સૂનું ઘર ગાજતું-ગુંજતું થઈ ગયું. મારા એક નગરવાસી મિત્રને પણ આ વેળા તો ગામડાગામનું ઘર જોવા સાથે લઈ ગયો. પુરાણા દિવસો પાછા આવ્યા હતા. બાપાના મૃત્યુ પછી મારી બા લગભગ ઉદાસીન રહેતી. ઘરના પ્રસંગોમાં રસ લેતી નહીં. તે પણ અહીં આવીને સૌની વચ્ચે પ્રસન્ન લાગી.

પરંતુ હવે ઘરની પ્રત્યેક દીવાલ મને ઠપકો આપવા લાગી. ઓસરીમાં જ્યાં હું હંમેશાં બેસતો, જ્યાં બેસીને પહેલો એકડો ઘૂંટેલો અને જ્યાં બેસીને પછી દરેક રજામાં ઉચ્ચ અભ્યાસના ગ્રંથો ઉથલાવતો ત્યાં બેઠો. ત્યાં ભીંતે ટેકો દેતાં જ તે મને અંદરથી હચમચાવી રહી. મેં પાછા વળી તેના પર હાથ ફેરવ્યો, તે કહી રહી, 'આટલે દહાડે આવ્યા અને હવે બસ...'

હું વ્યગ્ર બની ગયો. આંગણામાં ખાટલો ઢાળીને બેઠો. હવે ત્યાં ગમાણ ખાલી હતી, ખીલા હતા પણ ઢોરઢાંખર નહોતાં. પરંતુ એ બધાં જ જાણે એ તરફ નજર જતાં એકસાથે ભાંભરી ઊઠ્યાં. હું એકદમ ઊભો થઈ ગયો. શૂન્ય આંખે ભરાયેલું આંગણું જોતો રહ્યો... ઘરનાં આ નેવાં. કેટલાં બધાં ચોમાસાં એનું સંગીત સાંભળ્યું છે! અહીં તોરણ નીચે મારી બહેનો પરણવા બેઠી હતી. અને અહીં દાદી, દાદા અને બાપુની નનામીઓ બંધાઈ હતી. ગળે ડૂમો ભરાવા જેવું થયું.

ઘરના ઓરડામાં ગયો. બંધ જીરણ ઓરડો વધારે મુખર લાગ્યો. પછીતની એક નાની જાળીમાંથી થોડું અજવાળું આવતું હતું. આ ઓરડો એક વેળા કોઠીઓ કોઠલાઓથી ભરેલો રહેતો. એ બધું ક્યારનુંય કાઢી નાખ્યું છે, પણ ત્યાં હજી ખૂણામાં વલોણાની મોટી ગોળી અને ખીંટીએ મોટો રવૈયો લટકે છે. અહીં હું જન્મેલો, મારાં સંતાનો પણ... હવે?

વચલા ખંડમાં, જ્યાં અમે સૌ જમતાં, ત્યાં થઈ ફરી વાર ઓસરીમાં આવું છું. બા એકલી બેઠી છે. અત્યારે સૌ આઘાંપાછાં છે. જોઉં છું તો ઘરડી બા રડતી હતી. બાને ઓછું ભળાય છે, ઓછું સંભળાય છે. હવે ઝાઝું કાઢે એમ પણ નથી. મેં પાસે જઈ પૂછ્યું, 'આ શું? તું રડે છે બા?'

અને એનાથી મોટેથી રડાઈ ગયું. 'આ ઘર...' એટલું માંડ આંસુ અને હીબકાં સાથે બોલી. બાપુજીના અવસાન વખતે નહોતી રડી એટલું બા રડી રહી હતી. ધીરેધીરે હીબકાં વચ્ચે એણે કહ્યું, 'આ ઘર, હું જીવું છું ત્યાં સુધી ના કાઢશો. હવે હું ઝાઝા દિવસ નથી. પછી તમતમારે...'

'પણ બા, તેં કહ્યું હતું ને?'

'કહ્યું હશે, પણ હવે પાછા અહીં આવ્યા પછી... ના તમે ના કાઢશો.' એનું રડવાનું અટકતું નહોતું.

બાને રડતી જોઈ મને દુઃખ તો થયું પણ વિશેષ આનંદ થયો. થયું કે એનું હૃદય હજી જીવતુંજાગતું છે. એને હજી જગતમાં જીવનમાં રસ છે. અમે તો માનતા હતા કે બા માત્ર દહાડા કાઢે છે. પણ ઘર માટેનો આ રાગ...

મારા મનમાં પણ ઊંડે ઊંડે અપરાધભાવ તો હતો ઘર કાઢવાની વાતથી. પણ હવે તો રીતસરનો સણકો ઊપડ્યો. ઘર સૌની સંમતિથી વેચવાનું વિચારેલું. બાનાખત પણ થઈ ગયું હતું. જોકે તે દિવસથી દરેક જણ ઘરની વાત આવતાં મૂગું બની જતું.

એટલામાં નાનો ભાઈ મકાન ખરીદનારની સાથે આવ્યો. ઘરનાં બીજાં સૌ પણ ભેગાં થઈ

બાની આસપાસ બેસી ગયાં હતાં. બાને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યાં, 'આપણે નવું સગવડોવાળું મકાન આ ગામમાં જ બંધાવીશું, આ જ ઘરના પૈસામાંથી, તમે કહેશો તેવું...'

બા કહે, 'આ ઘરને મોભે મેં ઈંટો ચઢાવી છે. તમારા બાપે કેટલી હોંશથી બાંધ્યું છે. એટલે તમતમારે મારા ગયા પછી ભગવાન કરેને મહેલ ચણાવજો... પણ આ ઘર તો...' નાનો ભાઈ સ્થિતિ પામી ગયો. એણે મકાન ખરીદનારને કહ્યું, 'ભાઈ હમણાં ખમી જાઓ. આ ઘર આપીશું ત્યારે તમને જ આપીશું.'

મેં જોયું કે અમ સૌની છાતી પરથી પથ્થર ઊતરી ગયો હતો. વરસાદ પછી ખૂલેલા આકાશ જેવું બાનું મોઢું જોઈને જાણે જીરણ ઘર હસી રહ્યું હતું. અદૃષ્ટ ગૃહદેવતાની પ્રસન્નતાનો સૌને સ્પર્શ થયો હતો.

## ૪.૪ કૃતિનો સારાંશ

આ નિબંધમાં ગામડામાંથી શહેરમાં વસી ગયેલા લેખકની વતન પ્રત્યેની લાગણી અને અત્યારે એ ઘરની જરૂરત નહિ હોવાથી વેચવાનો વિચાર એ બાબતે મનોદ્વંદ્વ વ્યક્ત કરવામાં આવ્યું છે. વૃદ્ધ માની રજા લઈ ઘર કાઢી નાખવાનો વિચાર પાકો કર્યા પછી સ્મૃતિરૂપે ઘર પ્રત્યે જન્મેલાં સંવેદનો વ્યક્ત કરવામાં આવ્યાં છે.

આ નિબંધ લાગણી અને વાસ્તવ વચ્ચેના દ્વંદ્વને સ્પષ્ટ કરે છે. સમાધાન રૂપે છેલ્લી વાર આખો પરિવાર ગામડાંના ઘરમાં રહેવા જાય છે ત્યાં રહીને ઘર પ્રત્યેનો ભાવ પ્રબળ થાય છે. ઘરડી માના રડવાથી ઘર વેચવાનો વિચાર પડતો મૂકવામાં આવે છે અને સર્વે પ્રસન્નતા અનુભવે છે. આ નિબંધ ગામથી શહેરમાં સ્થિર થયેલી પહેલી પેઢીની ઘર પ્રત્યેની લાગણી અને ભારતીય સમાજ અને સંસ્કૃતિની વિશિષ્ટતાને પણ વર્ણવે છે.

## ૪.૫ કૃતિનો ક્રિયાત્મક સઘન અભ્યાસ

### ૪.૫.૦ ભૂમિકા

'ઘર' પાઠનું હવે આપણે વિગતવાર અધ્યયન કરીએ. સરળતા માટે આપણે આ પાઠને ત્રણ ભાગમાં વહેંચીને તપાસીએ.

પહેલો, શરૂઆતથી 'આ ઘર તેનું સાક્ષી' સુધીનો ભાગ, જેમાં ગામડાના ઘરની જરૂર ન હોવાથી એને વેચવાનું નક્કી કર્યા પછી લેખકની મનોવ્યથા વ્યક્ત થઈ છે; બીજું, ત્યાંથી 'આવીને સૌની વચ્ચે પ્રસન્ન લાગી' ત્યાં સુધીનો ભાગ. જેમાં લાગણીવેડાને વશ કરી વેચતા પહેલાં એક વાર ગામડાના ઘરમાં સૌ સાથે રહેવા જાય છે તેની સૂચના છે. ત્રીજો, એ પછીનો

ભાગ, જેમાં ઘરમાં રહેતાં ઘર પ્રત્યેનો ભાવ પ્રબળ બનતાં, વૃદ્ધ બાને રડતાં જોઈ વેચવાનો વિચાર પડતો મૂકવામાં આવે છે.

**૪.૫.૧ ખંડ : ૧**

પ્રારંભમાં લેખક ગામડાના ઘરને વેચવાનો વિચાર આવ્યાનું કારણ વર્ણવે છે. શહેરમાં કાયમી નિવાસ થયા પછી ગામડાનું ઘર બંધ રહેતું હતું. આજુબાજુના પાડોશીઓ પણ શહેરમાં રહેવા લાગ્યા અને એમણે પણ જૂનું ઘર વેચી દીધું હતું. લેખક રજામાં કે કોઈ સામાજિક પ્રસંગમાં ગામડાંના ઘરે ગયા ત્યારે એમને સહજ નથી લાગતું આજુબાજુમાં રહેતા અપરિચિત લોકો સાથે પણ સંબંધ બંધાયો નથી એટલે ઘર માટે આકર્ષણ ઓછું થતું જાય છે એમ લેખક જણાવે છે.

ગામડાનું જૂનું ઘર મોટા ભાગે બંધ રહેતાં તે જૂનું થતું જાય છે. ચોમાસાના ભારે વરસાદમાં પાણી ઊતરે છે અને દીવાલોમાં તિરાડ પડી ગઈ છે તેમ લેખક જણાવે છે. ઓસરી અને આંગણામાં કચરાના થર ભેગા થઈ ગયા છે. આ સ્થિતિના કારણે વૃદ્ધ બાની સંમતિ લેવામાં આવે છે અને એક વ્યવહારકુશળ મિત્રને કામ સોંપી પરિવારના સભ્યો શહેર પાછા આવી જાય છે.

નિબંધકાર જણાવે છે કે એક દિવસ ઘર ખરીદનારની ઑફર આવે છે અને એ વાજબી ભાવ આપી રહ્યો હતો એટલે વિલંબ કરવાનું કારણ પણ ન હતું. જૂના ઘરની ઉપયોગિતા નહીં હોવાના કારણે વેચવાનો વિચાર સ્વાભાવિક હતો તે અહીં ફલિત થાય છે. પણ, જ્યારે નિર્ણયની ક્ષણ આવે છે ત્યારે ઘર સાથેનો સંવેદન – લગાવ પ્રબળ બની જાય છે, એમ લેખક જણાવે છે.

નિબંધકારના મનમાં એ જ ક્ષણથી વ્યથા જાગે છે અને પ્રશ્ન થાય છે કે શું બાપદાદાના ઘરને કાઢી નાખવું યોગ્ય છે? જૂના માટીના આ ઘરમાં ત્રણ-ચાર પેઢીઓ રહી હતી પછી લેખકના પિતાએ પોતે ઈંટોનું પાકું ઘર બંધાવેલું અને એમાં ઘરના દરેક સભ્યે મજૂરી કરેલી. નિબંધકાર કહે છે કે બાપા બળદગાડામાં ઈંટો લાવ્યા હતા. આંબા તળાવની ચીકણી માટી પણ જાતે લાવવામાં આવી હતી. લેખક યાદ કરે છે કે ધાબા સુધી માટીનાં તગારાં બાએ ઊંચકેલાં અને પછી ત્યાર બાદ શહેરનાં મકાન સુપરવાઇઝરોની મદદથી બંધાતા જોઈ બા-

બાપુજી ભાવુક થઈ પોતે ગામડાનું ઘર કેવી રીતે બનાવેલું તે સ્મરણ કરતા હતા. નિબંધકાર નોંધે છે કે એ જ ઘરમાં બધાં ભાઈ-ભાંડુઓનો જન્મ થયેલો અને એ જ ઓરડામાં પોતાના દાંપત્ય જીવનની શરૂઆત થઈ હતી અને સંતાનોનો જન્મ પણ થયો હતો. એ જણાવે છે દરેક સારા-માઠા પ્રસંગોનું આ ઘર સાક્ષી રહ્યું છે. ઘર દીવાલો અને છતનું નથી હોતું એ એક ભાવ હોય છે.

**તમારી પ્રગતિ ચકાસો – ૧**

૧. ગામડાનું જૂનું ઘર કાઢી નાખવાનો વિચાર કેમ આવ્યો ? કારણ આપો.

૨. નવા પાડોશીઓ એમને આગન્તુક કેમ માનતા હતા ?

૩. બા અને બાપાએ ઘર બંધાવામાં કેવી મજૂરી કરેલી ?

૪. ગામડાનું ઘર કઈ બાબતોનું સાક્ષી હતું ?

**૪.૫.૨ ખંડ : ૨**

ઘર સાથેની સ્મૃતિઓ ઊપસી આવતાં લેખક પોતાના બાળપણમાં સરી પડે છે. આંગણા સાથેની રાગાત્મકતાનું રસાળ વર્ણન કરવામાં આવ્યું છે. નિશાળ જવાનું, આંગણાં વટાવી પરગામમાં ભણવાનું અને પછી શહેરમાં સ્થિર થવાનું યાદ આવે છે. ભાઈઓ અને બહેનોના લગ્નમંડપ આ આંગણામાં જ બંધાયેલા. જ્ઞાતિજનો સાથેના ઝઘડાઓ અને સ્નેહમિલન અહીં થયાં હતાં તે સ્મરણ કરે છે. નિબંધકારને યાદ આવે છે કે આ આંગણામાં પરિવારના અબોલ સભ્યો (પશુઓ) પણ બંધાતાં હતાં. લેખકને ઘર સાથેના નાજુક તંતુઓનાં બંધન જકડવા લાગે છે. આ ઘરની ઓસરીમાં દાદા-દાદી અને પછી પિતાની અરથી પણ બંધાઈ હતી એનું સ્મરણ થાય છે. અહીં સ્મૃતિઓમાં સરી પડેલા વ્યક્તિની મનોદશાનું રસાળ આલેખન કરવામાં આવ્યું છે. નિબંધકાર લાગણીસભર સ્મૃતિઓ પછી વાસ્તવમાં પાછો ફરે છે. પણ ઘર વેચવાનું યોગ્ય નથી આ ભાવ પ્રબળ બને છે. લેખક અનુભવે છે ઘર ચાર દીવાલો અને છત માત્ર નથી હોતું, ઘર સાથે લાગણીના તંતુઓ જોડાયેલા હોય છે. જીર્ણ હોય કે તૂટેલું એની સાથે આત્મીય નાતો બંધાયેલો હોય છે. અહીં ભારતીય ગ્રામ સમાજમાં ઘર-પરિવારના વ્યાપને સ્પષ્ટ કરવામાં આવ્યો છે એને પૈસાથી માપી શકાય નહિ, એવું સૂચવવામાં આવ્યું છે.

લાગણી અને તર્ક વચ્ચે અવરજવર કરતા નિબંધકારનું મનોદ્વંદ્વ અહીં સ્પષ્ટ થાય છે. આ પેઢીને ગામ સાથે પણ લાગણી છે છતાં શહેરમાં સ્થિર થયા પછી નવી આબોહવાનું આકર્ષણ પણ છે. સમાજમાં ધનનું મહત્ત્વ વધ્યું છે અને ઉપયોગિતાનો માપદંડ પણ મહત્ત્વનો બન્યો છે. એટલે બદલાયેલા સમયના કારણે પોતાની લાગણીઓ પર અંકુશ મૂકવામાં આવે છે. જૂનાં ઘરની સારી રકમ મળતી હોવાને કારણે ફરી વેચવાનો વિચાર પાકો થાય છે. લેખક નોંધે છે કે જ્યારે ઘર કાઢી નાખવું છે તો એક વાર બધા ભાઈઓ પરિવાર સહિત આ ઘરમાં સાથે રહેવાનું નક્કી કરે છે.

**તમારી પ્રગતિ ચકાસો – ૨**

૧. ઘર કઈ બાબતોનું સાક્ષી છે?

૨. પરિવારના અબોલ સભ્યો કોણ છે?

૩. કાશીફોઈના મકાનમાં કોણ જોવા મળે છે?

૪. નિબંધકારનું મન શો તર્ક કરે છે?

૫. બધા ભાઈઓ સપરિવાર ગામડાનાં ઘરમાં કેમ રહેવા જાય છે?

**૪.૫.૩ ખંડ : ૩**

ગામડાના ઘરને વેચી દેવાનો વિચાર પાકો થયા પછી બધા ભાઈઓ પરિવાર સાથે ગામડાના ઘરમાં રહેવા આવે છે. 'વળી પાછું ઘણા વખતનું બંધ ઘર ખૂલ્યું' વાક્ય સૂચક છે. ખૂલવાની સાથે ઘર પ્રત્યેની સ્મૃતિ અને લાગણી લેખકને ઘેરી વળે છે. તે અનુભવે છે ગામડાના ઘરમાં આવ્યા પછી બા પ્રસન્ન છે અને અહીં સહજતા અનુભવે છે. એ જોઈને એને લાગે છે કે બાનો ઘર સાથેનો સંબંધ અકબંધ છે. નિબંધકારે અહીં જૂની પેઢીની લાક્ષણિકતાઓ પણ સ્પષ્ટ કરી છે.

આ ખંડમાં ય લેખકનું ઘર સાથેનો કેવો જીવંત સંબંધ છે તે પણ સ્પષ્ટ થાય છે. ઘરની દીવાલો, ઓસરી, ભીંત, ઓરડો, ગમાણ બધાં સાથે લેખકનો મૂક સંવાદ રસાળ રીતે વ્યક્ત થયો છે. આ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે ભારતીય સમાજમાં ઘર પ્રત્યેની લાગણી અને સંબંધ કેટલા ઊંડા અને સઘન હોય છે. નિબંધકારને દીવાલ ઠપકો આપે અને ભીંતે હાથ ફેરવતાંની

સાથે ઉપાલંભ કરે એનાથી તેમની સાથેનો જીવંત સંબંધ સ્પષ્ટ થાય છે.



ગ્રામ સમાજમાં પશુઓ પણ પરિવારના સભ્યો જેવા હોય છે તે લેખકે સ્પષ્ટ કર્યું છે. ખાલી ગમાણને જોતા તેમનું ભાંભરી ઊઠવાની કલ્પના જીવંત સંબંધ સૂચવે છે. નિબંધમાં આંગણું, ઓસરી અને પછીત સાથેના સંબંધની લાગણી પ્રબળ છે. લેખકની પેઢીના લોકોની સંવેદનાનો તંતુ વતન અને ઘર સાથે હોય છે તે હવે ઓછો જોવા મળે છે. એકવીસમી સદી વિસ્થાપનની છે. હવે સ્થાયી નિવાસ દિવસે દિવસે કઠિન થતો જાય છે. એવી સ્થિતિમાં ઘર પ્રત્યેની આવી લાગણીનું મહત્ત્વ છે.

આ ખંડમાં એક વળાંક આવે છે જ્યારે નિબંધકાર કલ્પનાલોકમાં ફરતાં-ફરતાં ઓસરીમાં આવે છે અને પોતાની માને રડતી જુએ છે. આ ઘટના નિબંધનું બીજું પ્રેરકબળ છે. બા રડતાં-રડતાં કહે છે : 'આ ઘર, હું જીવું છું ત્યાં સુધી વેચવાનું નથી. હું ઝાઝા દિવસ નથી.' નિબંધકારે માની ઘર સાથેનીને લાગણીને બહુ સારી રીતે ઉપસાવી છે. આવા રાગાત્મક સંબંધનું જીવનમાં કેવું સ્થાન હોય છે, તે અહીં સ્પષ્ટ થાય છે.

લેખક નવી પરિસ્થિતિ વર્ણવે છે, ઘરનું બાનાખત થઈ ગયું છે. ખરીદનાર પણ આવ્યો છે. પણ છેવટે બાની ઇચ્છાને સ્વીકારવામાં આવે છે. આ નિર્ણય પછી માની ખુશી સાથે મન પરથી ભાર ઊતરી ગયો હોય તેમ બધાં અનુભવે છે. આ નિબંધ બદલાતા સમયમાં ગામ અને શહેરની વચ્ચે વહેચાયેલી પેઢી અને જૂની પેઢી (બા)ની ગામડાના ઘર સાથેની પ્રીતિનું રસાળ વર્ણન કરવામાં આવ્યું છે. એની સાથે આ નિબંધ ગામસમાજ સાથે જોડાયેલી પેઢીના નવા સમયમાં ઉપસેલા દ્વંદ્વને પણ સ્પષ્ટ કરે છે.

**તમારી પ્રગતિ ચકાસો – ૩**

૧. લેખક પરિવારના સભ્યો સાથે કોને ગામડાના ઘરમાં રહેવા લઈ જાય છે?

૨. ખાલી ગમાણ જોતાં લેખકને કેવી અનુભૂતિ થઈ?

૩. ઓસરીમાં રડતી બાએ શું કહ્યું?

૪. ઘરને ખરીદનારને શું કહેવામાં આવ્યું?

## તમારી પ્રગતિ ચકાસો – ૪

નીચેના પ્રશ્નોના એક વાક્ય અથવા એક શબ્દમાં ઉત્તર લખો.

૧. 'ઘર' નિબંધમાં કયા પ્રકારના ભાવની અભિવ્યક્તિ છે?

૨. લેખકના મનમાં 'સણકો ઊપડ્યો'નું કારણ આપો.

૩. ઘર વેચી દેવાના વિચાર પછી ભાઈઓએ શું વિચાર્યું?

૪. ઈંટોનું પાકું ઘર કોણે બંધાવેલું?

૫. સહુની છાતી પરથી પથ્થર ઊતરી ગયાનું કારણ દર્શાવો.

૬. ઘર શાનું સાક્ષી છે?

૭. ઘર વેચવાનો વિચાર કોના કારણે બંધ રહ્યો?

– નીચેના ગ્રામતળની ભાષાના શબ્દોના અર્વાચીન ગુજરાતી ભાષામાં પર્યાય લખો. અથવા અર્થ લખો.

૧. કરો –

૨. મોભારો –

૩. ભીંત –

૪. ગમાણ –

૫. નેવાં –

– નીચેનાં વિધાનો માટે વિધાનની નીચે આપેલાં કારણો પૈકી સાચું કારણ હોય તે ✓ કરો.

૧. લેખકને ગામડાનું જૂનું ઘર કાઢી નાખવાનો વિચાર આવ્યો, કારણ કે

☐ ૧. લેખકને ઘર ગમતું ન હતું

☐ ૨. ગામડાનાં એ ઘરની હવે જરૂરિયાત જણાતી ન હતી.

☐ ૩. શહેરમાં સ્થાયી થયા પછી ઘર લગભગ બંધ જ રહેતું હતું.

૨. જૂનું તોયે બાપદાદાનું ઘર એ ઘર છે, કારણ કે

☐ ૧. માત્ર ચાર દીવાલો ને છાપરાનું મકાન નથી.

☐ ૨. ઘર એ તો ભાવના છે.

☐ ૩. વધારે મોટી રકમ મેળવવાની ઇચ્છા છે.

૩. ઓસરીમાં એકલી બેઠેલી બા રડતી હતી, કારણ કે

☐ ૧. બાને એમના પતિનું સ્મરણ તાજું થઈ ગયું હતું.

☐ ૨. સંતાનો ઘર વેચવાની તૈયારી કરતાં હતાં.

☐ ૩. ગામનાં ઘરમાં પાછા આવ્યા પછી બાનાં હૃદયમાં પૂર્વસ્મૃતિઓ તાજી થઈ ગઈ હતી.

૪. લેખકના મનમાં પણ ઊંડે ઊંડે અપરાધભાવ હતો, કારણ કે

☐ ૧. ઘર વેચવાની વાતથી દુઃખી હતા.

☐ ૨. બા અને ભાઈઓ વચ્ચે મનમેળ ન હતો.

☐ ૩. ગામલોકો ઘર વેચવાનું સમજાવતા હતા.

## ૪.૬ ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**નીચેનાં વિધાનો વાંચો.**

'એ ઘરમાં જ અમ સૌ ભાઈભાંડુઓનો જન્મ થયેલો. એટલું જ નહીં, એ જ ઓરડામાં અમારા દામ્પત્યજીવનનો આરંભ થયેલો અને એ જ ઓરડામાં મારાં સંતાનોનો જન્મ પણ થયો. અનેક સારામાઠા પ્રસંગો જીવનમાં આવ્યા. આ ઘર તેનું સાક્ષી.'

ઉપરનાં વિધાનોમાં લેખકે પોતાના જન્મથી માંડીને પોતાનાં સંતાનોના જન્મ સુધીના સમયને આવરી લીધો છે. આ ઘર સુખ-દુઃખનું સાક્ષી છે. હવે આ ઘર કોઈ જડ વસ્તુ નથી રહ્યું પરંતુ એક સજીવ અંશ છે.

સરળ ભાષામાં લેખકની ઘર પ્રત્યેની આત્મીયતા વ્યક્ત થઈ છે.

–'મેં જોયું કે અમ સૌની છાતી પરથી પથ્થર ઊતરી ગયો હતો. વરસાદ પછી ખૂલેલા આકાશ જેવું બાનું મોઢું જોઈને જાણે જીરણ ઘર હસી રહ્યું હતું.'

ઉપરનાં વાક્યોમાં 'ઘર' ન વેચવાનો નિર્ણય સહુને ખુશી આપે છે. સૌથી વધારે ખુશ તો બા છે. 'વરસાદ પછી ખૂલેલા આકાશ જેવું બાનું મોઢું' –માં ઉપમા દ્વારા બાના ચહેરા ઉપરના

આનંદનો ઉઘાડ દર્શાવ્યો છે. 'બાનું મોઢું જોઈને જાણે જીરણ ઘર હસી રહ્યું હતું'માં ઉત્પ્રેક્ષા અલંકાર દ્વારા સજીવતા પ્રત્યક્ષ થાય છે.

– નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ સમજાવો

૧. સણકો ઊપડવો

૨. છાતી પરથી પથ્થર ઊતરી જવો.

૩. એકડો ઘૂંટવો.

## ૪.૭ કૃતિનું પુનરવલોકન

'ઘર' કૃતિના સઘન અભ્યાસ કર્યા પછી તમે કૃતિને સમજી-પામી શકશો અને નીચેના પ્રશ્નોના ઉત્તરો સ્પષ્ટ રીતે આપી શકશો.

૧. 'ઘર' કૃતિને સ્મરણકથા શા માટે કહી શકાય ?

૨. ઘર વેચવાના વિચાર-નિર્ધાર પછી લેખકના મનમાં વ્યથા જાગવાનું કારણ આપો.

૩. 'ઘર એ તો ભાવના છે, ઘર ના હોય તોયે ઘરની ભાવના પણ ભલી' આ વિધાનનો ભાવાર્થ સમજાવો.

૪. 'ઘર' સાથે જોડાયેલાં સ્મરણોની યાદી બનાવો.

૫. 'ઘર' સાથેની આત્મીયતા – નિસ્બત ધરાવતી અન્ય કૃતિઓ સાથે તુલના કરો.

## ૪.૮ લેખનપ્રવૃત્તિ

'ઘર' એક ભાવના છે' આ વિષય પર ચિંતનાત્મક નોંધ તૈયાર કરો.

## ૪.૯ વિશેષ અધ્યયન

### ૪.૯.૧ કર્તા પરિચય

આ કૃતિના લેખક શ્રી ભોળાભાઈ પટેલ (૧૯૩૪-૨૦૧૨) પ્રવાસ નિબંધકાર તરીકે જાણીતા છે. પ્રવાસવૃત્તિ સાથે અભ્યાસ અને સૌંદર્ય દૃષ્ટિથી પ્રવાસવર્ણનને રસાળ અને આસ્વાધ્ય બનાવે છે. નિબંધકાર પહેલાં તેઓ વિવેચક તરીકે પ્રતિષ્ઠા પામ્યા હતા. અધુના (૧૯૭૩), પૂર્વાપર (૧૯૭૬) અને કાલપુરુષ (૧૯૭૯) એમના વિવેચન ગ્રંથો પછી વિદિશા (૧૯૮૦) પ્રવાસનિબંધ પ્રકાશિત થયો હતો. જેનાથી ગુજરાતી લલિત નિબંધ ક્ષેત્રે એમને પ્રતિષ્ઠા મળી.

એ પછી પૂર્વોત્તર (૧૯૮૧), કાંચનજંઘા (૧૯૮૫), રાધા તારા ડુંગરિયા પર (૧૯૮૭), દેવાત્મા હિમાલય (૧૯૯૦), દેવોની ધરતી (૧૯૮૯), શાલભંજિકા (૧૯૯૨), બોલે ઝીણા મોર (૧૯૯૨) પ્રવાસવર્ણન અને લલિત નિબંધ પ્રકાશિત થતા રહ્યા છે. આ નિબંધો એમને કાકા કાલેલકરની હરોળમાં મૂકી આપે છે.

ભોળાભાઈ પટેલ હિંદીના પ્રોફેસર અને તુલનાત્મક સાહિત્યના વિદ્વાન તરીકે ભારતભરમાં પ્રસિદ્ધ થયા હતા. પાંચ-છ ભાષાઓના જાણકાર, ઉત્કૃષ્ટ અનુવાદક અને સંપાદક પણ રહ્યા છે. તેઓ સંસ્કૃત અને બંગાળી ભાષાઓમાં અસ્ખલિત રીતે વ્યાખ્યાન આપી શકે એવા સક્ષમ હતા. ગુજરાતી સાહિત્ય પરિષદના સામાયિક 'પરબ'ના તંત્રી તરીકે એમણે વર્ષો સુધી સાહિત્યિક મૂલ્યોનું જતન કર્યું હતું.

### ૪.૯.૨ સ્વરૂપ-પરિચય

આ એક લલિત નિબંધ છે, અંગ્રેજીમાં જેને Personal essay કહેવામાં આવે છે તેનું ઉત્તમ ઉદાહરણ છે, આ પ્રકારના નિબંધમાં લેખક ભાવક સામે પોતાને પૂરી રીતે વ્યક્ત કરી દે છે. નિબંધમાં પ્રસંગો, ઘટનાઓનાં વર્ણનોમાં નિબંધકારનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે. વિષય કરતાં વિષય અર્થાત લેખકનું મહત્ત્વ વધારે હોય છે. આદિ નિબંધકાર મોન્તોઈને આમાં વ્યક્તિત્વ સંસ્પર્શ આવશ્યક માન્યો છે. ભાવકના માનસ પર નિબંધકાર છવાઈ જાય છે. લલિત નિબંધકાર કોઈ બોધાત્મક ટિપ્પણી નથી કરતો, બલ્કે એણે જે અનુભવ્યું છે, વિચાર્યું છે તેને રસાળ રીતે વ્યક્ત કરે છે. એટલે લાલિત્ય, સ્મરણ અને સૌંદર્ય દૃષ્ટિ આવા નિબંધોમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ગુજરાતી સાહિત્યમાં લલિત નિબંધ કે વ્યક્તિ નિબંધની સમૃદ્ધ પરંપરા છે. કાકા કાલેલકર, ઉમાશંકર જોશી અને સુન્દરમ્ પછી લલિત નિબંધકારોમાં સુરેશ જોષીનું વિશેષ પ્રદાન છે. એ પછીની પેઢીમાં દિગીશ મહેતા, ભોળાભાઈ પટેલ અને ચંદ્રકાન્ત શેઠ વખણાયા. ભોળાભાઈ પટેલ આ ક્ષેત્રમાં નિરંતર સક્રિય રહ્યા અને સીમાચિહ્ન ચિહ્નરૂપ નિબંધો આપ્યા. આ સ્વરૂપને સમૃદ્ધ કરવામાં ગુણવંત શાહ, હરીન્દ્ર દવે અને વિષ્ણુ પંડ્યાનું યોગદાન પણ નોંધપાત્ર છે.

### ૪.૯.૩ વિશેષ વાચન

ગુજરાત સાહિત્યમાં નિબંધ સ્વરૂપનો ઉદ્દ્ભવ અને વિકાસ થયો તે જાણો. નિબંધમાં નિબંધ-અંગત નિબંધ અને સર્જનાત્મક નિબંધ વિશેનો ભેદ સમજો. ઘર વિશે અન્ય સ્વરૂપોમાં જેવા કે –

– 'જૂનું ઘર ખાલી કરતાં' – કવિશ્રી બાલમુકુન્દ દવે

– 'એક એવું ઘર' – કવિશ્રી માધવ રામાનુજ

– 'ઘર : ત્રિકોણ દષ્ટિકોણ' – તેજસ જોશીનો સાહિત્યલેખ વગેરેનો અભ્યાસ કરો.

– 'બા વગરનું ઘર' – ભગીરથ બ્રહ્મભટ્ટ

### ૪: ૧૦ * ટિપ્પણ

કરો – ઘરની બે બાજુની દીવાલો

ગોડી લાવેલા – ખોદીને લાવેલા

મોભારો – બે ઢાળવાળી છત – વચ્ચે ઉપરનો ભાગ

પાડરાં – ભેંસની નાની પાડી/પાડાં

રેલ્લાં – વાછરડાં

ચોંકો – મરણ શય્યા – સાથરો

એકડો ઘૂંટવો – પ્રારંભ કરવો

ગમાણ – ઢોરને ખાવા માટેની લંબચોરસ જગા

નેવાં – બે ઢાળવાળી છતનો આગળનો ભાગ

સણકો – દર્દ ઊપડવું

જીરણ – જીર્ણ / ઘસાઈ ગયેલું

ભીંત – ઘરની કોઈ એક દીવાલ

અડવું લાગવું – કાંઈક ખૂટતું લાગવું

આગંતુક – આવી ચડેલો માણસ

વ્યથા – શારીરિક તેમજ માનસિક દુઃખ

વ્યગ્ર – અસ્થિર મનનું, વ્યાકુળ, દુ:ખી

મુખર – વાચાળ, બોલકું

પરણમરણ – લગ્ન અને મૃત્યુ જેવા પ્રસંગ

વિશ્રંભકથાઓ – રહસ્યકથાઓ

રેતની કલાકની શીશી – ઘરેલુ સમયમાપક સાધન

ડૂમો – હૈયું ભરાઈ આવવું, દુ:ખથી ગળામાંથી અવાજ ન નીકળવો

પછીત – ઘરની પાછળની દીવાલ

ignou
THE PEOPLE'S
UNIVERSITY

# એકમ : ૫ ગુજરાતી નવલકથા પ્રકરણ

**પ્રકરણની રૂપરેખા**

૫.૧ હેતુઓ

૫.૨ પ્રસ્તાવના

૫.૩ કૃતિ (બત્રીસ પૂતળઈની વેદના) (નવલકથા ખંડ / પ્રકરણ-૨)

૫.૪ કૃતિનો સારાંશ

૫.૫ કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

૫.૫.૧ ખંડ-૧ પ્રથમ વિભાગ

તમારી પ્રગતિ ચકાસો – ૧

૫.૫.૧ ખંડ-૨ બીજો વિભાગ

તમારી પ્રગતિ ચકાસો – ૨

૫.૫.૩ ખંડ-૩ ત્રીજો વિભાગ

તમારી પ્રગતિ ચકાસો – ૩

તમારી પ્રગતિ ચકાસો – ૪

ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

તમારી પ્રગતિ ચકાસો – ૫

તમારી પ્રગતિ ચકાસો – ૬

તમારી પ્રગતિ ચકાસો – ૭

તમારી પ્રગતિ ચકાસો – ૮

તમારી પ્રગતિ ચકાસો – ૯

૫.૬ વિશેષ અધ્યયન

૫.૬.૧ કર્તા-પરિચય

૫.૬.૨ સ્વરૂપ-પરિચય

૫.૬.૩ વિશેષ વાચન

૫.૭ ટિપ્પણ

૫.૮ તમારી પ્રગતિ ચકાસો – ૪, ૬, ૭ના ઉત્તરો

## ૫.૧ હેતુઓ

આ નવલકથાખંડના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓ

- 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાખંડનો રસાસ્વાદ માણશે.
- નવલકથાખંડના કથાવસ્તુ, પાત્રાલેખન, વાતાવરણ, જીવનદર્શન, ભાષાશૈલી વગેરે ઘટકતત્ત્વોનો પરિચય મેળવશે.
- ગુજરાતીની એક આધુનિક નવલકથાના એક પ્રકરણનો પરિચય પામશે.
- નવલકથાનાં બે મુખ્ય પાત્ર – અનુરાધા તેમજ શાસ્ત્રીજીના વ્યક્તિત્વનો પરિચય મેળવશે.
- નવલકથા પ્રકરણની ભાષાકીય વિશેષતાઓ જાણશે.
- સર્જક ઇલા આરબ મહેતાનો પરિચય પામશે.

## ૫.૨ પ્રસ્તાવના

પ્રસ્તુત એકમમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યના આધુનિક યુગનાં સર્જક ઇલા આરબ મહેતા રચિત 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાના બીજા પ્રકરણનો અભ્યાસ કરવાનો છે. આ નવલકથાનું મુખ્ય પાત્ર અનુરાધા છે, જે નવલકથાકાર પણ છે. એણે લખેલ નવલકથા 'બંધન તૂટ્યાં'ના અંશથી નવલકથાનો આરંભ થાય છે, એની ખ્યાતિથી – અનુરાધાને 'આર્યનારી હિતવર્ધક મંડળ'ના ચુસ્ત શાસ્ત્રીજીનું તેડું આવે છે. અનુરાધા શાસ્ત્રીજીને મળવા પહોંચે છે તે આ 'આર્યનારી હિતવર્ધક મંડળ'ની શતાબ્દી વર્ષ નિમિત્તે નાટક લખી આપવાનું કહે છે – એ મુખ્ય વાત આ પ્રકરણમાં છે, સમગ્ર નવલકથા કઈ દિશામાં ગતિ કરશે એના માટેની રૂપરેખા આ પ્રકરણમાંથી આપણને મળી રહે છે.

'બત્રીસ પૂતળીની વારતા' નથી, પણ 'બત્રીસ પૂતળીની વેદના' – એવું બદલાયેલું શીર્ષક સૂચક છે. કેમ કે, અહીં નવલકથાનાં પાત્રો તરીકે પૂતળીઓ જેવી સ્ત્રીઓ હોવા છતાં એ પુરુષોના ગુણગાન ગાવા કે સિંહાસન શોભાવવાને બદલે પોતાની વેદનાને વ્યક્ત કરે છે. નવલકથામાં નાટક ભજવતાં ભજવતાં જ્યારે વાસ્તવમાં નાટક રજૂ કરે છે ત્યારે મૂળ સ્ક્રિપ્ટના બદલે પોતાના જીવનનું ઊંડું સત્ય જ પ્રગટ કરી બેસે છે. રામાયણનાં ચાર પાત્રો કૈકેયી, કૌશલ્યા, સીતા અને મંથરાને ભજવતી નારીઓ રેખા, વિનોદિની, છાયા અને વિભાવરી સાથે લેખિકા અનુરાધાનું મિલન થાય છે, ને એના જીવનનાં વાસ્તવિકતાથી પણ પરિચિત થાય છે. નવલકથામાં અંતે નાટક વડે પુરુષસત્તાક પ્રથાને પડકારવામાં આવી છે.

## ૫.૩ કૃતિ : બત્રીસપૂતળીની વેદના (નવલકથા : ખંડ) (પ્રકરણ -૨ )

પગથિયાં ચડી ઉપર આવતાં એણે નામ વાંચ્યું, "આર્યનારી હિતવર્ધક મંડળ."

નામના પાટિયા આગળ એ ઘડીભર ઊભી રહી ગઈ.

'અનુ, તું આટલી જુદી કેમ છો ?' રસેશે એને સવાલ પૂછેલો. ત્યારે રસેશે આંગળી મૂકી બતાવ્યું ન હતું પણ એના પુરુષ મનમાં સ્ત્રીની કલ્પના આ પાટિયા પર લખેલી આર્યનારીની કલ્પના હશે ?

આર્ય નારી... જ્યાં દર પંદર દિવસે દહેજ માટે એક યુવાન નારીને રહેંસી નાખવામાં આવે

છે, જ્યાં દર પંદર મિનિટે એક સ્ત્રી પર બળાત્કાર થાય છે, જ્યાં હજારો – ના, લાખો-કરોડો નારીઓ ઘોર અન્યાય ને અત્યાચારનો સતત ભોગ બનતી રહી છે – તે આર્યનારી સિવાયની જગતની સર્વ સ્ત્રીઓ અનાર્ય છે !!

એને યાદ આવ્યું. બી.એ.માં એણે સાહિત્યના પેપરમાં ગોવર્ધનરામે કુમુદને વિધવા રાખી તે માટે સખત ટીકા કરી હતી. અધ્યાપકે એને મળવા બોલાવી હતી.

'અનુરાધાબહેન, કુમુદ ભગવી ચૂંદડીમાં સાધ્વી તરીકે શોભે છે તેવી તો રંગીન ચૂંદડીમાંય નથી શોભતી હો ! કુમુદ એ તો આર્યનારીનો મુકુટમણિ.' અધ્યાપકે ગરવાઈથી કહ્યું હતું.

'સાહેબ, ભગવી ચૂંદડીમાં શોભનારી કુમુદ માત્ર ચૌદ વર્ષની બાલિકા છે. એને ચાહનાર પુરુષ તો કુંવારો રહી શકતો નથી. તરત એની બહેનને પરણે છે. ભગવી ચૂંદડી માત્ર સ્ત્રીએ જ ઓઢવાની કે ?' એણે દલીલ કરી હતી.

પછી અધ્યાપક જરા ગુસ્સે થયા હતા. આધુનિક ભણતર, પશ્ચિમનો પ્રભાવ વગેરે પર થોડું ભાષણ આપી એમણે અંતે કહ્યું હતું : 'એ અદ્ભુત ત્યાગ, આત્માની મહાનતા તમને ક્યાંથી સમજાય !' આમ કહી બારીબારણાં બંધ કરી, ઓરડાને સજ્જડ તાળું મારી દે તેમ અધ્યાપક સાહેબે બુદ્ધિનાં બધાં જ દ્વારોને તાળું મારી દીધું આ વાક્યથી.

અનુરાધાને બધું યાદ આવ્યું. હાથ લાંબો કરી એણે પાટિયાનો સ્પર્શ કર્યો. લાકડું જૂનું ને ખવાઈ ગયું હતું. નામ પર નવો રંગ હતો. કમાન પર મકાનનું નામ કોતરેલું હતું, 'સદ્ગુણા સદન' મધ્ય મુંબઈમાં આવેલી સોએક વર્ષ જૂની ઇમારત હતી. ખખડધજ છતાં કાળની થપાટો સહન કરતા આ મકાનને ટેકવવા મોટાં મોટાં લાકડાંઓના ટેકાઓ ગોઠવ્યા હતા. ભીંતો પર પડેલાં ગાબડાંમાં ક્યાંક ક્યાંક સિમેન્ટનાં પ્લાસ્ટરો દેખાતાં હતાં. લીલો રંગ ઘસાઈ કાળક્રમે માત્ર ધૂળનો જ રંગ બાકી રહ્યો હતો. પણ પાટિયું ભલે જૂનું, રંગ નવો હતો.

દરવાજાને ધક્કો મારી એ અંદર દાખલ થઈ. ઘૂ ઘૂ કરતાં બે કબૂતરો અંદરથી બહાર ઊડી ગયાં. દાદર આગળની તૂટેલી બારીમાંથી આવતા અજવાળાએ અંધકારને ચીરી નાખ્યો. થોડી વારે એની આંખો અંધકારથી ટેવાઈ, ત્યાં કોઈએ કહ્યું, 'આવો, કોને મળવું છે તમારે ?'

'મારે શાસ્ત્રીજીને મળવું છે. એમણે મને અહીં મળવા બોલાવી છે,' અનુરાધાએ સ્વસ્થ થઈ ઉત્તર આપ્યો.

'હા, હા. તમે જ અનુરાધાબહેન ? આવો, અંદર બેસો ને ? શાસ્ત્રીજી હમણાં આવશે.' કહી એ સ્ત્રી અનુરાધાને અંદર લઈ ગઈ. લગભગ સો-દોઢસો જણા બેસી શકે એવા વિશાળ ખંડમાં શાસ્ત્રીજી પ્રવચન આપતા હતા. તેની બાજુના, ઑફિસ જેવા લાગતા એક નાનકડા ઓરડામાં એ બહેને અનુરાધાને બેસાડી.

બાજુના ખંડમાંથી શાસ્ત્રીજીનો અવાજ સંભળાતો હતો :

'આપણાં પુરાણો જુઓ, શાસ્ત્રો જુઓ, કુંતા માતા અને ગાંધારી ! અનસૂયા ને સાવિત્રી ! એકે પતિને જે સુખ ન મળે તે પોતે ન ભોગવવા આંખે પાટા બાંધ્યા. એક પતિનો પ્રાણ યમ પાસેથી પાછો લાવી. એકે દેવોને બાળક બનાવી ખોળે રમાડ્યા. ધન્ય ભાગ્ય ભારતનું ! ધન્ય ભાગ્ય !'

અનુરાધા સાંભળતી હતી. આજથી સો વર્ષ પૂર્વે જ્યારે આ વ્યાખ્યાનખંડનું ઉદ્‌ઘાટન થયું હશે ત્યારે આવા જ શબ્દો અહીંયાં કોઈએ કહ્યા હશે. આજે એ જ વાસી શબ્દો, એ જ પુરાણી રેકર્ડ... લાગે છે સો વર્ષમાં બધું પલટાઈ ગયું, ભારતીય નારીના ભાગ્ય સિવાય.

અનુરાધાના ખભા પર કોઈનો હાથ પડ્યો. એ ચમકી. પાછળ ફરી જોયું તો એક અત્યંત વૃદ્ધ સ્ત્રી ત્યાં ઊભી હતી. ખરું જોતાં એણે અનુરાધાને ખભે હાથ નહોતો મૂક્યો પણ ખુરશી માટે હવામાં હાથ ફંફોસતાં એ ખભા પર લટકી પડ્યો હતો. સાવ સુકાઈ ગયેલો, કરચલીઓવાળો હાથ. અનુરાધા ઊઠી. વૃદ્ધ સ્ત્રીને એણે બેસવામાં મદદ કરી.

ખુરશી પર બેઠા પછી એણે ઝૂકીને અનુરાધાના ચહેરાને ઝાંકીને જોવા પ્રયત્ન કર્યો.

'કોણ છો બહેન ?'

'હું અહીં શાસ્ત્રીજીને મળવા આવી છું. એમણે મને મળવા બોલાવી છે.'

અનુરાધાના શબ્દો એ વૃદ્ધાના કાન પર એકદમ ઝિલાયા નહિ; પણ એ સ્ત્રી ખુરશી પર માથું ઢાળી બેસી રહી, ઝાઝી પૂછતાછ વગર.

બાજુના ખંડમાંથી પેલી પુષ્પિતા મોહક વાણી સાંભળનારને ડોલાવતી હતી.

વૃદ્ધ સ્ત્રી ધીરેધીરે પોતાની કોઈ આગવી સૃષ્ટિમાંથી જાગી. અનુરાધા તરફ જોતાં એ સ્પષ્ટ અવાજે બોલી, 'સદ્‌ગુણા શેઠનાં બીજી વારનાં વહુ. પહેલીને કંઈ છોકરાં નહિ થયાં એટલે શેઠે બીજું લગ્ન કર્યું. એનેય કંઈ ન થયું... પણ શેઠની બાઈ... સમજો છે ને બાઈ એટલે – એને

દીકરો આવ્યો, તે શેઠાણીએ ખોળે લીધો.'

ફરી એ અવાજ મંદ પડી ગયો. બોલનાર વૃદ્ધ સ્ત્રી ફરી તંદ્રામાં ઊતરી પડી. અનુરાધાને થોડો તાળો મળ્યો. સદ્ગુણા શેઠાણીના અવસાન પછી એની સ્મૃતિમાં શેઠે ભારતીય નારીનાં શીલ, ધર્મ ને સતીત્વના રક્ષણ ને સંવર્ધન માટે આ મકાન મંડળીને દાનમાં આપ્યું હતું.

ઓરડામાં માથે પંખો ફરતો હતો પણ ચારે બાજુથી ઊભરાતી જીર્ણતા, જૂનું ફર્નિચર, ધૂળથી લેપાયેલી બારીઓ ને બારી પર ઘૂઘવતાં કબૂતરો, આખાય વાતાવરણને ઇતિહાસમાંથી ખેંચી આણ્યું હોય તેવું બનાવતાં હતાં. અનુરાધા અસ્વસ્થ બની ગઈ. સામે બેઠેલાં વૃદ્ધ સન્નારી પણ ભૂતકાળની વીતી ગયેલી ક્ષણમાંથી પાછાં અહીં ફેંકાયાં હોય તેવાં લાગતાં હતાં. એને અહીં બેસાડનાર બહેન પણ પાછાં વ્યાખ્યાનમાં ચાલ્યાં ગયાં હતાં. ખાસ પત્ર લખી શાસ્ત્રીજીએ પોતાને અહીં શું કામ બોલાવી હશે તે વિશે એને કોઈ કલ્પના નહોતી આવતી.

થોડી વારે વ્યાખ્યાન પૂરું થયું. બહેનો ખંડમાંથી બહાર નીકળવા લાગી. ઊંચી, નીચી, સુંદર, અસુંદર નારીઆકૃતિઓ હળવે હળવે આર્યનારી હિતવર્ધક મંડળનાં પગથિયાં ઊતરવા લાગી ને અનુરાધાને એક તોફાની વિચાર સૂઝ્યો. આ મકાનની આરસની તખ્તીમાં પેલી શેઠે રાખેલી બાઈ...બાઈનો અર્થ સમજો છો ને? – નું નામ કેમ નથી? મંડળ પર કાગળ લખી એવું કરવાની ખાસ સૂચના આપવી જોઈએ.

સાવધ થઈ એણે ચારે બાજુ જોયું. બીજું કોઈ ન હતું, ત્યાં પેલાં ઊંઘતાં સન્નારી સિવાય એ લેખિકા હતી. બીજા લોકો તો કામધંધો છોડી ઘરે આવે કે ધંધાને ભૂલી જાય પણ લેખકની વર્કશૉપ તો ચોવીસ કલાક એની સાથે હોય. એટલે આવા તોફાની વિચારો ઘણી વાર દોડી આવતા. જેમ પેલા સંપાદકને એણે કહેલું ને કે તમે ઘરે રહો, તેવા ચોંકાવનાર ખ્યાલો. કોઈ વ્યક્તિને એ મળતી કે વાતચીત કરતી ત્યારેય ઘણી વાર એવું બનતું. એ વ્યક્તિના અંગમાંથી વહી આવતાં આંદોલનો કે પછી એની વાણી, હલનચલન દ્વારા એની ભીતરમાં એ ઊતરી શકતી. એ એક વરદાન હતું ને શાપ પણ.

ત્યાં ઓરડામાં શાસ્ત્રીજી દાખલ થયા. રેશમી ધોતિયું, રેશમી પહેરણ, ખભે ખેસ, લાંબા ખભા સુધી ઝૂલતા વાળ. જે ગોરા ચહેરા પર સ્મિત રહેતું, તે એક આત્મસંતુષ્ટ વ્યક્તિનું હતું. આ કમરામાં આ વ્યક્તિ બંધબેસતી પણ હતી ને નહોતી.

એમની પાછળ બીજી પણ થોડી બહેનો દાખલ થઈ. સફેદ સુતરાઉ કે ખાદીની સાડીઓ, હાથમાં એક એક સોનાની બંગડી, રેલવેના ભયસૂચક સિગ્નલ જેવા ચાંદલા વગરના ભાલપ્રદેશો – આ બધાની ભીતરમાં ક્યાંક ધબકતું હૃદય, ક્યાંક દટાઈ ગયેલો જીવનરસ.

અનુરાધાએ ઊભા થઈ નમસ્તે કર્યા. એની સુંદર રંગીન સાડી, કાપેલા વાળ, આછી ગુલાબી રંગની લિપસ્ટિકથી રંગાલે હોઠ, ઊંચી એડીનાં સેન્ડલ એ બધું પેલી બહેનો રસપૂર્વક નિહાળી રહી હતી તેનો અનુરાધાને ખ્યાલ આવ્યો.

પરસ્પર ઓળખાણ થઈ. લેખિકા નામના પ્રાણીને બહેનો કુતૂહલપૂર્વક જોઈ રહી. એકથી ન રહેવાયું. આંખમાં તોફાન ચમકાવી તે બોલી, 'તમે અનુરાધાબહેન, ધાર્યા કરતાં સાવ જુદાં દેખાવ છો હોં !'

અનુરાધાએ એની તરફ જોયું. વૈધવ્યના યુનિફૉર્મ પાછળ એક હસમુખી આનંદી સ્ત્રી દેખાઈ. એ પણ હસીને બોલી, 'તમે શું માનેલું ? જાડા કાચનાં ચશ્માં, પાછળ નાનકડી અંબોડી, ખભે બગલથેલો એવી ?'

એના જવાબે બધાં હસી પડ્યાં. વાતાવરણ હળવું બન્યું ને ઑફિસમાં પડેલી ખુરશીઓ પર બેસી તેઓ વાતચીત કરવા લાગ્યાં.

'તમારી છેલ્લી નવલકથા મેં વાંચી... મને તો જરા... ન ગમી એમ નહિ પણ બહુ આગળ પડતા વિચારવાળી લાગી.' એક બહેને કહ્યું. અનુરાધાને અંદર લાવી બેસાડનાર એ જ ચંદ્રાબહેન હતાં.

'કઈ નવલકથા ? "બંધન તૂટ્યાં" તે ?'

'હા. તેમાં નાયિકાનું જે પાત્ર તમે ચીતર્યું છે તે આપણી ભારતીય નારીભાવના સાથે સુસંગત નથી એમ મને લાગે છે.' ચંદ્રાબહેનેય જરા છટાથી કહ્યું. શાસ્ત્રીજીનાં પ્રવચનો સતત સાંભળવાની ને ઉતારવાની એમને ટેવ હતી.

'વિધવા સ્ત્રી પુનર્લગ્ન કરે તે મારી દૃષ્ટિએ આટલા માટે યોગ્ય નથી કે તેમાં પ્રેમની ઊંચી ભાવનાનો હ્રાસ થાય છે. આપણે ત્યાં શું જેકી કેનેડીઓ સર્જવી છે ?' શાસ્ત્રીજી જરા જુસ્સાથી બોલ્યા.

અનુરાધાએ જોયું કે શાસ્ત્રીજી બોલતાંની સાથે બીજી સ્ત્રીઓ એકદમ ધ્યાનપૂર્વક એમને સાંભળી રહી હતી.

અનુરાધા જરા અટકી. પછી ધીરેથી પણ ભારપૂર્વક કહ્યું :

'જેકી કેનેડી એક સુંદર બુદ્ધિશાળી ને મહત્ત્વાકાંક્ષી સ્ત્રી છે. પોતાનું જીવન કેમ ગાળવું તે એની પોતાની અંગત વાત છે. જાહેર જનતાએ નક્કી કરવાની વાત નથી એમ આપને નથી લાગતું ?

આજુબાજુની સ્ત્રીઓ જરા ચોંકી ઊઠી. પેલી હસમુખી સ્ત્રી જરા હસી હોય તેવું અનુરાધાને લાગ્યું. પણ શાસ્ત્રીજીએ સ્વસ્થ નિશ્ચલ અવાજે કહ્યું, 'સુંદરતા, બુદ્ધિ કે મહત્ત્વાકાંક્ષા એ પશ્ચિમનો આદર્શ છે. ભારતીય નારીનો આદર્શ છે ત્યાગ, તપ ને સમર્પણ.'

શાસ્ત્રીજીના આ છેલ્લા વાક્યે એમની અનુયાયી નારીઓનાં મુખ ખીલી ઊઠ્યાં. માત્ર પેલાં વૃદ્ધ સન્નારી ધીરેધીરે બોલ્યાં, 'બધું બહુ જૂનું થઈ ગયું છે. સાવ જૂનું. હવે નવું કરાવો.'

ચંદ્રાબહેને જરા મોટેથી કહ્યું, 'અમે તો બીજી વાત કરીએ છીએ બડી અમ્મા. તમે શું સમજ્યાં ?'

બડી અમ્માએ આંખ બરાબર ખોલી ને ચંદ્રા પર ઠેરવી. ચહેરા પર એક જાગૃતિની ઝલક આવી ગઈ. 'હું બરાબર સમજી ચંદ્રા. બરાબર સમજી.'

પણ તોય બડી અમ્માની વાત પર કોઈએ લક્ષ ન આપ્યું. ગળું ખંખારી શાસ્ત્રીજી બોલ્યા, 'હું મૂળ વાત કરું અનુરાધા દીકરી, મેં શા માટે તને અહીં બોલાવી છે તેની.'

શાસ્ત્રીજીના તુંકારાએ વાતનો રંગ પલટાઈ ગયો. એમની મોટી ઉંમર, સન્માન, પ્રતિષ્ઠા ને ઊંચા આસનનો એકીસાથે એમણે ખ્યાલ આપી દીધો; છતાં એ અવાજમાં આત્મીયતા હતી જે દ્વારા અનુરાધાને પણ પેલા અનુયાયીઓના વર્તુળમાં ખેંચી લેવાનું સરળ બનતું હતું.

'ખરું પૂછો તો આપણા વિચારોનો ભલે મેળ ન મળે કે મળે, પણ હું તો તારી લખાવટ પર ખુશ છું. બે-ત્રણ જણાએ પણ મને તારી સર્જનશક્તિ વિશે કહ્યું છે. એ માટે જ મેં તને અહીં બોલાવી છે.'

'જી.'

'સદ્‌ગુણા સદનમાં જે અમારું મંડળ છે તેની સ્થાપનાને આવતે મહિને સો વર્ષ પૂરાં થાય છે. તે પ્રસંગે અમારે એક સાંસ્કૃતિક મહોત્સવ કરવો છે. તેમાં એક સરસ સંસ્કારી નાટક અમારે જોઈએ છે. તું એવું એક નાટક લખી આપ.'

એ સાચે જ ચકિત થઈ ગઈ. અનુરાધા ગુપ્તાને નામે એણે લખેલી નવલકથાઓ, નવલિકાઓ જાણીતાં થયાં હતાં પણ આવી જાણીતી સંસ્થા તરફથી એને ખાસ નાટક લખવાનું નિમંત્રણ મળશે તેની એને કલ્પના ન હતી.

'હું ? નાટક ?'

'હા. તારામાં એ શક્તિ છે. નારીમાં રહેલા ઊંચા ગુણોનું દર્શન કરાવતું નાટક. વળી અમે આ સમારોહ, માત્ર મુંબઈમાં જ નહિ, ગુજરાતનાં દરેક મોટાં શહેરોમાં રજૂ કરવા માગીએ છીએ, એટલે અમારો સંદેશો સઘળે ફેલાય તેવું નાટક લખી આપ.'

'શાસ્ત્રીજી, સ્ત્રીઓના ઊંચા ગુણો ને પુરુષોના નહિ ? સ્ત્રી-પુરુષ વચ્ચે આવો તફાવત શા માટે ?'

શાસ્ત્રીજી હસ્યા. ગોરા ચહેરા પરનું કદીય ન વિલાતું તેવું સ્મિત કાયમ જ રહ્યું.

'ઠીક ઘા કર્યો દીકરી અમારા પુરુષો પર ! પણ શું કરીએ ? સ્ત્રી તો સમાજની ધારક છે, પોષક છે, માતા છે.'

શાસ્ત્રીજી શબ્દોને એક પછી એક ગોઠવાતી જતી ઈંટોની માફક ગોઠવતા જતા ને વિચારની ઇમારત તૈયાર કરતા હતા તે અનુરાધાને સમજાયું. તે પોતે પણ શબ્દોના પ્રભાવને ઓળખનારી લેખિકા હતી. શબ્દો સત્યને તારે છે ને શબ્દો સત્યને મારે પણ છે. કોઈ શબ્દો લિસ્સા ઘસાઈ ગયેલા છે ને કોઈ ખરબચડા પણ અડગ પથ્થર જેવા હોય છે તે પણ એ જાણતી હતી. શાસ્ત્રીજીનાં પ્રવચનો લોકપ્રિય શાથી છે તે સમજાયું એને. એમની ઇમારત વિશાળ ખંડોમાં વહેંચાયેલી હતી. માનવઅંતરના ખડકો એમાં ન હતા.

'શો વિચાર કરે છે ? નાટક નહિ લખી આપે ?'

'એ તો નાટકનો જ વિચાર કરતાં હશે, ખરું ને ?' પેલી હસમુખી સ્ત્રી વસુએ કહ્યું.

'લોકો ખુશ થઈ જાય તેવું લખજો હો ! જાણે કોઈ સ્ત્રીનો પતિ શરાબી હોય, એને ખૂબ મારતો હોય, પણ સ્ત્રી પતિની સેવા કરી એને સુધારે તેવું.'

'નહિતર કોઈ સ્ત્રીનો પતિ બીજાં લગ્ન કરે પણ આ તો જીવનભર એને જ પ્રેમ કરે તેવું.'

'આજકાલ તો જરા "મોડર્ન ટચ" જોઈએ. કોઈ કૉલગર્લ પર નાટક લખો ને !' વસુબહેને કહ્યું. ઘણા વિચારો હતા, સ્ત્રીઓએ પોતે જ શોધેલા. સ્વરિબામણીનો પણ એક જાતનો આનંદ

હોય છે.

'ઑડિયન્સને રડવું ગમે છે એમ?' અનુરાધાએ હસતાં-હસતાં પૂછ્યું.

'હાસ્તો, બધાં બબ્બે રૂમાલ લઈને આવશે.'

શાસ્ત્રીજી ડોકું ધુણાવી બોલ્યા, 'ક્યારેક રુદનનો પણ આનંદ છે. નારીના અંતરમાં ગમે તેટલી ભઠ્ઠી ધીખે પણ એની આંખોમાંથી અમૃત જ વરસશે. સમંદરના પેટાળમાં ધીખતા વડવાગ્નિ છતાં વાદળી તો વર્ષાની જ ઊઠે છે તેમ.'

ચંદ્રાબહેને તરત શાસ્ત્રીજીનાં વચનો ટપકાવી લીધાં.

'તો હવે?' ઊઠવાની તૈયારી કરતાં શાસ્ત્રીજીએ પૂછ્યું.

'હું...હું પ્રયત્ન કરી જોઉં.'

'પ્રયત્ન? મારે તો નાટક જ જોઈએ. મેં કહ્યું તેવું. સંસ્કારો અને સમુન્નતિથી મઘમઘતું.'

'ક્યારે છે આ સમારોહ?'

'સપ્ટેમ્બરમાં થશે. હમણાં એપ્રિલ ચાલે છે. તમે લખીને મે મહિનામાં આપી દો. પછી અમે રિહર્સલ વગેરે શરૂ કરીશું. સુવેનર પણ છાપવાનાં છે.' ચંદ્રાબહેને કહ્યું.

'ભલે.' શાસ્ત્રીજીએ જે ભારપૂર્વક એને કહેલું પછી ના પાડવા જેવું રહ્યું ન હતું. ને ઊંડે ઊંડે તો એને આનંદ થયો હતો.

અનુરાધા ગુપ્તાનું નામ માત્ર મુંબઈમાં નહિ, ગુજરાતનાં શહેરોમાં ચર્ચાશે. સર્જક પ્રસિદ્ધિ પાછળ ન દોડે; પણ કેટકેટલી પીડા અને મથામણો પછી જે કૃતિ જન્મે, એનો કોઈ ભાવક મળે ત્યારે ખરે કેટલો આનંદ થાય છે!

લોકો અનુરાધા રસેશ શાહને ઓળખે છે. એને જિવાડવા માગે છે. અનુરાધા ગુપ્તા કદાચ આ નાટક વડે જીવી જાય.

ચા-પાણી આવ્યાં. બધાં ઊઠવા લાગ્યાં. ચંદ્રાબહન અને મધુબહેને બડી અમ્માને ધીરે ધીરે ટેકો આપી ઊભાં કર્યાં.

'બડી અમ્મા સહુથી જૂનાં કાર્યકર છે. અમારા મંડળનો એક સ્થંભ જ કહો. આટલાં વૃદ્ધ થઈ ગયાં છે છતાં નિયમિતપણે અહીં આવે છે.' શાસ્ત્રીજીએ આદરપૂર્વક કહ્યું.

બધાં બહાર નીકળ્યાં. મંડળના મકાનમાં ઉપરનો ખંડ શાસ્ત્રીજી નિવાસ તરીકે વાપરતા હતા એટલે તેઓ ઉપર ગયા. બડી અમ્માને ટેકો આપી મધુબહેને ટૅક્સીમાં બેસાડ્યાં ને પોતે બાજુમાં બેઠાં.

અનુરાધા મકાનનું નિરીક્ષણ કરતી પગથિયાં આગળ ઊભી હતી.

વસુબહેન એની પાસે ઊભાં રહ્યાં.

'અનુરાધાબહેન, તમારી નવલકથાની ચર્ચા થઈ તેથી તમને ખરાબ નથી લાગ્યું ને?'

'ના રે. સારું લોકોને ન ગમે એ પણ એક જાતનો પ્રત્યાઘાત છે. એવું ચર્ચાસ્પદ લખવાનું મને ઊલટું ગમે.'

'બાકી સાચું પૂછો તો તમારી "બંધન તૂટ્યાં" નવલકથા ઘણીખરી બહેનો ઘરે લઈ ગયેલી. મેંય ચોરીછૂપીથી વાંચી નાખી. મને તો બહુ ગમી.'

'આભાર. જોકે એ નવલકથામાં ચોરીછૂપીથી વાંચવાનું શું હતું? એ કંઈ એવી રચના ન હતી.'

'હા, પણ શાસ્ત્રીજીના વિચારોની વિરુદ્ધ તો ખરી ને!'

વાત કરતાં બંને છૂટાં પડ્યાં. ઘડિયાળ તરફ જોતાં અનુરાધાને ફાળ પડી. સાડાપાંચ થઈ ગયા હતા. અત્યાર સુધી વાતોમાં સમય પસાર થઈ ગયો. હજુ તો જૂહુ પહોંચતાં બીજો દોઢ કલાક. ભલું હશે તો અપૂર્વે તોફાન કરી મૂક્યું હશે ને રસેશ ધૂંધવાતો હશે.

કિનારે ઊભેલો જેમ પાણીમાં ફેંકાઈ જાય તેમ એકદમ ફરી વાસ્તવમાં ફેંકાઈ ગઈ. ઘર, બાળક, જવાબદારી, રસોઈ – એક પછી એક ખડકો સાથે મોજાં અફળાતાં હતાં ને એક ઘડી પહેલાં કોઈ સન્માનનીય પ્રતિભા તરીકે લોકો એને જોતાં હતાં તે કેટલું ક્ષણજીવી હતું તેનો એને ખ્યાલ આવ્યો. ટૅક્સી કરી એ ગ્રાંટ રોડ પહોંચી.

## ૫.૪ કૃતિનો સારાંશ

'બત્રીસ પૂતળીની વેદના' ઇલા આરબ મહેતાની એક નવલકથા છે. આ નવલકથા ઈ. સ. ૧૯૮૨માં પ્રકાશિત થઈ છે. ગુજરાતી સાહિત્યના આધુનિકયુગની આ નવલકથામાં સાંપ્રત સ્ત્રીઓની મનઃસ્થિતિને સરસ રીતે અભિવ્યક્ત કરવામાં આવી છે. નવલકથાનું મુખ્ય પાત્ર અનુરાધા જે નવલકથાકાર છે – એની નવલકથા 'બંધન તૂટ્યાં'ના અંશથી નવલકથાનો આરંભ

થાય છે. જોકે, અનુરાધાના પતિ રસેશ શાહને ખબર ન પડી જાય તેથી એ અનુરાધા શાહને બદલે અનુરાધા ગુપ્તાના છદ્મનામે લખે છે. અનુરાધાને કુમુદ અને મંજરી જેવાં પાત્રો આલેખવાં નથી કેમકે, એ પાત્રો પુરુષલેખકોએ કલ્પેલાં છે.

આ પ્રકરણનો આરંભ અનુરાધા – 'આર્યનારી હિતવર્ધક મંડળ' પહોંચે છે ત્યાંથી થાય છે. આ મંડળના પ્રમુખ શાસ્ત્રીજી છે, તેમણે અનુરાધાની ખ્યાતિ સાંભળીને મળવા બોલાવી છે. 'સદ્‌ગુણા સદન' નામનું આ મકાન સોએક વર્ષ જૂનું છે. એ જર્જરિત થઈ ગયું છે – આ મકાન પુરુષોએ કલ્પેલી સ્ત્રીઓની વર્ષો જૂની છબિઓને જાણે કે વ્યક્ત કરે છે. કોઈ સ્ત્રી એને આવકારે છે ને બાજુના ખંડમાંથી શાસ્ત્રીજી નારીશક્તિને – કુંતા – ગાંધારી, અનસૂયા ને સાવિત્રીને બિરદાવી રહ્યા હતા – અનુરાધાને લાગે છે કે સો વર્ષ પહેલાં પણ આવા જ શબ્દો કોઈએ કહ્યા હશે – સો વર્ષમાં બધું બદલાયું, સિવાય કે ભારતીય નારીનું ભાગ્ય.

અનુરાધાને બીજી એક વૃદ્ધ સ્ત્રી પાત્ર મળે જેને આ સંસ્થાના મુખ્ય દાતા શેઠના – એમનાં બીજી વારનાં પત્ની સદ્‌ગુણાની વાતો કરીને આ મકાન મંડળને દાનમાં આપ્યું એ બધી હકીકતો કહી.

થોડી વાર પછી શાસ્ત્રીજીનું વ્યાખ્યાન પૂરું થયું, બહેનો ખંડમાંથી બહાર આવી, ને પછી શાસ્ત્રીજી એ ઓરડામાં દાખલ થયા. પરસ્પર ઓળખ પણ થઈ – જેમાં અનુરાધાના પાત્રને નારીઆદર્શને આગળ કરનારા રૂઢિવાદી શાસ્ત્રીજીનું પાત્ર મુકાયું છે. મુલાકાત દરમિયાન શાસ્ત્રીજી અનુરાધાને આર્યનારી હિતવર્ધક મંડળની સ્થાપનાનાં સો વર્ષ પૂરાં થયે યોજાનાર સંસ્કૃતિ મહોત્સવ અંગે નારીમાં રહેલા ઊંચા ગુણોનું દર્શન કરાવતું સરસ સંસ્કારી નાટક લખવાનું કાર્ય સોંપે છે.

અનુરાધા વિચારે છે કે અનુરાધાનું નામ મુંબઈમાં નહિ, ગુજરાતનાં શહેરોમાં ચર્ચાશે. લોકો અનુરાધા, રસેશ શાહને ઓળખે છે. એને જિવાડવા માગે છે. અનુરાધા ગુપ્તા કદાચ આ નાટક વડે જીવી જાય. આવું વિચારી એ મનોમન નાટક લખવાનું નક્કી કરે છે ત્યાં આવેલી સ્ત્રીઓ સાથે 'બંધન તૂટ્યાં' નવલકથાની ચર્ચા કરે છે, પણ ઘડિયાળ તરફ જોતાં જ સાડાપાંચ વાગી ગયાનું જાણી ફાળ પડે છે – પતિ રસેશ અને પુત્ર અપૂર્વના વિચારોથી એ નવલકથાકાર મટીને વાસ્તવમાં આવી જાય છે. તેને થાય છે કે નવલકથાકાર તરીકેનું માન-સન્માન કેટલું તો ક્ષણજીવી હતું!

## ૫.૫ કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાખંડનો આપણે વિગતે અભ્યાસ કરીએ. અભ્યાસની સરળતા ખાતર આપણે આ પ્રકરણને ત્રણ ભાગમાં વિભાજિત કરીને જોઈએ.

પહેલો ભાગ : અનુરાધા : 'આર્યનારી હિતવર્ધક મંડળ'ના 'સદ્‌ગુણા સદન'માં આવે એ વર્ણવાયું છે. એ વૃદ્ધ સ્ત્રીને મળે છે.

બીજો ભાગ : જેમાં અનુરાધા શાસ્ત્રીજીને મળે છે એમાં અનુરાધા અને શાસ્ત્રીજી, તથા બીજી બહેનો સાથેની મુલાકાતને પરસ્પરના નારી વિશેના વિચારો વ્યક્ત કર્યા છે. શાસ્ત્રીજી અનુરાધાને નાટક લખવાની કામગીરી સોંપે છે.

ત્રીજો ભાગ : અનુરાધા શાહને અનુરાધા ગુપ્તા તરીકે જિવાડવા માટે આ નાટક મહત્ત્વનું લાગતાં એ કામ સ્વીકારે છે, પણ મોડું થતાં ઘર-પરિવાર પતિ-પુત્રની જવાબદારી યાદ આવતાં જ એના પેટમાં ફાળ પડે છે – એ પ્રસંગ વર્ણવાયો છે.

**૫.૫.૧ (ખંડ : ૧)**

અનુરાધા – 'આર્યનારી હિતવર્ધક મંડળી'ની ઇમારત પર આવી. આર્યનારી શબ્દથી એના મનમાં વિચારો આવ્યા : જ્યાં દર પંદર દિવસે દહેજ માટે એક યુવાન નારીને રહેંસી નાખવામાં આવે છે, સ્ત્રી પર બળાત્કાર થાય છે, લાખો-કરોડો નારીઓ ઘોર અન્યાય ને અત્યાચારનો ભોગ બનતી રહે છે તે – આર્યનારી અનુરાધાને યાદ આવ્યું. બી.એ.ના સાહિત્યના પેપરમાં ગોવર્ધનરામે કુમુદને વિધવા રાખી તે માટે સખત ટીકા કરી હતી, ને અધ્યાપકે કુમુદને આર્યનારીનો મુકુટમણિ ગણાવી હતી. અનુરાધાએ દલીલ કરી હતી કે ભગવી ચૂંદડી માત્ર સ્ત્રીએ જ ઓઢવાની કે? આથી અધ્યાપક જરા ગુસ્સે થયા હતા. અનુરાધાએ – 'સદ્‌ગુણા સદન'ની ઇમારત જોઈ, ખખડધજ, સોએક વર્ષ જૂની – એને ટેકાઓ આપી ટકાવી હતી. આ ઇમારત નારી અંગેની સ્થિતિને દર્શાવી આપતો સંકેત બની રહે છે.

કોઈ બહેને એને પૂછ્યું, કોને મળવું છે? શાસ્ત્રીજીને કહેતાં જ તમે અનુરાધાબહેન? એમ કહીને બાજુના નાના ઓરડામાં તેને બેસાડી. બાજુના ખંડમાંથી શાસ્ત્રીજીનો અવાજ સંભળાતો હતો – જેમાં શાસ્ત્રીજી આપણાં પુરાણો, શાસ્ત્રોનો હવાલો આપી કુંતા, ગાંધારી ને અનસૂયા

ને સાવિત્રીને બિરદાવતા હતા. અનુરાધાને થાય છે એ જ વાસી શબ્દો, એ જ પુરાણી રેકોર્ડ બધું પલટાઈ ગયું, ભારતીય નારીના ભાગ્ય સિવાય.

ત્યાં અનુરાધા સામે એક વૃદ્ધ સ્ત્રી આવી તેને 'સદ્‌ગુણા સદન' કેવી રીતે બન્યું એની વાત કરી, ને એ તંદ્રામાં સરી પડ્યાં. વૃદ્ધા અને અનુરાધા એકલાં પડ્યાં. અહીં શા માટે બોલાવી હશે તે વિશે અનુરાધાને કોઈને કલ્પના નહોતી આવતી. જોકે, અનુરાધા લેખિકા હતી તેથી વ્યક્તિને જોઈ એની અંદર ઊતરી શકતી. આ વરદાન હતું ને શાપ પણ.

**તમારી પ્રગતિ ચકાસો – ૧**

૧. અનુરાધા ક્યાં આવી? એ શા માટે ઊભી રહી ગઈ?

૨. અનુરાધાના મનમાં 'આર્યનારી' અંગે કેવા કેવા વિચારો આવ્યા?

૩. અનુરાધાના અધ્યાપક શા માટે ગુસ્સે થયા? તેમણે તેને શું કહ્યું?

૪. 'સદ્‌ગુણા સદન'નું કેવું વર્ણન કરાયું છે?

૫. વૃદ્ધ સ્ત્રીએ સદ્‌ગુણા સદન વિશે શી વાતો કરી?

**૫.૫.૨ (ખંડ : ૨)**

વ્યાખ્યાન પૂરું થયું એટલે શાસ્ત્રીજી ઓરડામાં દાખલ થયા. એક આત્મસંતુષ્ટ વ્યક્તિ – એની પાછળ કેટલીક બહેનો પણ આવી – બિલકુલ સાદી-સીધી જીવનરસ વગરની. એની સામે અનુરાધાએ ઊભા થઈ નમસ્તે કર્યા – અનુરાધાની રંગીન સાડી, કાપેલા વાળ, રંગેલા હોઠ, ઊંચી એડીનાં સેન્ડલ એ બીજી બહેનોના વિરોધ સરસ રીતે મુકાયું છે, પરસ્પર ઓળખાણ થઈ, એક સ્ત્રીએ કહ્યું પણ ખરું તમે ધાર્યા કરતાં સાવ જુદાં દેખાવ છો હોં!

વાતાવરણ હળવું થયું. પરસ્પર વાતચીત ચાલી એમાં અનુરાધાની છેલ્લી નવલકથા પર ચર્ચા ચાલી – એ નવલકથા આગળ પડતા વિચારવાળી લાગી – શાસ્ત્રીજીએ પણ એમાં સૂર પુરાવ્યો જોકે, અનુરાધાએ દૃઢતાથી કહ્યું કે – જેકી કેનેડી એક સુંદર બુદ્ધિશાળી અને મહત્ત્વાકાંક્ષી સ્ત્રી છે – પોતાનું જીવન કેમ ગાળવું તે એની પોતાની અંગત વાત છે. જાહેર જનતાએ નક્કી કરવાની વાત નથી. અનુરાધાની વાતથી સ્ત્રીઓ ચોંકી ઊઠી, પણ શાસ્ત્રીજીએ એનો પ્રતિકાર કર્યો. ભારતીય નારીનો આદર્શ છે ત્યાગ, તપ ને સમર્પણ. વાતને આટોપતાં

શાસ્ત્રીજીએ અનુરાધાને – સદ્‌ગુણા સદનમાં જે મંડળ છે એની શતાબ્દી નિમિત્તે સાંસ્કૃતિક મહોત્સવ કરવાની ને એમાં એક સંસ્કારી નાટક જોઈએ છે, એ નાટક લખી આપવાની વાત કરી. શાસ્ત્રીજીના વિચારો અનુરાધાને માન્ય ન હતા. પણ શાસ્ત્રીજીના આગ્રહથી નાટક લખવાનું સ્વીકારે છે. એટલું જ નહિ ઊંડે ઊંડે એનો આનંદ પણ છે.

**તમારી પ્રગતિ ચકાસો – ૨**

૧. શાસ્ત્રીજીનું વર્ણન નવવલકથાકારે કેવી રીતે કર્યું છે?

૨. 'બંધન તૂટ્યાં' નવલકથા અંગે બહેનોનો અભિપ્રાય શો હતો?

૩. અનુરાધાને શાસ્ત્રીજીએ શા માટે બોલાવી હતી?

૪. સ્ત્રીઓ વિશે શાસ્ત્રીજીનો મત શો હતો?

**૫.૫.૩ (ખંડ : ૩)**

અનુરાધાનું નામ માત્ર મુંબઈમાં નહિ, ગુજરાતનાં શહેરોમાં ચર્ચાશે. એનો સર્જક-સહજ આનંદ થાય છે. અનુરાધા પણ પોતાનામાં રહેલા સર્જકને આ નાટક વડે જિવાડવા માંગે છે. પછી ચા-પાણી કરી બધાં બહાર નીકળ્યાં. ત્યારે વસુબહેને અનુરાધાને પૂછ્યું, 'તમારી નવલકથાની ચર્ચા થઈ તેથી તમને ખરાબ નથી લાગ્યું ને?' જવાબમાં અનુરાધા ના કહે છે ને કહે છે મને ચર્ચાસ્પદ લખવાનું ગમે છે.

આમ, બંને છૂટાં પડે છે. ઘડિયાળ પર નજર કરતાં અનુરાધાને ફાળ પડી. સાડાપાંચ થઈ ગયા હતા. તેને ઘર-પતિ-પુત્ર જવાબદારી બધું યાદ આવી ગયું ને થયું કે, હમણાં થોડી વાર પહેલાં બધાં માનથી જોતાં હતાં તે કેવું ક્ષણજીવી હતું! ને એ ટૅક્સી કરી ગ્રાન્ટ રોડ પહોંચી.

**તમારી પ્રગતિ ચકાસો – ૩**

૧. અનુરાધાને શા માટે આનંદ થાય છે?

૨. વસુબહેને અનુરાધાને શું કહ્યું?

૩. અનુરાધાને ઘડિયાળ જોતાં શા માટે ફાળ પડી?

૪. અનુરાધાને શા માટે લાગ્યું કે માન-સન્માન ક્ષણજીવી હતું?

## તમારી પ્રગતિ ચકાસો – ૪

(ક) વિધાનો ખરાં છે કે ખોટાં એ ખરાં [ √ ] કે ખોટાં [ X ] નિશાની કરી જણાવો.

૧. અનુરાધાએ નામ વાંચ્યું 'અનાર્યનારી હિતવર્ધક મંડળ' [ ]

૨. ગોવર્ધનરામે કુમુદને વિધવા રાખી હતી. [ ]

૩. મંડળની ઇમારતનું નામ સદ્‌ગુણા સદન હતું. [ ]

૪. શાસ્ત્રીજી કથા કરતા હતા. [ ]

૫. 'સદ્‌ગુણા શેઠનાં બીજી વારનાં વહુ હતાં' [ ]

૬. અનુરાધા અભિનેત્રી હતી. [ ]

(ખ) નીચે આપેલાં વાક્યો કોણ બોલે છે, યોગ્ય પાત્રની સામે ખરાની નિશાની કરો.

૧. અનુ, તું આટલી જુદી કેમ છો ?

અનુરાધા, [ ] રસેશ, [ ] શાસ્ત્રીજી [ ]

૨. કુમુદ એ તો આર્યનારીનો મુકુટમણિ.

અનુરાધા, [ ] અધ્યાપક, [ ] રસેશ [ ]

૩. ધન્ય ભાગ્ય ભારતનું.

અધ્યાપક, [ ] શાસ્ત્રીજી, [ ] રસેશ [ ]

૪. કોણ છો બહેન ?

અનુરાધા, [ ] ચંદ્રાબહેન, [ ] વૃદ્ધ સ્ત્રી [ ]

૫. હું અહીં શાસ્ત્રીજીને મળવા આવી છું.

અનુરાધા, [ ] ચંદ્રાબહન, [ ] વસુબહેન [ ]

(ગ) આપેલ ખાલી જગ્યા પૂરો.

૧. અનુરાધાની નવલકથાનું નામ ................ હતું.

૨. શાસ્ત્રીજીએ અનુરાધા પાસેથી ....... લખી આપવાની માંગણી કરી.

૩. આર્યનારી હિતવર્ધક મંડળનો સમારોહ ........ મહિનામાં થવાનો હતો.

૪. અનુરાધા રસેશ શાહ ..........ને નામે લખતા હતા.

૫. અનુરાધાના પુત્રનું નામ ............ હતું.

*** ભાષાસામગ્રીનો અભ્યાસ તમારી પ્રગતિ ચકાસો – ૫**

**નીચેનાં વાક્યો જુઓ.**

૧. ભગવી ચૂંદડી માત્ર સ્ત્રીએ <u>જ</u> ઓઢવાની કે?

૨. મારે તો નાટક <u>જ</u> જોઈએ.

૩. નહિતર કોઈ સ્ત્રીનો પતિ બીજાં લગ્ન કરે પણ આ તો જીવનભર એને <u>જ</u> પ્રેમ કરે તેવું

૪. 'જી'

૫. પણ શું કરીએ?

ઉપરનાં વાક્યોમાં અધોરેખિત કરેલા શબ્દોને કારણે વાક્યના અર્થમાં વધારો થાય છે, ગુજરાતી ભાષામાં આવા પ્રયોગને નિપાત તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતીના નિપાત સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ કે ક્રિયાપદની આગળ કે પાછળ આવે છે અને ભાર કે અર્થની વિશેષતા બતાવે છે.

| | | |
|---|---|---|
| ☐ | નિપાત | કયા અર્થને દર્શાવે છે |
| ☐ | 'જ' | ચોક્કસ, નિશ્ચયનો અર્થ |
| ☐ | 'જી' | આદર કે વિનયનો અર્થ |
| ☐ | 'પણ' | અંતર્ભાવનો – બીજા સાથે |
| ☐ | 'ને' | આનો પણ સમાવેશનો અર્થ |
| | | આગ્રહ કે ખાતરીનો અર્થ |

**તમારી પ્રગતિ ચકાસો – ૬**

નીચેનાં વાક્યોમાંથી નિપાત શોધી એના અર્થ જણાવો.

૧. લોકો અનુરાધા રસેશ શાહને ઓળખે જ છે

નિપાત ........... અર્થ ............

૨. અમારા મંડળનો એક સ્થંભ જ કહો

નિપાત ........... અર્થ ...........

૩. તેથી તમને ખરાબ નથી લાગ્યું ને ?

નિપાત .............. અર્થ ............

૪. કોઈ કૉલગર્લ પર નાટક લખો ને

નિપાત .......... અર્થ ...........

(૨) નીચેનાં વાક્યો તપાસો

૧. કુંતામાતા અને ગાંધારી

૨. એ એક વરદાન હતું ને શાપ પણ.

૩. પછી ધીરેથી પણ ભારપૂર્વક કહ્યું.

ઉપરનાં વાક્યોમાં અને, ને, પણ જેવા પદો વાક્યોને કે પદોને જોડવાનું કામ કરે છે. આવા પદોને 'સંયોજકો' કહેવામાં આવે છે. સંયોજકો વાક્યો, પદસમૂહ અને પદોને એકબીજા સાથે જોડી આપવાનું કાર્ય કરતાં હોઈને એને 'ઉભયાન્વયી અવ્યય' પણ કહેવાય છે. ગુજરાતીમાં 'અને', 'ને', 'પણ', 'કારણ કે', 'જો તો', 'જ્યારે-ત્યારે', 'તો', 'તેમ જ', 'એટલે' જેવાં સંયોજકો મુખ્ય છે.

**તમારી પ્રગતિ ચકાસો – ૭**

સંયોજક ઓળખો –

૧. અનુરાધા અને રસેશ પતિ-પત્ની હતાં – સંયોજક

૨. જ્યારે તમે આવ્યા ત્યારે હું ઘરે નહોતો – સંયોજક

૩. જો તમે આવો તો ફોન કરજો. – સંયોજક

૪. અપૂર્વ અને રસેશ સાથે હતા. – સંયોજક

૫. હું તો તૈયાર જ છું, પણ અપૂર્વ ના કહે છે. – સંયોજક

**તમારી પ્રગતિ ચકાસો – ૮**

તમે નવલકથા પ્રકરણનો વિગતવાર અભ્યાસ કર્યો એના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

૧. આ પ્રકરણમાં આલેખાયેલું અનુરાધાનું પાત્રાલેખન તમારા શબ્દોમાં લખો.

૨. અનુરાધા અને શાસ્ત્રીજીના નારી વિશે કેવા ખ્યાલો હતા – વિગતે લખો.

**તમારી પ્રગતિ ચકાસો – ૯**

૧. 'આર્યનારી હિતવર્ધક મંડળ'નું વાતાવરણ તમારા શબ્દોમાં લખો.

૨. શાસ્ત્રીજીએ અનુરાધાને કેવું નાટક લખી આપવા કહ્યું? શા માટે?

## ૫.૬ વિશેષ અધ્યયન

### ૫.૬.૧ કર્તા-પરિચય

'બત્રીસ પૂતળીની વેદના'નાં લેખિકા ઇલા આરબ મહેતા છે. તેમનો જન્મ ૧૬ જૂન, ૧૯૩૮માં જામનગર ખાતે થયો હતો. તેમના પિતા શ્રી ગુણવંતરાય આચાર્ય ગુજરાતીના જાણીતા લેખક છે. તેમનું શિક્ષણ જામનગર, રાજકોટ અને મુંબઈમાં થયું. ઇલાબહેને ૧૯૫૮માં મુંબઈની રુઈયા કૉલેજમાંથી ગુજરાતી વિષય અને ૧૯૬૦માં એમ.એ. એ જ વિષય સાથે કર્યું. ૧૯૬૦થી ૧૯૬૭ તેઓ રુઈયા કૉલેજ મુંબઈમાં અને પછી સેન્ટ ઝેવિયર્સ કૉલેજ મુંબઈમાં અધ્યાપક રહ્યાં અને વર્ષ ૨૦૦૦માં તેઓ નિવૃત્ત થયાં. ઇલાબહેને નવલકથા, વાર્તાક્ષેત્રે વિશેષ યોગદાન કર્યું છે. ત્રિકોણની ત્રણ રેખાઓ (૧૯૬૬) થીજેલો આકાર (૧૯૭૦), રાધા (૧૯૭૨), એક હતા દીવાન બહાદુર (૧૯૭૬), બત્રીસ લક્ષણો (૧૯૭૬), વારસદાર (૧૯૭૮), આવતીકાલનો સૂરજ (૧૯૭૯), બત્રીસ પૂતળીની વેદના (૧૯૮૨), અને મૃત્યુ (૧૯૮૨), દરિયાનો માણસ (૧૯૮૫), વસંત છલકે (૧૯૮૭), પાંચ પગલાં પૃથ્વી પર (૧૯૯૫), ધ ન્યૂ લાઈફ (૨૦૦૪), ઝીલી મેં કૂંપળ હથેળીમાં (૨૦૦૭), વાડ (૨૦૧૧) વગેરે એમની નવલકથાઓ છે, જ્યારે એક

સિગારેટ એક ધૂપસળી (૧૯૮૧), વિયેના-વુડ્સ (૧૯૮૯), ભાગ્યરેખા (૧૯૯૫), બળવો બળવી બળવું (૧૯૯૮), યોમ કીપુર (૨૦૦૬), ઇલા આરબ મહેતાનો વાર્તાવૈભવ (૨૦૦૯) તેમના ટૂંકી વાર્તાના સંગ્રહો છે. તો, વર્ષા અડાલજાની શ્રેષ્ઠ વાર્તાઓ (૧૯૯૧), વર્ષા અડાલજાની કેટલીક વાર્તાઓનું સંપાદન છે. તેમને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદનાં વિવિધ પારિતોષિક પ્રાપ્ત થયાં છે.

જાણીતાં લેખિકા વર્ષા અડાલજા તેમનાં મોટાં બહેન છે. ઇલાબહેન હાલ મુંબઈમાં રહે છે.

### ૫.૬.૨ સ્વરૂપ-પરિચય

આ પ્રકરણ – નવલકથાખંડ છે, નવલકથાનું સાહિત્યસ્વરૂપ, આપણે ત્યાં પશ્ચિમમાંથી આવેલું છે. પરંતુ ગુજરાતીમાં છેક ઈ. સ. ૧૮૬૬થી નવલકથા સર્જન થાય છે તેથી આજે તો આપણું જ એક સ્વરૂપ બની રહ્યું છે. વિવેચકોએ નવલકથાને જુદીજુદી વ્યાખ્યાઓથી ઓળખાવી છે, કોઈએ 'Pocket Theatre' તો કોઈકે 'Portrait' એમ કહ્યું છે. સર્જકે સર્જકે નવું રૂપ ધારણ કરતી નવલકથાની કોઈ એક વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. તેના ઘટકતત્ત્વો – વસ્તુસંકલના, પાત્રનિરૂપણ, સંવાદ, વાતાવરણ, જીવનદર્શન, ભાષાશૈલી વગેરે છે.

### ૫.૬.૩ વિશેષ વાચન

આ પ્રકરણ જેમાંથી લીધું છે એ 'બત્રીસ પૂતળીની વેદના' વાંચો. તો કુન્દનિકા કાપડિયાની 'સાત પગલાં આકાશમાં' એ નારીની સમસ્યાને કઈ રીતે આલેખે છે એ નવલકથાઓ પણ વાંચો. સાથેસાથે ધીરુબહેન પટેલની 'આંધળી ગલી', 'કાદમ્બરીની મા' નવલકથાઓ વાંચો. ગુજરાતીમાં સ્ત્રી લેખિકાઓ એ નારીના સંવેદનાને કઈ રીતે નવલકથામાં મૂકી આપ્યાં છે એનો અભ્યાસ કરો.

## ૫.૭- ટિપ્પણ

હિતવર્ધક (વિ) = હિત કરનારું, આર્યનારી = ભારતીય નારી, મુકુટમણિ = મુકુટ ઉપર રહેલો મણિ (નંગ), ખખડધજ = જર્જરિત, મોહક = મોહી લેનાર, તાળો મળવો = યોગ્ય થવું, ભાલપ્રદેશ = કપાળ, વૈધવ્ય = વિધવાપણું, પુનર્લગ્ન = ફરીથી લગ્ન કરવાં, હ્રાસ = નાશ, ધારક = ધારણ કરનારી, 'સ્વ રિબામણી' = પોતે જ પોતાને દુઃખી કરવું, વડવાગ્નિ

= સમુદ્રના પેટાળમાં રહેલો અગ્નિ, સમુન્નતિ = સરખી ઉન્નતિ (પ્રગતિ), પ્રત્યાઘાત = પ્રતિક્રિયા, ધૂંધવાવું = ગુસ્સે થવું, ક્ષણજીવી = થોડીક ક્ષણનું

## ૫.૮ તમારી પ્રગતિ ચકાસો – ૪, ૬, ૭ના ઉત્તરો

(ક) ૧ ✗ ૨ ✓ ૩ ✓ ૪ ✗ ૫ ✓ ૬ ✗

(ખ) (૧) રસેશ (૨) અધ્યાપક (૩) શાસ્ત્રીજી (૪) વૃદ્ધ સ્ત્રી (૫) અનુરાધા

(ગ) (૧) બંધન તૂટ્યાં (૨) નાટક (૩) સપ્ટેમ્બર (૪) અનુરાધા ગુપ્તા (૫) અપૂર્વ

**તમારી પ્રગતિ ચકાસો – ૬-૭ના જવાબો**

**તમારી પ્રગતિ ચકાસો – ૬ના જવાબો**

(ઘ) (૧) ને – આગ્રહનો અર્થ

(૨) જ – ચોક્કસ / નિશ્ચયનો અર્થ એવો અર્થ

(૩) ને – ખાતરીનો અર્થ

(૪) પણ – આનો પણ સમાવેશ એવો અર્થ

(૫) ને – આગ્રહનો અર્થ

**તમારી પ્રગતિ ચકાસો – ૭ના જવાબો**

(ચ) (૧) અને (૨) જ્યારે-ત્યારે (૩) જો-તો

(૪) અને (૫) પણ